દૈનિક
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 171 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 July 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૨૧ જુલાઈ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# જેન-ઝીના આક્રોશનો જ્વાળામુખી



**જંતર-મંતર પર કૉક્રોચ જનતા પાર્ટીના સમર્થનમાં હજારો યુવાનો વિરોધ માટે ઊમટી પડ્યાઃ સંસદ ભણી કૂચ કરતા યુવાનો પર લાઠીમાર કરાયો, ટીયર ગૅસ છોડાયોઃ સરકારે સમજદારીથી કામ લીધુંઃ આંદોલનકારીઓને મળવા બોલાવ્યાઃ ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામાં સહિતની માગણીઓ પર વિચાર કરવાની બાંયધરીઃ જંતર-મંતર પરથી સીજેપીના સમર્થકોને હટાવાયા**

નવી દિલ્હીઃ સંસદના ચોમાસા સત્રના પહેલા દિવસે કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના જંતર મંતર ખાતેના નીટના પેપર લીક અને ખાસ કરીને શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી સાથે હજારો દેખાવકારોએ સંસદ તરફ કૂચ કરતા દિલ્હી પોલીસે લાઠીમાર કર્યો હતો અને અશ્રુવાયુના ટેટાં છોડ્યાં હતાં અને લાઠીચાર્જ કર્યો હતો તથા આને લીધે અનેક વિદ્યાર્થીને ઈજા થઈ હતી. ઘણાની અટક કરવામાં આવી હતી. સોમવારે મોડી રાત્રે સીજેપીના કાર્યકરોને જંતર મંતર ખાતેથી હટાવી દેવાયા હતા. દરમિયાન એક્ટિવિસ્ટ સોનમ વાંગચૂકે સોમવારે જાહેરાત કરી હતી કે 'સંસદ ચલો' કૂચમાં પોલીસે યુવાન નેતાઓ પર કરેલી કાર્યવાહીથી પ્રેરાઈને મેં મારું અનશન લંબાવ્યું છે જ્યાં સુધી યુવાન નેતાઓને સસંદસભ્યોને મળવા નહીં દેવામાં આવે અથવા તો મને હૉસ્પિટલમાં સંસદસભ્યો મળવા નહીં આવે ત્યાં સુધી હું મારું અનશન ચાલુ રાખીશ. એક હસ્તલિખિત નોંધમાં તેમણે કહ્યું હતું કે શાંત પ્રદર્શન પર પોલીસે કરેલા અત્યાચાર જોઈને મેં મારા ઉપવાસ ચાલુ રાખવાનું નક્કી કર્યું છે. મને આશા છે કે સરકાર શિક્ષણપ્રધાનની પ્રતિબિદ્ધતા નક્કી કરશે. વાંગચૂક ૧૮ જુલાઈથી સફદરજંગ હૉસ્પિટલમાં છે. પોલીસે તેમને જબરદસ્તીથી હૉસ્પિટલમાં દાખલ કર્યા છે. સત્તાવાળાઓના વહીવટી હુકમના આધારે ઑપરેટરોએ ઈન્ટરનેટ સેવા બંધ કરી હતી. દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશને પાંચ સ્ટેશન બંધ કરી દીધાં હતાં. સેન્ટ્રલ સેક્રેટરિયેટ મેટ્રો સ્ટેશનના બીજા ગેટની બહાર પણ પોલીસે અશ્રુવાયુના ટેટાં છોડ્યાં હતાં. વીસથી વધારે દેખાવકારની અટક કરવામાં આવી હતી. પોલીસે શાંતિની અપીલ કરી હતી. પોલીસે એ વાતને રદિયો આપ્યો હતો કે સીજેપીના સંસ્થાપક અભિજિત દીપકેની ધરપકડ કરવામાં આવી છે. જોકે દીપકેએ અનશન છોડ્યા છે કે ચાલુ રાખ્યા છે એ વિશે વિરાધાભાસી અહેવાલો હતા.પોલીસે એ વાતને



**વિરોધનો દાવાનળઃ** નવી દિલ્હીના જંતર મંતર ખાતે સોમવારે હજારોની સંખ્યામાં સીજેપીના સમર્થકો ભેગા થયા હતા. પછીથી પોલીસે લાઠીમાર કરવો પડ્યો હતો. (એજન્સી)



રદિયો આપ્યો હતો કે સોનમ વાંગચૂકનાં પત્ની ગીતાજંલી અગમોને પોલીસે માર માર્યો હતો તથા બાર વર્ષની છોકરી સહિત ૪૦-૫૦ દેખાવકારો ઘાયલ થયા હતા.

દરમિયાન,સીજેપીના બે પ્રવકતા સૌરવ દાસ અને આશુતોષ રાનકા કેન્દ્રના પ્રધાન જે. પી. નડ્ડાને તેમના નિવાસસ્થાનમાં બે કલાકમાં બે વાર મળ્યા હતા. સીજેપીના નેતાઓએ નડ્ડાને આવેદનપત્ર આપ્યું હતું. નડ્ડાએ પ્રતિનિધિમંડળને ખાતરી આપી હતી કે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનની રાજીનામા સહિતની તેમની માગણી પર સરકાર આંતરિક ચર્ચા કરશે અને તેમને જવાબ આપશે. જ્યારે પોલીસે દેખાવકારો પર ટીયર ગૅસના ટેટા છોડ્યા હતા ત્યારે પહેલી વાર મુલાકાત થઈ હતી. નડ્ડાએ નિવેદનમાં કહ્યું હતું કે દેખાવકારો સાથે સવારના ૧૧.૫૦ કલાકથી વાતચીત ચાલુ છે. બેઠક મિલનસાર માહોલમાં થઈ હતી અને વિદ્યાર્થીના નેતાઓએ સાંજે ચાર વાગ્યે તેમનું લેખિત આવેદનપત્ર આપ્યું હતું. નડ્ડાએ ખાતરી આપી હતી કે શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામા સહિતની તેમની માગણીઓ પર વિચાર કરાશે. સીજેપીની મુખ્ય માગણી સોનમ વાંગચૂકની મુક્તિ, ધર્મેન્દ્ર પ્રધાનની હકાલપટ્ટી અને નીટ પપેર લીકને પગલે આત્મહત્યા કરનાર વિદ્યાર્થીના કુટુંબને એક કરોડ રૂપિય વળતર આપવાની છે.

આ વિરોધ પ્રદર્શનનું આયોજન સનસનાટીભરી કોક્રોચ જનતા પાર્ટીઓએ શૈક્ષણિક સુધારા માટે કરી હતી. આ દેખાવમાં વિદ્યાર્થીના સંગઠન એઆઈએસએ, કેવાયએસ અને એસએફઆઈ અને સંખ્યાબંધ વ્યવસાયીક જોડાયા હતા.

સવારે સવા અગિયાર વાગ્યે દેખાવકારોએ પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનની સામેના બેરિકેડ્સ તોડીવે સસંદમાં કૂચ કરવાનો પ્રયાસ કર્યો હતો. જંતરમંતરના દેખાવની સ્થળથી સસંદ ભવન ફક્ત એક કિલોમીટર દૂર છે. ■

## ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપશે?

### સીજેપીના આંદોલન વચ્ચે શિક્ષણ પ્રધાન અમિત શાહને મળતા જાત-જાતની અટકળો

નવી દિલ્હીઃ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન સોમવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા. આ મુલાકાત એવા સમયે થઇ છે જ્યારે કોકરોચ જનતા પાર્ટી(સીજેપી)ના વિરોધ પ્રદર્શનના ભાગરૂપે હજારો લોકો પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓને લઇને પ્રધાનના રાજીનામાની માગ સાથે સંસદ સુધી માર્ચ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. અટકળોની બજાર કહે છે કે ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપવાની ઑફર સાથે અમિત સાથને મળ્યા હતા પણ આને કોઈ સત્તાવાર સમર્થન નહોતું મળ્યું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર પ્રધાને સંસદ ભવન પરિસરમાં આવેલી શાહની ઓફિસમાં તેમની સાથે મુલાકાત કરી હતી. જો કે બેઠકમાં શું વાતચીત થઇ તેની તાત્કાલિક કોઇ માહિતી મળી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે અભિજીત દીપકે (જુઓ પાનું ૨) ▶▶

## સોનમ વાંગચૂકના મેડિકલ રિપોર્ટ્સ માગ્યા દિલ્હી હાઈ કોર્ટે

નવી દિલ્હી : દિલ્હી હાઈ કોર્ટે સોમવારે સફદરજંગ હોસ્પિટલને સોનમ વાંગચૂકના પેથોલોજીકલ રિપોર્ટ અને હેલ્થ બુલેટિન ફાઇલ કરવા કહ્યું અને કહ્યું કે વાંગચૂકની પત્ની ગીતાંજલિ અંગ્મોની તેમને ખાનગી હૉસ્પિટલમાં ખસેડવાની અરજી પર મંગળવારે નિર્ણય લેવામાં આવશે. કેન્દ્ર સરકારની હોસ્પિટલમાં તેમની ચાલુ સારવારમાં દખલ કરવાનો ઇનકાર કરતા હાઈ કોર્ટના સોમવારના આદેશ સામે અંગ્મોની અપીલની સુનાવણી બેન્ચ કરી રહી હતી. મુખ્ય ન્યાયાધીશ ડી. કે. ઉપાધ્યાય અને ન્યાયાધીશ તેજસ (જુઓ પાનું ૨) ▶▶

## રામોલ ફેક્ટરી બ્લાસ્ટમાં વધુ એકનું મોત આરોપીના ૨૭ જુલાઈ સુધી રિમાન્ડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના રામોલ વિસ્તારમાં ફટાકડાની ફેક્ટરીમાં શનિવારે થયેલા બ્લાસ્ટમાં સોમવારે એક ઈજાગ્રસ્તનું મૃત્યુ થતાં મરણાંક ૧૦ પર પહોંચ્યો હતો. બીજી બાજુ પોલીસે ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસમાં સંડોવાયેલા મુખ્ય આરોપી મેહુલ ડોડિયા, તેની માતા રમીલાબહેન ડોડિયા અને પાર્ટનર સાદિક સૈયદને કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટે કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખી મેહુલ ડોડિયા અને સાદિક સૈયદના ૨૭ જુલાઈ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

પોલીસ દ્વારા ૧૪ દિવસના રિમાન્ડની માગ કરવામાં આવી હતી. કોર્ટે ૨૭ જુલાઈ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. રિમાન્ડ દરમિયાન ફેક્ટરી સાથે જોડાયેલા અન્ય જવાબદારો અને ગેરકાયદે નેટવર્ક સાથે કોણ કોણ કેટલા સમયથી સંકળાયેલું હતું તેની વિગતો પણ સામે આવી શકે છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ફટાકડા ફેક્ટરીની દુર્ઘટના બાદ કુલ ૫ દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં એક મહિલા અને ચાર પુરુષ સામેલ હતા. આ પૈકી એક પુરુષ ૯૫%થી વધુ અને એક મહિલા ૭૫%થી વધુ ગંભીર રીતે દાઝેલા હતા. બંને આઈસીયુમાં સારવાર હેઠળ હતા, જેમાંથી લગભગ ૯૫ ટકા દાઝેલા અજય ડામોર નામના શ્રમિકનું મોત થયું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. શનિવારે રામોલમાં ગેરકાયદે ચાલતી ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયા બાદ નવ જણનાં મોત નિપજ્યાં હતાં. મૃતકોમાં દાહોદ જિલ્લાના સાંજેલી તાલુકાના ગોવિંદાતળાઈ ગામના એક જ પરિવારના પાંચ જણનાં મોત નિપજ્યાં હતાં. તેમની અંતિમયાત્રા એકસાથે નીકળતા આખું ગામ શોકમાં ગરકાવ થઈ ગયું હતું. અહીંના ભરતભાઈ ચારેલ પરિવાર સાથે રોજીરોટી રળવા આવ્યા હતા. બ્લાસ્ટમાં તેમનાં પત્ની, ત્રણ દીકરી અને એક દીકરો તેમ આખો પરિવાર મોતને ભેટ્યો હતો જ્યારે ભરતભાઈ પણ ગંભીર રીતે દાઝી ગયા છે અને સારવાર લઈ રહ્યા છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

## હર્ષ સંઘવીની હાજરીમાં ભરૂચના દહેજ ખાતે ₹૨,૧૫૩ કરોડના ડ્રગ્સનો નાશ કરાયો

### ડ્રગ્સ સંબંધિત કેસોમાં કન્વિક્શન રેશિયો ૬૫ ટકાની આસપાસ છેઃ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની હાજરીમાં દહેજ ખાતે રૂ. ૨૧૫૩ કરોડના ડ્રગ્સનો નાશ વૈજ્ઞાનિક પદ્ધિતિથી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના ૨૪ એકમો દ્વારા કુલ ૮૬૭ ગુનાઓમાં જપ્ત કરવામાં આવેલ રૂ.૨૧૫૩ કરોડની કિંમતનો નાર્કોટિક્સ જથ્થો (૧૩,૨૪૯.૧૨૭ કિલોગ્રામ ડ્રગ્સ અને ૫,૭૧,૦૨૮ બોટલો) નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં ભરૂચ, નર્મદા, સુરત ગ્રામ્ય, સુરત શહેર, નવસારી, તાપી-વ્યારા, દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ, ડાંગ-આહવા, વલસાડ, વડોદરા ગ્રામ્ય, વડોદરા શહેર, આણંદ, ખેડા-નડિયાદ, પશ્ચિમ રેલવે (વડોદરા અને અમદાવાદ), અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ શહેર, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા સહિત સી.આઈ.ડી. ક્રાઇમ અને એ.ટી.એસ.ની ટીમની કામગીરી આવરી લેવાઈ હતી.

ત્યારબાદ જીએસીએલ કંપની (દહેજ) ખાતે એન.ડી.પી.એસ. (એનડીપીએસ) હેન્ડબુકના વિમોચનનો આયોજિત કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત પોલીસની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ દ્વારા તૈયાર કરાયેલી આ હેન્ડબુકનો મુખ્ય હેતુ તપાસ અધિકારીઓને સુદ્રઢ માર્ગદર્શન પૂરું પાડવાનો અને કાયદાનું કડક અમલીકરણ કરવાનો છે.

આ ઉપરાંત, પોલીસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલા 'ડ્રગ મુક્ત ગુજરાત' જાગૃતિ વીડિયો અને વ્યસનમુક્ત થયેલા પીડિતોના પ્રતિભાવો દર્શાવતી લઘુફિલ્મ તથા વિશેષ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા.

પોલીસ વિભાગને અભિનંદન આપતાં હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં સમાજનું સૌથી મોટું દૂષણ ડ્રગ્સ છે. આ દૂષણ સામે ગુજરાત પોલીસ જે પ્રકારે જંગ લડી રહી છે તે ખરેખર વંદનીય છે. દરિયાના તેજ મોજાંઓ વચ્ચે, ભારત-પાકિસ્તાનની સરહદો પર અને અન્ય રાજ્યોમાં ફેલાયેલી ગુનેગારોની 'મોડસ ઓપરેન્ડી' તોડવામાં ગુજરાત પોલીસે અભૂતપૂર્વ સફળતા મેળવી છે. ગુજરાત પોલીસે ડ્રગ્સ માફિયાઓ અને કાર્ટેલ સામે મજબૂત કાર્યવાહી કરીને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સ્મગલિંગ નેટવર્કની કમર તોડી નાખી છે. છેલ્લા દોઢ વર્ષથી આ અભિયાનને એક જંગની જેમ લડીને હજારો કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે ગુજરાતમાં ડ્રગ્સ સંબંધિત કેસોમાં કન્વિક્શન રેશિયો ૬૫% ની આસપાસ છે, જે કાયદાકીય મજબૂતાઈ દર્શાવે છે. આગામી દિવસોમાં ડ્રગ્સના નેટવર્ક સાથે જોડાયેલા લોકો સામે કોઈ પણ કાયદાકીય છટકબારી ન રહે તે રીતે કડકમાં કડક પગલાં લેવામાં આવશે.

પોલીસના માનવીય અભિગમની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે, ડ્રગ્સ વેચનારાઓ પકડાય ત્યારે તેમની પાસેથી મળતી માહિતીના આધારે આ દૂષણમાં ફસાયેલા યુવાનો અને તેમના પરિવારજનોનું કાઉન્સેલિંગ કરી તેમને સાચી દિશા આપવાનું સરાહનીય કાર્ય પણ પોલીસ કરી રહી છે. રાજ્ય સરકારની 'ડ્રગ્સ રિવોર્ડ પોલિસી' હેઠળ, જુદા જુદા ૨૧ મોટા કેસોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૨૭૮ પોલીસ જવાનોને રૂ. ૫૯.૪૨ લાખની ઇનામી રકમ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ■

## ચોમાસું અને સંસદનું ચોમાસું સત્ર, બંને સક્રિય ને ફાયદાકારક સાબિત થાય તો સારુંઃ મોદી

### સ્કાયરૂટના યુવા વિજ્ઞાનીઓ વિશે વાત કરતી વખતે રાહુલ ગાંધીની ખિલ્લી ઊડાડી

નવી દિલ્હીઃ સંસદના ચોમાસુ સત્રની શરૂઆત પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મીડિયાને સંબોધતા કહ્યું હતું કે ચોમાસું હોય કે ચોમાસું સત્ર જો બંને સક્રિય હોય તો તે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. અને જ્યારે બંને ફાયદાકારક હોય છે ત્યારે તે રાષ્ટ્ર અને તમામ જીવોને લાભ આપે છે. તેથી અમે પ્રાર્થના કરીએ છીએ કે ચોમાસું સક્રિય અને ફાયદાકારક રહે અને ચોમાસું સત્ર પણ ફાયદાકારક સાબિત થાય.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે જો ગૃહમાં ચર્ચાઓ તર્ક અને તથ્યો સાથે કરવામાં આવે તો અરાજકતા કે ઉંચા અવાજમાં વાતો રજૂ કરવાની કોઈ જરૂર નહીં રહે. સંસદના ચોમાસુ સત્રમાં વિપક્ષ નીટ પેપર લીક, અયોધ્યામાં રામમંદિરમાં દાનની કથિત ચોરી અને ઇ-૨૦ પેટ્રોલના મુદ્દાઓ ઉઠાવવા માટે તૈયાર છે.

સંસદ સંકુલમાં પત્રકારોને સંબોધતા વડા પ્રધાને કહ્યું કે ચોમાસા ઋતુએ તેની સકારાત્મક અસર (જુઓ પાનું ૨) ▶▶

## નીટ, સીજેપી, રામમંદિર મામલે સંસદમાં હોબાળોઃ પહેલા દિવસે કામકાજ ન થયું

નવી દિલ્હી : વિરોધ પક્ષોએ સંસદના ચોમાસા સત્રના પહેલા દિવસે નીટ પેપર લીક અને રામમંદિર ચંદા-ચોરીની બાબતો પર હોબાળો મચાવતા અનેક વાર સભામોકૂફી થઈ હતી અને કોઈ કામકાજ થયું નહોતું. બીજી બાજુ કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ નીટ પેપર ફૂટવાના મુદ્દે શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણીના સમર્થનમાં દેખાવો કર્યા હતા. દેખાવકારોએ સંસદમાં કૂચ કરવા બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કર્યો હતો.

લોકસભાની કાર્યવાહી વિપક્ષોના વિક્ષેપોને લીધે છ વાર ખોરવાઈ હતી અને પછી બપોરના ત્રણ વાગ્યે લોકસભાની કાર્યવાહી આવતી કાલ પર મુલત્વી રખાઈ હતી. અગાઉ અઢી વાગ્યે અધ્યક્ષસ્થાને બેસલા જગદંબિકા પાલે સભા મોકૂફ રાખી હતી. પાલે સભ્યોને લોકસભામાં પ્રોસિજરના નિયમ અને કામકાજના સંચાલનના ૩૭૭ નિયમ હેઠળની બાબતો હાથ ધરવાની છૂટ આપવાની વિનંતી કરી હતી.

લોકસભા સવારના અગિયાર વાગ્યે મળી કે તરત જ વિરોધ પક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું. આને લીધે સ્પીકર ઓમ બિરલાએ કાર્યવાહી બપોરના બાર વાગ્યા સુધી મોકૂફ રાખી હતી. રાજ્યસભામાં વિરોધ પક્ષના સભ્યોએ મેડિકલ પ્રવેશ પરીક્ષાના પેપર ફૂટવાના ગુનેગારો સામે કામ લેવાની માગણી કરી હતી. નાયબ અધ્યક્ષ હરિવંશના શાંતિની વિનંતી સભ્યોએ ન સાંભળતા રાજ્યસભાને બીજા દિવસ સુધી મોકૂફ રાખ્યું હતું. રાજ્યસભાના વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ ઊભા થઈને નીટ પેપર લીકનો મુદ્દો ઉપાડ્યો હતો.ખડગેએ કહ્યું હતું કે જંતરમંતરમાં હજારો વિદ્યાર્થીઓ વિરોધ પ્રદર્શન માટે પહોંચ્યા છે અને તેમના પર લાઠીચાર્જ કરાયો હતો. (એજન્સી) ■

## ચંદા-ચોરીઃ સુપ્રીમ કોર્ટ 'સિટ' દ્વારા તપાસ કરાવવા માગે છે

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોમવારે ઉત્તર પ્રદેશ સરકારને અયોધ્યાના રામમંદિરમાં ચંદા-ચોરીની તપાસ કરવા સ્પેશ્યલ ઈન્વોસિંટગેશન ટીમ (ખાસ તપાસ ટીમ, 'સિટ') ની રચનાની સંભાવના અંગે તેને સૂચિત કરવાનું કહ્યું હતું. જોક આ સાથે સર્વોચ્ચ અદાલતે ફરિયાદીઓને આ મુદ્દાને રાજકીય રંગ ન આપવાની તાકીદ કરી હતી.

મુખ્ય ન્યાયમૂર્ઓિ સૂર્યકાંત. જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોગન્નાની બનેલી ડિવિઝન બેન્ચે ઉત્તર પ્રદેશ સરકાર તરફથી હાજર રહેનાર સોલિસિટર જનરલ તુષાર મહેતાને ઉત્તર પ્રદેશ સરકારને એ પૂછવાનું કહ્યું હતું કે ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ નોંધાવ્યા પહેલાં જે સિટે તપાસ કરી હતી એ સિટને પોલીસને બદલ તપાસ સોંપી શકાય કે નહીં. મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે સાવચેતી માટે અમે કહી રહ્યા છીએ કે આ બાબતને રાજકીય રંગ ન આપો. અદાલતો રાજકારણ માટેની જગ્યા (જુઓ પાનું ૨) ▶▶

## સૈનિકના મોતનો બદલો લેવા અમેરિકાનો ઈરાન પર મોટો હુમલોઃ ઈરાને કુવૈત અને બાહરીનને ટાર્ગેટ કર્યા

દુબઈઃ અમેરિકાએ સોમવારે વહેલી સવારે ઈરાનમાં હવાઈ હુમલાઓ કર્યા હતા. અમેરિકાએ ઈરાનના જમીન નીચે આવેલા મિસાઈલ બૅઝને નિશાન બનાવીને હુમલાઓ કર્યા હતા. જેના જવાબમાં ઈરાને બાહરીન અને કુવૈતમાં હુમલાઓ કર્યા હતા. નોંધનીય છે કે ઈરાનના હુમલામાં વધુ એક અમેરિકન સૈનિકનું મોત થઈ ગયું હતું. યુદ્ધને સમાપ્ત કરવા માટે ગયા મહિને કરવામાં આવેલી વચગાળાની શસ્ત્રક્રિયા સમજૂતી તૂટી ગઈ હતી. હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર બંધ થઈ ગઈ છે. બંને પક્ષોએ નાગરિક માળખાંને નિશાન બનાવ્યા હતા.

અમેરિકાની સેનાએ કહ્યું હતું કે શનિવારે ઇરાકમાં એક ઈરાની ડ્રોનને તોડી પાડ્યા બાદ તેને ''નિયંત્રિત રીતે નષ્ટ કરવાની પ્રક્રિયા દરમિયાન તે સૈનિકનું મોત થયું હતું. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું કે ''અમે આજે રાત્રે ફરીથી તેના પર ભયાનક હુમલો કર્યો છે અને અમે (જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મેસીની સેનાનું ઘોડું દશેરાએ જ ના દોડ્યું

**વિશ્વમાં** ફૂટબોલની સૌથી મોટી સ્પર્ધા એવી ફિફા ( ફેડરેશન ઈન્ટરનેશનાલે દ ફૂટબોલ એસોસિએશન) વર્લ્ડ કપની ફાઈનલમાં એન્ટિ ક્લાઈમેક્સ આવી ગયો. આખા વર્લ્ડ કપમાં જબરદસ્ત ફોર્મમાં રમી રહેલી લિયોનેલ મેસીની આર્જેન્ટિનિયન સેના વર્લ્ડ કપ જીતવા માટે પ્રબળ દાવેદાર મનાતી હતી પણ મેસી આણિ મંડળીનું ઘોડું દશેરાના દિવસે જ ના દોડ્યું. ન્યૂ યોર્કના ન્યૂ જર્સી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલમાં સ્પેન સામે આર્જેન્ટિનાની ટીમ ફિક્કી પડી ગઈ ને સ્પેન ૧૬ વર્ષ પછી ફરી વર્લ્ડ ચેમ્પિયન બની ગયું.

આ ફાઈનલ પહેલાં આર્જેન્ટિનાનો સુપરસ્ટાર લિયોનેલ મેસી ને સ્પેનના લામિન યમાલમાંથી કોણ વધારે ગોલ ફટકારે છે તેની જોરશોરથી ચર્ચા ચાલતી હતી પણ ના મેસી ગોલ કરી શક્યો કે ના યમાલ ગોલ કરી શક્યો. મેચનો એક માત્ર ગોલ સ્પેનના ફેરન ટોરેસે કર્યો ને આ ગોલે સ્પેનને ૧૬ વર્ષ પછી ફરી વર્લ્ડ ચેમ્પિયન બનાવી દીધું. આર્જેન્ટિના જીત્યું હોત તો ચોથી વાર ચેમ્પિયન બન્યું હોત. ફિફા વર્લ્ડ કપમાં બ્રાઝિલ સૌથી વધુ ૫ વાર જીત્યું છે જ્યારે જર્મની અને ઈટલી ૪-૪ વાર જીત્યાં છે. આર્જેન્ટિના ૩ વાર જીત્યું છે તેથી જર્મની અને ઈટલીની બરાબરી કરવાની તક હતી પણ સ્પેનના ફેરન ટોરેસે આ તક રોળી નાખી. ફિફા વર્લ્ડ કપમાં ઈટાલી અને બ્રાઝિલ બે ટીમો જ એવી છે કે જે સળંગ બે વાર વર્લ્ડ કપ જીતી હોય. ઈટલીએ ૧૯૩૪ અને ૧૯૩૮માં એમ બે વાર સળંગ વર્લ્ડ કપ જીત્યો હતો જ્યારે બ્રાઝિલની ટીમ ૧૯૫૮ અને ૧૯૬૨ એમ બે વાર સળંગ વર્લ્ડકપ જીતી ચૂકી છે. ઈટલીએ ૧૯૩૪માં પોતાની ધરતી પર અને ચાર વર્ષ પછી ફ્રાન્સમાં વર્લ્ડ કપ જીત્યો હતો. બ્રાઝિલે બંને વાર વિદેશની ધરતી પર વર્લ્ડકપ જીત્યો. બ્રાઝિલે ૧૯૫૮માં સ્વીડનમાં પહેલો વર્લ્ડ કપ જીત્યો અને ૧૯૬૨માં ચીલીમાં ફરી ચેમ્પિયન બનીને દબદબો જાળવી રાખ્યો હતો. બ્રાઝિલે ફૂટબોલ ઈતિહાસના સૌથી મહાન ખેલાડી મનાતા પેલેના સમયમાં આ પરાક્રમ કર્યું હતું.

મેસીની ટીમ આખા વર્લ્ડ કપમાં જે રીતે રમતી હતી એ જોતાં ઈટાલી અને બ્રાઝિલની જેમ સળંગ બે વાર વર્લ્ડ કપ જીતીને નવો ઈતિહાસ રચશે અને મેસી પેલેની સમકક્ષ આવી જશે એવું લાગતું હતું પણ મેસી બીજો પેલે ના બની શક્યો. સ્પેનના ફેરન ટોરેસે એ તક પણ છિનવી લીધી. મેસીની ટીમે પેલેની બ્રાઝિલની જેમ ઈતિહાસ રચવાના બદલે ડીયાગો મેરેડોનાની આર્જેન્ટિનાની ટીમના ઈતિહાસનું પુનરાવર્તન કર્યું. મેરેડોનાની ટીમે ૧૯૮૬માં મેક્સિકો સિટીના 'એસ્ટાડિયો એઝટેકા' સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલમાં પશ્ચિમ જર્મનીને ૩-૨થી હરાવીને વર્લ્ડ કપ જીત્યો હતો. ૧૯૯૦માં આર્જેન્ટિના ફરી ફાઈનલમાં પહોંચેલું ને સામે પશ્ચિમ જર્મની જ હતું પણ રોમમાં રમાયેલી ફાઈનલમાં જીતીને જર્મનીએ ૪ વર્ષ પહેલાંની હારનો બદલો લઈ લીધો હતો. મેસીની ટીમે ૨૦૨૨માં કતારમાં રમાયેલી ફાઈનલમાં ફ્રાન્સને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવીને વર્લ્ડ ચેમ્પિયનશિપ મેળવી પણ આ વખતે ફાઈનલમાં હારી ગયું તેથી મેરેડોનાનો ઈતિહાસ દોહરાવાયો.

આર્જેન્ટિનાએ પોતાનો ઈતિહાસ દોહરાવ્યો તો યોગાનુયોગ સ્પેન પણ આ વખતે ૨૦૧૦ની સ્ટાઈલમાં જ જીત્યું છે. દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં સોકર સિટી ખાતે રમાયેલી ૨૦૧૦ના ફિફા વર્લ્ડ કપની ફાઇનલમાં સ્પેને નેધરલેન્ડ્સને ૧-૦થી હરાવ્યું હતું અને આ વખતે આર્જેન્ટિનાને પણ ૧-૦થી હરાવ્યું છે. નેધરલેન્ડ્સ સામેની ફાઈનલમાં પહેલા બે હાફ એટલે કે ૯૦ મિનિટ સુધી એક પણ ગોલ ના થતાં મેચ એક્સ્ટ્રા ટાઈમમાં ગઈ હતી અને ૧૧૬મી મિનિટે, મિડફિલ્ડર આન્દ્રેસ ઇનીએસ્ટાએ ગોલ કરીને સ્પેનને પ્રથમ વખત વર્લ્ડ કપનો ખિતાબ અપાવ્યો હતો. આ વખતે પણ ૯૦ મિનિટમાં કોઈ ગોલ ના થતાં મેચ એક્સ્ટ્રા ટાઈમમાં ગઈ ને ૧૦૬મી મિનિટે નિકો વિલિયમ્સે હેડરથી આપેલા પાસને ફેરાન ટોરેસે ગોલમાં ફેરવીને સ્પેનને બીજી વાર વર્લ્ડ ચેમ્પિયન બનાવી દીધું.

૨૦૧૦ની ફાઈનલમાં રેફરી હોવર્ડ વેબે ૧૪ યલો કાર્ડ બતાવેલાં અને ને ડચ ડિફેન્ડર જોન હેઇટિંગાને મેદાનની બહાર મોકલી દેતાં નેધરલેન્ડ્સની ટીમે ૧૦ ખેલાડીથી જ રમવું પડેલું. આ વખતની ફાઈનલમાં આર્જેન્ટિનાનો મિડફિલ્ડર એન્ઝો ફર્નાન્ડીઝે સ્પેનના ડિફેન્ડર પાઉ કુબાર્સીને પછાડતાં રેફરીએ તેને સીધું રેડ કાર્ડ બતાવીને મેદાનની બહાર મોકલી દેતાં આર્જેન્ટિનાએ પણ આખા એક્સ્ટ્રા ટાઇમમાં ૧૦ ખેલાડીઓ સાથે રમવું પડ્યું.

આર્જેન્ટિનાની હારનું અત્યારે જોરશોરથી પિષ્ટપિંજણ થઈ રહ્યું છે. સૂંઠના ગાંગડે ગાંધી થઈ ગયેલા સોકર વિશ્લેષકોનું કહેવું છે કે, મેસીની ટીમ ખરા તાકડે પાણીમાં બેઠી તેનું ખરું કારણ તેમની સંરક્ષણાત્મક રમત છે. આખી સ્પર્ધામાં એકદમ આક્રમક રમત બતાવનારા આર્જેન્ટિનાાન ખેલાડી ફાઈનલમાં પહેલેથી મેચને શૂટઆઉટમાં લઈ જવા માગતા હોય એ રીતે જ રમ્યા કેમ કે તેમની પાસે શૂટ આઉટના ચેમ્પિયન ખેલાડીઓ છે. સામે સ્પેને પહેલેથી હલ્લાબોલ કરેલું ને સ્પેનના યુવા ખેલાડી લામિન યમાલે આખી મેચમાં આર્જેન્ટિનાના ડિફેન્સ પર સતત દબાણ જાળવી રાખ્યું હતું.

પહેલા બે હાફમાં સ્પેનને કોઈ ગોલ ના કરવા દઈને તેમણે આ વ્યૂહરચનાનો અસરકારક રીતે અમલ પણ કર્યો પણ એક્સ્ટ્રા ટાઈમમાં મિડફિલ્ડર એન્ઝો ફર્નાન્ડીઝને રેડ કાર્ડ બતાવાતાં બહાર જવું પડ્યું તેમાં આર્જેન્ટિનાની પથારી ફરી ગઈ. ફૂટબોલ જેવી હાઈ એનર્જીવાળી ગેમમાં એક ખેલાડી ઓછો હોય ને અનુભવી મિડ ફિલ્ડર ઓછો હોય તો ફરક પડી જ જાય. સ્પેને તેનો લાભ લઈને જોરદાર આક્રમણ કર્યું તેમાં ફેરાન ટોરેસે ગોલ ફટકારી દીધો. આ વિશ્લેષણ સાચું માની શકાય એવું છે પણ આ બધું ડહાપણ મેચ પતી ગયા પછીનું છે. મેચ પહેલાં આ બધા જ મેસીની ટીમને જ હોટ ફેવરીટ ગણાવતા હતા તેના પરથી એટલું જ કહી શકાય કે, એનાલિસીસ બરાબર છે પણ વાસ્તવમાં જો જીતા વો હી સિંકદર છે ને અત્યારે તો સ્પેન સિકંદર બની ગયું છે.

આ વર્લ્ડકપ સાથે હવે લિયોનેલ મેસી કમ સે કમ વર્લ્ડ કપના તખ્તેથી વિદાય લેશે એ નક્કી છે કેમ કે અત્યારે ૩૯ વર્ષનો મેસી ૪ વર્ષ પછી વર્લ્ડકપ રમે એવી શક્યતા નથી. મેસી વર્લ્ડ કપ વિજેતા તરીકે વિદાય લેવાનો હકદાર હતો પણ નસીબે સાથ ના આપ્યો. વ્યક્તિગત રીતે મેસી માટે આ વિદાય એ રીતે પણ નિરાશાજનક છે કે, મેસી ૬ વર્લ્ડ કપ રમવા છતાં સૌથી વધારે ગોલ કરવા બદલ મળતો ગોલ્ડન બૂટ એવોર્ડ ના જીતી શક્યો. મેસી ૨૦૨૨ અને ૨૦૨૬ બંને વર્લ્ડ કપમાં એકદમ નજીક આવીને ચૂકી ગયો.

૨૦૨૬માં ફ્રાન્સના કિલિયન એમ્બપ્પેએ ૮ મેચમાં ૧૦ ગોલ કરીને 'ગોલ્ડન બૂટ' એવોર્ડ જીત્યો. મેસીએ ૮ ગોલ કરેલા તેથી ફાઈનલમાં ૩ ગોલ ફટકારીને આગળ નિકળી જવાની તક હતી પણ મેસી એક ગોલ પણ ના ફટકારી શક્યો. એમ્બપ્પેએ ૨૦૨૨માં પણ 'ગોલ્ડન બૂટ' એવોર્ડ જીત્યો હતો. એમ્બપ્પેએ સતત બે ટૂર્નામેન્ટમાં 'ગોલ્ડન બૂટ' જીતનાર પ્રથમ ખેલાડી બનીને ઈતિહાસ રચ્યો પણ મેસી એક પણ વાર 'ગોલ્ડન બૂટ' નથી જીતી શક્યો.

૨૦૨૨ના વર્લ્ડકપમાં તો મેસી અને કિલિયન એમ્બપ્પેએ ૫-૫ ગોલ સાથે સરખા હતા પણ એમ્બપ્પેએ ફાઈનલ મેચમાં આર્જેન્ટિના સામે હૅટ-ટ્રિક ફટકારીને લિયોનેલ મેસીને પાછળ છોડી દીધો હતો. મેસી આ વખતે હૅટ-ટ્રિક કરીને બદલો લઈ શકે તેમ હતો પણ એમબાપ્પે જેવું પરાક્રમ ના કરી શક્યો. મેસીએ એ રીતે બેવડા અફસોસ સાથે વિદાય લીધી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, મંગળવાર, તા. ૨૧-૭-૨૦૨૬, નક્ષત્ર વાર અનુસાર મંગળ ગ્રહદેવતાનું પૂજન શ્રેષ્ઠ, દુર્ગાષ્ટમી, પરશુરામાષ્ટમી

- ભારતીય દિનાંક ૩૦, માહે આષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ સુદ -૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર ચિત્રા રાત્રે ક. ૨૦-૪૮ સુધી, પછી સ્વાતિ
- ચંદ્ર કન્યામાં સવારે ક. ૦૭-૫૪ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૭, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સાંજે ક. ૧૬-૪૩, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૫૪ (તા. ૨૨)
- ઓટઃ સવારે ક. ૧૦-૪૫, રાત્રે ક. ૨૩-૪૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અષાઢ શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી, ખરસી પૂજા (ત્રિપુરા), પરશુરામાષ્ટમી (ઓરિસ્સા), બુધ પૂર્વમાં દર્શન. સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં, વાહન ઉંદર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શિવ-પાર્વતી પૂજા, મંગળ ગ્રહદેવતાનું પૂજન, ત્વષ્ટા દેવતાનું પૂજન, ૐ તષ્ટેય નમઃના મંત્રજાપ કરવા. પરગામ પ્રયાણ મધ્યમ, હજામત, લાલ વસ્ત્ર, આભૂષણ, મહેંદી લગાવવી, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ આંખોની કાળજી લેવી, ચંદ્ર-રાહુ ત્રિકોણ વ્યવસ્થાશક્તિમાં નિપુણ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# ત્રિપુરાના પોલીસ વડાની આત્મહત્યા

અગરતલાઃ ત્રિપુરાના પોલીસ વડા અનુરાગ ધનકર સોમવારે અહીં પોલીસ મુખ્યાલયમાં તેમની ઓફિસમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા અને વિપક્ષે આ મૃત્યુની અદાલતી તપાસની માગ કરી છે, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

ગોવિંદ વલ્લભ પંત હોસ્પિટલના મેડિસિન વિભાગના વડા ડો. પ્રદીપ ભૌમિકના જણાવ્યા અનુસાર, ડીજીપીને બપોરે ૧૨ વાગ્યાની આસપાસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેમને બપોરે ૧૨.૪૮ વાગ્યે મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

ડોક્ટરે કહ્યું કે પોસ્ટમોર્ટમ પછી મૃત્યુનું કારણ જાણી શકાશે. જોકે આ આત્મહત્યા છે.

૧૯૯૪ બેચના આઈપીએસ અધિકારીના પરિવારમાં તેમની પત્ની અને પુત્રી છે. મુખ્ય સચિવ જે કે સિંહા, આરોગ્ય સચિવ કિરણ ગિટ્ટે અને ઉચ્ચ સરકારી અધિકારીઓ હોસ્પિટલ દોડી ગયા છે. પોલીસ વડાએ પોતાનું જીવન સમાપ્ત કર્યું હોવાના અનેક અહેવાલો સાથે, વિપક્ષી નેતા જીતેન્દ્ર ચૌધરીએ કહ્યું કે, "જો કોઈ વરિષ્ઠ આઈપીએસ અધિકારી આત્મહત્યા કરે છે, તો તે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દર્શાવે છે. અમે મૃત્યુનું વાસ્તવિક કારણ અને તેની પાછળનું કારણ જાણવા માટે ન્યાયિક તપાસની માંગ કરીએ છીએ." ■

# ભારતને મળી ડૅન્ગ્યૂની પહેલી રસી

નવી દિલ્હીઃ ડેન્ગ્યુ વિરોધી રસી 'ક્યુડેંગા' ને બજારમાં લોન્ચ કરવા માટે ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) તરફથી મંજૂરી મળી ગઈ છે. ક્યુડેંગા રસી બનાવતી કંપની ટાકેડા બાયોફાર્મા ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડે સોમવારે આ માહિતી આપી હતી. ભારતમાં મંજૂર કરાયેલી આ પહેલી ડેન્ગ્યુ રસી છે. તેનો ઉપયોગ ચારથી ૬૦ વર્ષની વયના લોકોમાં ડેન્ગ્યુ અટકાવવા માટે થાય છે.

જાપાનની અગ્રણી બાયોફાર્માસ્યુટિકલ કંપની ટાકેડાના ભારતીય એકમે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ રસીને વ્યક્તિને ડેન્ગ્યુની બીમારી થઈ હોય કે નહીં એમ બંને પરિસ્થિતિઓમાં આપી શકાય છે. આ રસી માટે કોઈ પૂર્વ ટેસ્ટની જરૂર હોતી નથી. આ રસી ૪ થી ૬૦ વર્ષની વયના લોકો માટે માન્ય છે. તેને ત્રણ મહિનાના અંતરે બે ડોઝની જરૂર પડે છે. આ રસી સ્કીનની નીચે લગાવવામાં આવે છે.

ટાકેડા બાયોફાર્માસ્યુટિકલ્સ ઈન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ ૪-૬૦ વર્ષની વયના વ્યક્તિઓમાં ડેન્ગ્યુની બીમારીથી બચવા માટે ટાકેડાની ડેન્ગ્યુ રસી 'ક્યુડેંગા' માટે માર્કેટ ઓથરાઈઝેશન (સીટી-૨૦, નવી દવાઓ અને ક્લિનિકલ ટ્રાયલ (એનડીસીટી) નિયમ ૨૦૧૯ આપવામાં આવ્યું છે. 'ક્યુડેંગા' ભારતમાં મંજૂરી આપવામાં આવેલી ડેન્ગ્યુની પ્રથમ રસી છે અને અગાઉના ડેન્ગ્યુના સંપર્કને ધ્યાનમાં લીધા વિના રસીકરણ પહેલાં પરીક્ષણની જરૂર વગર વ્યક્તિઓને આપી શકાય છે.

ભારતમાં ડેન્ગ્યુ એક મોટો જાહેર આરોગ્ય પડકાર ઊભો કરે છે, દર વર્ષે હજારો કેસ નોંધાય છે. નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ ડેટા અનુસાર, આ વર્ષે ફેબ્રુઆરી સુધી ૬,૯૨૭ કેસ અને ૧૦ મૃત્યુ નોંધાયા હતા. આ રોગ દેશના મોટાભાગના ભાગોમાં ફેલાયેલો છે અને દુનિયાભરમાં ડેન્ગ્યુના કુલ મામલામાં લગભગ એક તૃતીયાંશ હિસ્સો ધરાવે છે. કંપની અનુસાર, આ રસી ચારેય ડેન્ગ્યુ વાયરસ સીરોટાઇપ્સ સામે અસરકારક છે.

ટાકેડા ખાતે ઇન્ટરકોન્ટિનેન્ટલ માર્કેટ્સના વડા મહેન્દ્ર નાયકે જણાવ્યું હતું કે 'ક્યુડેંગા' ને ૪૩ દેશોમાં મંજૂરી આપવામાં આવી છે, જેમાં વૈશ્વિક સ્તરે ૩.૨ કરોડથી વધુ ડોઝનું વિતરણ કરવામાં આવ્યું છે. આ રસીનું અત્યાર સુધીમાં ૨૮,૦૦૦થી વધુ લોકો પર ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ક્લિનિકલ ટ્રાયલમાં બીજો ડોઝ લીધાના ૧૨ મહિના બાદ આ ડેન્ગ્યુના બચાવમાં ૮૦.૨ ટકા અસરદાર જણાઈ છે. ■

# મોદી યુવા-વિરોધી પીએમઃ રાહુલ ગાંધી

નવી દિલ્હી : કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી) ના સમર્થકો પર સંસદ તરફ કૂચ દરમિયાન થયેલા લાઠીચાર્જ મામલે વિપક્ષે સરકાર પર સવાલ ઉઠાવ્યા હતા. કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા સાઇટ 'એક્સ' પર લખ્યું હતું કે, વડા પ્રધાન મોદી ભારતના ઇતિહાસના સૌથી યુવા વિરોધી વડા પ્રધાન છે, તેઓ એટલા યુવા વિરોધી છે કે તેઓ નિષ્ફળ શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું પણ લઈ શકતા નથી. રાહુલ ગાંધીએ સરકાર પર આરોપ લગાવ્યો હતો કે તે યુવાનોની આશાઓ પર ખરી ઉતરી નથી પરંતુ તેમના પર હુમલાઓ પણ કરી રહી છે. રાહુલ ગાંધીએ આ ટિપ્પણી એવા સમયે કરી છે જ્યારે ચોમાસું સત્રના પ્રથમ દિવસે સંસદ તરફ કૂચ કરતા હજારો કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના હજારો સમર્થકોએ બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો હતો અને સુરક્ષા દળોએ સંસદ માર્ગ નજીક પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો હતો. વિદ્યાર્થીઓ સહિત સીજેપી સમર્થકો સંસદ તરફ કૂચ કરી રહ્યા હતા ત્યારે પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો અને ટીયરગેસના સેલ છોડ્યા હતા.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે "૧૫૨ પેપર લીક થયા છે. ૭.૫ કરોડ વિદ્યાર્થીઓ પ્રભાવિત થયા છે અને એક પણ દોષિત વ્યક્તિને સજા મળી નથી. સજા કોને મળી? મહેનતુ યુવાનોને," વધુમાં તેમણે કહ્યું હતું કે જ્યારે બાળકો શિક્ષણ વિશે વાજબી પ્રશ્નો ઉઠાવે છે ત્યારે તેમને દંડા મારવામાં આવે છે અને જવાબમાં અટકાયત કરવામાં આવે છે. પેપર લીક કરનારા ગુનેગારો ખુલ્લેઆમ ફરે છે અને વાજબી મુદ્દાઓ ઉઠાવનારા વિદ્યાર્થીઓને ઘસડીને મારવામાં આવે છે. આ સરકાર યુવાનોને નિરાશ કરી રહી છે, તેના પર હુમલાઓ કરી રહી છે. ■

# એન્ડી બર્નહૅમ બ્રિટનના નવા વડા પ્રધાન બન્યા, કહ્યું 'સમસ્યાના ઉકેલ પર આપીશું ધ્યાન'

લંડનઃ લેબર પાર્ટીના નવા ચૂંટાયેલા નેતા એન્ડી બર્નહૅમે સોમવારે બ્રિટનના નવા વડા પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે પોતાના પ્રથમ ભાષણમાં બર્નહૅમે કહ્યું હતું કે તેઓ સમસ્યાના ઉકેલ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે અને એ સુનિશ્ચિત કરશે કે તેમની પસંદગી દેશ માટે મહત્વપૂર્ણ ક્ષણ બનશે.

લેબર પાર્ટીના ૫૬ વર્ષીય નેતાએ વડા પ્રધાનપદની પરંપરાને તોડીને તેમના નવા મુખ્યાલયથી દેશને સંબોધિત કરવાનો નિર્ણય લીધો હતો જ્યારે અગાઉના વડા પ્રધાનોએ પરંપરાગત પોડિયમનો ઉપયોગ કર્યો હતો.

વડા પ્રધાન તરીકે પોતાના પ્રથમ સંબોધનમાં બર્નહૅમે કહ્યું હતું કે અમે આ ક્ષણને બ્રિટન માટે 'સર્કિટ-બ્રેકર' બનાવીશું અને છેલ્લા ૪૦ વર્ષમાં સૌથી મોટા ફેરફારો લાવીશું. એક નવું રાજકીય મોડલ અને એક નવું આર્થિક મોડલ બનાવીશું.

પોતાની પત્ની મૈરી-ફ્રાન્સ વૈન હીલ સાથે અને પાર્ટીના અનેક સહયોગીઓ વચ્ચે બર્નહમે સાથે મળીને કામ કરવાનું વચન આપ્યું અને પોતાની પ્રાથમિકતાઓમાં વધુ ઘરો બનાવીને 'રસ્તા પર સૂવાની સમસ્યાઓને સમાપ્ત કરવી' તેમની પ્રાથમિકતાઓમાં સામેલ છે. અમે લોકોને સારી રીતે જીવવામાં મદદ કરીશું. લોકોની સફળતામાં રોકાણ કરીશું.

કિંગ ચાર્લ્સ તૃતીયથી મુલાકાત બાદ બર્નહૅમે બ્રિટનના નવા વડા પ્રધાન તરીકે ઔપચારિક ચાર્જ સંભાળ્યો હતો. કિંગે ગ્રેટર માન્ચેસ્ટરના પૂર્વ મેયરને નવી સરકાર બનાવવા માટે આમંત્રિત કર્યા હતા કારણ કે કીર સ્ટાર્મરે વડા પ્રધાન પદેથી રાજીનામું આપ્યું હતું. ■

# પશ્ચિમ બંગાળમાં સરકારી કામકાજ બંગાળીમાં જ થશે

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ સરકાર પહેલી સપ્ટેમ્બરથી તમામ સરકારી કામકાજ બંગાળીમાં કરશે. આ વાત મુખ્ય પ્રધાન શુભેન્દુ અધિકારીએ વિધાનસભા કહી હતી. તેમજ ભારતીય ભાષાઓના વ્યાપક ઉપયોગ અને વિકાસ માટે પગલાં સૂચવતો અમિત શાહનો પત્ર વાંચીને સંભળાવ્યો હતો.

અધિકારીએ જણાવ્યું કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પત્રમાં રાજ્ય વહીવટના દરેક સ્તરે બંગાળી ભાષાનો ઉપયોગ કરવા માટે પગલાં લેવા વિનંતી કરી હતી. મુખ્ય પ્રધાને કહ્યું કે પહેલી સપ્ટેમ્બરથી રાજ્ય સરકારના તમામ સ્તરે બંગાળી ભાષાનો ઉપયોગ ફરજિયાત બનશે.

તેમણે કહ્યું કે અમે કેન્દ્ર અને અન્ય રાજ્યો સાથેની વાતચીતમાં બંગાળીનો ઉપયોગ કરીશું. તેમજ કેન્દ્ર સરકાર સાથે વાતચીત બંગાળી અને હિન્દીમાં થશે. હાલમાં કેન્દ્ર સાથે સરકારી વાતચીત સામાન્ય રીતે અંગ્રેજીમાં થાય છે.

મુખ્ય પ્રધાને એવી પણ જાહેરાત કરી કે તેમની સરકાર બંગાળીના વ્યાપક ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે પહેલ કરશે. તમામ પ્રકારની સરકારી વાતચીતમાં આ ભાષાને પ્રથામિકતા આપવી જોઇએ. તેમણે કહ્યું કે સરકારી નોટિફિકેશન, નિર્દેશ અને ઓફિસ ઓર્ડર બંગાળીમાં જારી કરવા ખાસ ભાર મૂકવામાં આવશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### સોનમ વાંગચૂકના

કારિયાની બેન્ચે કહ્યું કે, રિપોર્ટમાં આજના નમૂના વિશ્લેષણનો સમાવેશ થવો જોઈએ.

વાંગચૂકને ખાનગી સુવિધામાં ખસેડવાની અંગ્મોની અરજીને મંજૂરી આપવી કે નહીં તે અંગે મંગળવારે નિર્ણય લેવામાં આવશે.

અંગ્મોએ સિંગલ જજના રવિવારના આદેશને પડકાર્યો છે જેમાં સફદરજંગ હોસ્પિટલમાં વાંગચૂકની ચાલુ સારવારમાં દખલ કરવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો.

બેન્ચે એઇમ્સના ઇન્ચાર્જ ડિરેક્ટર તેમજ વાંગચૂકની સારવાર કરી રહેલા એઇમ્સના ઈમર્જન્સી ડોક્ટરને અને અગાઉ તેમની સારવાર કરી રહેલા ડોક્ટરને સુનાવણીમાં હાજર રહેવા કહ્યું.

તેણે એંગ્મોને વાંગચૂકના રક્ત વિશ્લેષણના રિપોર્ટ ફાઇલ કરવા પણ કહ્યું, જે ખાનગી લેબમાં તેમના કહેવાથી કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે.

એંગ્મોના વરિષ્ઠ વકીલ દ્વારા ઉલ્લેખ કર્યા પછી, બેન્ચે અગાઉ તાત્કાલિક ધોરણે આ મામલાની સુનાવણી કરવા સંમતિ આપી હતી.

પોતાની અપીલમાં, એંગ્મોએ દલીલ કરી હતી કે સિંગલ જજનો રવિવારનો આદેશ ગેરકાયદેસર રીતે વાંગચુકને કોઈપણ ધરપકડ વિના સફદરજંગ હોસ્પિટલમાં કેદ કરે છે અને અસરકારક રીતે નિર્દેશ આપે છે કે વાંગચુક કે તેમની પત્ની બંનેને તેમની તબીબી સારવાર નક્કી કરવાનો નિર્ણાયક અધિકાર નથી.

અપીલમાં કહેવામાં આવ્યું છે કે આ આદેશ જાણીતી સંમતિ અથવા કોઈપણ તબીબી સારવાર સ્વીકારવા અથવા નકારવાના અધિકારને સંબોધતો નથી. ■

### ધર્મેન્દ્ર પ્રધાન

દ્વારા સ્થાપિત સીજેપી ૨૦ જૂનથી જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન કરી રહી છે. તેઓ નીટ પરીક્ષામાં કથિત અનિયમિતતાઓને લઇને પ્રધાનના રાજીનામા, પરીક્ષા પ્રણાલીમાં સુધારા અને પ્રભાવિત વિદ્યાર્થીઓ માટે ન્યાયની માગ કરી રહ્યા છે.

આ સંગઠને સંસદના ચોમાસુ સત્રના પહેલા દિવસે એટલે કે સોમવારે 'ચલો સંસદ' માર્ચનું આહ્વાન કર્યું હતું. સોમવારે સવારે હજારો લોકો જંતર-મંતર ખાતે એકઠા થયા હતા. તેમજ બેરિકેડ્સ પાર કરીને તથા પોલીસના લાઠીચાર્જ અને ટીયર ગેસનો સામનો કરતાં સંસદ તરફ માર્ચ કરવાના પ્રયાસ કર્યા હતા.

આ વિરોધ માર્ચને પગલે નવી દિલ્હી જિલ્લામાં કડક સુરક્ષા જાપ્તો ગોઠવવામાં આવ્યો છે. કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે અર્ધલશ્કરી દળોની વધારાની કંપનીઓ અને પડોશી જિલ્લાઓના પોલીસ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે. સીજેપીએ દિવસની શરૂઆતમાં કહ્યું હતું કે સરકારે વાતચીત માટે તેમનો સંપર્ક કર્યો છે અને સંગઠનના બે પ્રવક્તા કેન્દ્રીય પ્રધાન જે. પી. નડ્ડાને મળશે. ■

### ચોમાસું અને સંસદનું

બતાવવાનું શરૂ કરી દીધું છે અને સંસદનું ચોમાસુ સત્ર પણ શરૂ થઈ રહ્યું છે. જ્યારે બંને પ્રોડક્ટિવ હોય છે ત્યારે તેઓ રાષ્ટ્ર અને તમામ જીવોના કલ્યાણમાં ફાળો આપે છે. આ આશા સાથે અમે પ્રાર્થના કરીએ છીએ કે ચોમાસુ સક્રિય રહે અને ચોમાસુ સત્ર સમાન રીતે પ્રોડક્ટિવ રહે.

તેમણે કહ્યું કે સત્ર શરૂ થતાં જ દેશે ગતિ પકડી છે અને સંસદની ભાવના આ ગતિમાં નવી ઊર્જાનો સંચાર કરી શકે છે અને રાષ્ટ્રીય લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે સકારાત્મક ભાવના જરૂરી છે. મોદીએ ભાર મૂક્યો કે ગૃહમાં અર્થપૂર્ણ ચર્ચાઓ થવી જોઈએ અને દેશને આગળ વધારવા માટે સામૂહિક સંકલ્પો લેવા જોઈએ.

તેમણે કહ્યું હતું કે આપણા ગૃહમાં ઘણા અનુભવી સંસદસભ્યો છે, ભલે તે કોઈ પણ પક્ષના હોય, જેમના જ્ઞાન અને અનુભવની સંસદ અને રાષ્ટ્રને જરૂર છે. તેથી સંસદ કાર્યરત રહેવી જોઈએ, અર્થપૂર્ણ ચર્ચાઓ થવી જોઈએ અને દેશને આગળ વધારવા માટે સામૂહિક સંકલ્પો લેવા જોઈએ. આ સમયની માગ છે અને યુવાનોની આકાંક્ષા છે. માગ એ છે કે દેશભક્તિ અને રાષ્ટ્રીય ભક્તિથી ભરેલા અવાજો સંસદમાં યોગ્ય પ્લેટફોર્મ મેળવે, જેથી યુવાનોનો અવાજ ઉઠાવી શકાય અને રાષ્ટ્રને માર્ગદર્શન આપી શકાય.

હું માનું છું કે જ્યાં તથ્યો હોય ત્યાં અરાજકતાની જરૂર નથી. જો તમારા તર્ક અને તથ્યો મજબૂત હોય તો તમારે ઉંચા અવાજે બોલવાની જરૂર નથી. મજબૂત દલીલો અને મજબૂત તથ્યો અવાજોને શાંતિથી છતાં શક્તિશાળી રીતે ઉઠાવવાની મંજૂરી આપે છે. દરેક અવાજને સાંભળવાની તક મળવી જોઈએ. તે સંસદની ભૂમિકા છે. હું બધા સંસદસભ્યોને સંસદની કાર્યવાહીમાં પૂરા દિલથી ભાગ લેવા વિનંતી કરું છું.

મોદીએ ભારતના પ્રથમ ખાનગી રીતે વિકસિત ઓર્બિટલ રોકેટ પાછળ યુવા ઈનોવેટર્સની પ્રશંસા કરતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર પણ કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તેઓ "૫૬ વર્ષના યુવાન" વિશે વાત કરી રહ્યા નથી. તેમણે કહ્યું કે ગયા વર્ષે ચોમાસા સત્ર પહેલા ગૌરવની ક્ષણો આવી છે જ્યારે એક ભારતીય નાગરિક આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પહોંચ્યો હતો અને ગઈકાલે જ એક યુવાન ભારતીય સ્ટાર્ટ-અપે એક અસાધારણ સિદ્ધિ હાંસલ કરી હતી.

મોદીએ કહ્યું કે વિશ્વમાં ફક્ત થોડા જ દેશો છે જ્યાં ખાનગી સાહસોએ આવી ક્ષમતા દર્શાવી છે અને ભારતીય યુવા સંશોધકોએ અવકાશમાં દેશની આકાંક્ષાઓને નવી ઊંચાઈઓ પર લઈ ગયા છે અને આ ખરેખર નોંધપાત્ર સિદ્ધિ છે. મને કહેવામાં આવ્યું છે કે સ્કાયરૂટ સ્ટાર્ટ-અપમાં કામ કરતી ટીમની સરેરાશ ઉંમર માત્ર ૨૮ વર્ષ છે. આ યુવા દિમાગથી જ આ શક્ય બન્યું છે. હું ૫૬ વર્ષના યુવાન વિશે વાત નથી કરી રહ્યો. નોંધનીય છે કે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી આ વર્ષે ૧૯ જૂને ૫૬ વર્ષના થયા હતા. ■

### સૈનિકના મોતનો

આવું માર્યા ગયેલા સૈનિકોના સન્માનમાં કર્યું છે.

અમેરિકન સેનાના સેન્ટ્રલ કમાન્ડે સોમવારે નવા હુમલાઓની જાહેરાત કરી હતી. સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે તેણે "ઈરાની લશ્કરી કમાન્ડ સેન્ટરો, એર ડિફેન્સ સિસ્ટમ અને દરિયાકાંઠાની સર્વિલન્સ સાઈટ્સ, મિસાઈલ અને ડ્રોન લોન્ચ સાઈટો અને કોમ્યુનિકેશન નેટવર્કને નિશાન બનાવ્યા છે.

ઈરાનની સરકારી ન્યૂઝ એજન્સી ઈર્નાએ રિપોર્ટમાં કહ્યું હતું કે રાજધાની તેહરાનથી લગભગ ૫૨૦ કિલોમીટર (૩૨૫ માઇલ) દૂર ઉત્તરપશ્ચિમ શહેર તબરેઝની આસપાસ અમેરિકન હુમલાઓમાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મોત થયું છે. ખુઝેસ્તાન પ્રાંતમાં બંદર ઇમામ ખોમેની, હોર્મોઝગન પ્રાંતમાં સિરિક અને જસ્ક અને સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતમાં કોનારક અને ચાહબહાર પર પણ અસર થઈ છે.

### ચંદા-ચોરી

નથી. આ ગુનાનો સાદો કેસ છે. અમે આમાં યોગ્ય તપાસ થાય એની તકેદારી લેવા માગીએ છીએ.

શરૂઆતમાં મહેતાએ કહ્યું હતું કે સર્વોચ્ચ અદાલતના અગાઉના આદેશને માન આપીને રાજ્ય સરકારે અત્યાર સુધીની તપાસનો અહેવાલ આપ્યો છે. તપાસ ચાલુ છે. આઠ જણની ધરપકડ કરાઈ છે. હું વધું કહી શકું નહીં.

શું આ કેસની તપાસ કરવા સિટની રચના થઈ શકે એવા સવાલના જવાબમાં મહેતાએ કહ્યું હતું કે સિટની રચના સત્ય શોધી કાઢવા કરાઈ હતી. હવે આ કેસની તપાસ પોલીસ કરી રહી છે. સિટે ફક્ત એટલું શોધી કાઢ્યું કે દખલપાત્ર ગુનો થયો હતો. બેન્ચે એવી નોંધ લીધી હતી કે સિટમાં ઈન્ડિયન પોલીસ સર્વિસના બે સિનિયર ઑફિસર અને લખનઊના ઈન્સ્પેટર જનરલ ઑફ પોલીસનો સમાવેશ થતો હતો. કોર્ટે પૂછ્યું હતું કે શું આ સિટ નિષ્પક્ષતા અને પારદર્શિકા માટે મુખ્ય તપાસ કરી શકે.

બેન્ચે કહ્યું હતું કે અમે આવતા સોમવારે કેસ ફરી હાથ ધરીશું અને અમુક નિર્દેશો બહાર પાડીશું.

(એજન્સી) ■

# કચ્છમાં આ શિયાળે ફ્લેમિંગો અને રોઝી પેલિકન ઓછાં આવવાની ભીતિઃ યુદ્ધ અને અપૂરતા વરસાદથી સ્થળાંતરની સીઝન જોખમમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ કચ્છની ભૌગોલિક ઓળખ સમાન ફ્લેમિંગો (સુરખાબ) અને રોઝી પેલિકનની યાયાવર સીઝન પર આ વર્ષે મોટું જોખમ તોળાઈ રહ્યું છે. સ્થળાંતરની પ્રારંભ થઈ ચૂક્યો હોવા છતાં કચ્છના આકાશમાં હજુ સુધી અપેક્ષા મુજબના વિદેશી પક્ષીઓ જોવા મળ્યા નથી. પર્યાવરણવિદો અને વન વિભાગના અધિકારીઓના મતે, આ વર્ષે રોઝી પેલિકન અને ફ્લેમિંગો બંનેની સંખ્યામાં ૪૦ થી ૫૦ ટકા જેટલો મોટો ઘટાડો થવાની આશંકા સેવાઈ રહી છે, જેને પગલે સ્થાનિક ઇકો-ટુરિઝમ ઉદ્યોગ ભારે ચિંતામાં મુકાયો છે.

સામાન્ય રીતે દર વર્ષે ઓક્ટોબરના અંતથી ફેબ્રુઆરી દરમિયાન હજારો કિલોમીટર દૂરથી વિદેશી મહેમાનો કચ્છના આંગણે પધારે છે. જેમાં રોઝી પેલિકન કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને રશિયાના દક્ષિણ ભાગમાંથી આશરે ૩૫૦૦ થી ૪૦૦૦ કિલોમીટરની લાંબી સફર ખેડીને ભુજના ઐતિહાસિક હમીરસર તળાવ, ખિજડિયા અને નળ સરોવર ખાતે ધામા નાખે છે.

જ્યારે ફ્લેમિંગો ઈરાન, અફઘાનિસ્તાન અને ભારતના અન્ય ભીના પ્રદેશોમાંથી આવીને કચ્છના નાના રણમાં આવેલા પ્રખ્યાત 'ફ્લેમિંગો સિટી'માં પ્રજનન માટે માળા બાંધે છે. એશિયાની સૌથી મોટી ફ્લેમિંગો કોલોની ધરાવતા કચ્છમાં આ વર્ષે સ્થાનિક અને વૈશ્વિક પરિબળો પ્રતિકૂળ સાબિત થઈ રહ્યા છે.

આ ચિંતાજનક પરિસ્થિતિ પાછળ સ્થાનિક સ્તરે ચોમાસાનો અપૂરતો વરસાદ મુખ્ય કારણ છે, જેના લીધે હામીરસર સહિતના જળાશયોમાં પાણીનું સ્તર નોંધપાત્ર ઘટ્યું છે. પાણી અને માછલીઓની અછતને કારણે પેલિકનને ખોરાકની તંગી વર્તાઈ રહી છે, તો બીજી તરફ રણ પ્રદેશમાં ભેજ ઓછો હોવાથી ફ્લેમિંગો માટે પ્રજનનનું સાનુકૂળ વાતાવરણ સર્જાયું નથી. આ ઉપરાંત તળાવોની આસપાસ વધતી માનવ અવરજવર, પ્રદૂષણ અને અનધિકૃત પ્રવૃત્તિઓ પક્ષીઓની શાંતિમાં ખલેલ પહોંચાડી રહી છે.

સ્થાનિક અવરોધો ઉપરાંત વૈશ્વિક સ્તરે ચાલી રહેલું રશિયા-યુક્રેન યુદ્ધ અને પશ્ચિમ એશિયાનો સંઘર્ષ પણ આ સ્થળાંતર માટે જવાબદાર છે. કાળા સમુદ્ર અને અરબી સમુદ્રમાં યુદ્ધ દરમિયાન ફોડવામાં આવેલા ટોર્પિડો તેમજ દારૂગોળાને કારણે દરિયાઈ પાણી પ્રદૂષિત થતાં પક્ષીઓના મુખ્ય ખોરાક સમાન માછલી અને પ્લેન્કટોનને વ્યાપક નુકસાન થયું છે. યુદ્ધના ધુમાડા અને ઝેરી વાયુઓને લીધે પરંપરાગત હવાઈ માર્ગો પ્રભાવિત થતાં અનેક પક્ષીઓ અધવચ્ચે જ રોકાઈ ગયા હોવાનું નિષ્ણાતોનું માનવું છે. પક્ષી નિરીક્ષકોના મતે, આ સંવેદનશીલ પક્ષીઓની ઘટતી સંખ્યા એ પર્યાવરણ અને જળાશયોની કથળતી સ્થિતિનું સૂચક છે. જો આગામી દિવસોમાં પણ સ્થિતિ નહીં સુધરે, તો કચ્છનું આકાશ ગુલાબી પાંખોની સુંદરતાથી વંચિત રહી જશે. ■

# જામનગર મનપાની જમીન પરથી ચાર દબાણવાળા મકાનો દૂર કરાયા


જગત રાવલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના આદર્શ સ્મશાન નજીક કેનાલ કાંઠે આવેલી મહાનગરપાલિકાની જમીન પર થયેલા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અગાઉ નોટિસ આપવામાં આવ્યા બાદ એસ્ટેટ શાખાની ટીમે સ્થળ પર પહોંચી અંદાજે ૨૮૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ઉભેલા ત્રણ પાકા અને એક કાચા એમ કુલ ચાર મકાનોનું ડિમોલિશન કર્યું હતું.

મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ આ બાંધકામો વરસાદી પાણીના નિકાલમાં અવરોધરૂપ બનતા હોવાથી ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા ઊભી થવાની શક્યતા હતી. આથી વરસાદી પાણીનો પ્રવાહ સરળતાથી પસાર થઈ શકે અને નિકાલ વ્યવસ્થા સુચારૂ રહે તે હેતુથી કાર્યવાહી કરવામા આવી હતી.

ડિમોલિશન કામગીરી માટે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાના આશરે ૩૦ જેટલા કર્મચારીઓની ટીમ તૈનાત કરવામાં આવી હતી. કામગીરી દરમિયાન બે જેસીબી મશીનો, બે ટ્રેક્ટર, કટર મશીન, પે-લોડર સહિતના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યવાહી દરમિયાન સ્થળ પર જરૂરી સુરક્ષા વ્યવસ્થા પણ જાળવવામાં આવી હતી. મહાનગરપાલિકાએ જણાવ્યું હતું કે જાહેર જમીન પરના દબાણો અને વરસાદી પાણીના નિકાલમાં અવરોધરૂપ બાંધકામો સામે આગામી સમયમાં પણ નિયમો મુજબ કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. ■

# રાજકોટમાં રૂ. ૨.૮૯ લાખના પોસડોડાના જથ્થા સાથે રાજસ્થાનના શખ્સની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ રાજકોટ એસઓજી. એ શહેરમાં માદક પદાર્થ પોસડોડા (પોપીસ્ટ્રો) ના મોટા જથ્થા સાથે રાજસ્થાનના સપ્લાયરને ઝડપી પાડ્યો હતો. એસઓજીએ બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડીથી આગળ નવાગામ જવાના રસ્તાની સામે આવેલ શિવ શક્તિ હોટલ બહાર જાહેર રોડ પરથી પ્રતિબંધિત માદક પદાર્થ પોસડોડા (પોપીસ્ટ્રો)ના જથ્થા સાથે એક ઈસમ ચુનારામ માલારામ જાટની અટકાયત કરી હતી. આ મામલે રાજકોટ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસે આરોપી પાસેથી ૧૬.૩૦૦ કિલોગ્રામ માદક પદાર્થ પોસડોડા જેની કિંમત રૂ. ૨,૮૯,૫૦૦, રૂ. ૪૦,૦૦૦ની કિંમતનો એપલ કંપનીનો આઇફોન ૧૬ મોડેલનો મોબાઇલ ફોન, રૂ. ૩,૬૦૦ની રોકડ રકમ તથા એક આધારકાર્ડ મળી કુલ રૂ. ૩,૩૩,૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ■

# રાજકોટ-ગોંડલ હાઈવે પરથી વિદેશી દારૂ ઝડપાયો, રૂ. ૧૬.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)એ ગેરકાયદે વિદેશી દારૂની હેરાફેરી કરતા મોટા રેકેટનો પર્દાફાશ કર્યો હતો.

રાજકોટ-ગોંડલ નેશનલ હાઇવે પર કાંગશિયાળી ગામની સીમમાં બાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં ટેમ્પો ટ્રાવેલરમાં ચોરખાનામાં છુપાવી રાખેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસ તપાસ દરમિયાન દારૂ ભરેલા ટેમ્પો ટ્રાવેલરને પાયલોટિંગ કરતી એક બોલેરો પણ ઝડપાઈ હતી. બંને વાહનોની તપાસ કરતાં વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ, બંને વાહનો અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૧૬.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પ્રાથમિક તપાસમાં આ હેરાફેરી સુનિયોજિત રીતે કરવામાં આવતી હોવાનું બહાર આવ્યું હતું. હાલ પોલીસે દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, ક્યાં પહોંચાડવાનો હતો તેમજ સમગ્ર નેટવર્કમાં અન્ય કોણ સંડોવાયેલા છે તે દિશામાં વધુ તપાસ શરૂ કરી છે. ■

# જામનગરના ચાંદીપુરા વાઈરસના બંને શંકાસ્પદ કેસના રિપોર્ટ નેગેટિવ, શહેરમાં રાહતનો શ્વાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર શહેરમાં ચાંદીપુરા વાયરસને પગલે શંકાસ્પદ તરીકે નોંધાયેલા બે બાળકોના લેબોરેટરી રિપોર્ટ આજે નેગેટિવ આવતાં આરોગ્ય તંત્ર સહિત શહેરવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. ગણપતનગર અને રવિપાર્ક વિસ્તારમાંથી મળેલા બંને શંકાસ્પદ બાળકોના સેમ્પલો તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા, જેના રિપોર્ટ નેગેટિવ હોવાનું સ્પષ્ટ થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ચાંદીપુરા વાયરસની શંકાને પગલે ત્રણ બાળકોને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખાસ અલગ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમાં એક બાળકનું શનિવારે રાત્રે દુઃખદ અવસાન થયું હતું, જ્યારે અન્ય બે બાળકો હાલ સારવાર હેઠળ છે. તેમાંથી એક બાળક વેન્ટિલેટર પર છે અને તબીબોની ટીમ તેની સઘન સારવાર કરી રહી છે.

બીજી તરફ સંભવિત સંક્રમણને ધ્યાનમાં રાખીને જામનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સ અને નિવારક કામગીરી હાથ ધરી છે. ગણપતનગર વિસ્તારમાં આશરે ૪૦૦ ઘરોમાં તેમજ રવિપાર્ક વિસ્તારમાં ૧૪૨ ઘરોમાં આરોગ્ય સર્વે કરવામાં આવ્યો હતો. આ દરમિયાન દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ માખીજન્ય સંક્રમણ પર નિયંત્રણ માટે જરૂરી દવાઓનો છંટકાવ સહિતની કામગીરી પણ કરવામાં આવી હતી.

આરોગ્ય વિભાગના સર્વે દરમિયાન અત્યાર સુધી ચાંદીપુરા વાયરસનો અન્ય કોઈ શંકાસ્પદ કેસ સામે આવ્યો નથી. ઉપરાંત અન્ય કોઈ ચેપી બીમારીના કેસ પણ નોંધાયા નથી. તેમ છતાં આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત સર્વેલન્સ, જનજાગૃતિ અને નિવારક કામગીરી ચાલુ રાખવામાં આવી રહી છે.

# ભાવનગર શહેર અને જિલ્લામાં વરસાદી ઝાપટાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર જિલ્લાના તળાજામાં એક ઇંચ વરસાદ પડયો હતો. જ્યારે ગારીયાધાર, સિહોર, પાલીતાણા અને ભાવનગર શહેરમાં વરસાદના હળવા ઝાપટા પડ્યા હતા.

૨૦ જુલીના રોજ સવારના ૬ થી સાંજના ૬ વાગ્યા સુધીમાં સિહોરમાં ૩, ગારીયાધારમાં ૧, પાલીતાણા માં૧, તળાજામાં ૨૪ અને જેસરમાં ૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. ભાવનગર શહેરના પૂર્વ વિસ્તારમાં ૧૦ મી.મી.વરસાદ નોંધાયો હતો. ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૨.૭ ડિગ્રી નોંધાયું હતું જ્યારે લઘુતમ તાપમાન ૨૫.૯ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૫ ટકા રહ્યું હતું. અને પવનની ઝડપ ૧૬ કિ.મી.પ્રતિ કલાકની રહી હતી. ■

# ગાંધીનગરની મહિલા પ્રોફેસર સાથે ભુજના યુવકે આચરી ૧૩.૩૭ લાખની ઠગાઈઃ મેટ્રિમોનિયલ સાઈટ પર પરિચય કેળવી હૉસ્પિટલમાં જ ખેલ પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ ગાંધીનગરમાં રહેતી એક ૩૬ વર્ષીય આસિસ્ટન્ટ પ્રોફેસર યુવતીનો વિશ્વાસ કેળવીને મૂળ ભુજ-કચ્છના યુવકે રૂ. ૧૩.૩૭ લાખની ઓનલાઈન ઠગાઈ આચરી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. મૂળ ઉત્તર પ્રદેશના લખનૌની વતની અને હાલ ગાંધીનગરમાં ફરજ બજાવતી સૌમ્યા દ્વિવેદીએ આ અંગે ભુજના આઈયાનગરમાં રહેતા હિતેશ ધીરેન ઠક્કર (હાલ રહે. બેંગલુરુ, કર્ણાટક) નામના યુવક સામે ગાંધીનગર સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ અનુસાર, આશરે એક વર્ષ અગાઉ મેટ્રિમોનિયલ વેબસાઈટના માધ્યમથી સૌમ્યાનો સંપર્ક હિતેશ સાથે થયો હતો. હિતેશે વાતોની જાળમાં ફસાવીને પ્રોફેસર યુવતીનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. આ દરમિયાન હિતેશની સલાહ માનીને સૌમ્યાએ ગત ૧૪ મેના રોજ ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં બેરિયાટ્રિક સર્જરી કરાવી હતી. સર્જરી સમયે હમદર્દ બનીને સાથે રહેલા હિતેશે યુક્તિપૂર્વક સૌમ્યાના મોબાઈલ અને નેટ બેંકિંગના પાસવર્ડ જાણી લીધા હતા, એટલું જ નહીં, તેણે યુવતીના ફોનમાં બાયોમેટ્રિક લોકમાં પોતાની ફિંગરપ્રિન્ટ પણ ઉમેરી દીધી હતી.

સર્જરીના ખર્ચ ચૂકવવાના બહાને હિતેશે સૌમ્યાની યુનિયન બેંકની રૂ. ૧૮.૧૫ લાખની ફિક્સ ડિપોઝિટ મોબાઈલ એપ દ્વારા તોડી નાખી હતી. ત્યારબાદ, પ્રોફેસર યુવતીની જાણ બહાર હિતેશે ૧૭ મેના રોજ રૂ. ૩ લાખ, ૧૮ મેના રોજ રૂ. ૯ લાખ અને ૩૧ મેના રોજ રૂ. ૫૦ હજાર તેના બેંક ખાતામાંથી પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ ઉપરાંત, આરોપીએ સૌમ્યાના ક્રેડિટ કાર્ડમાંથી પણ રૂ. ૮૭ હજારના બિનઅધિકૃત ટ્રાન્ઝેક્શન કર્યા હતા. આમ, સારવાર દરમિયાન જ વિશ્વાસઘાત કરીને આરોપીએ કુલ રૂ. ૧૩.૩૭ લાખની છેતરપિંડી આચરતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કચ્છથી રાજસ્થાન-દિલ્હી તરફ જતી ત્રણ ટ્રેનો ભીલડી ખાતે ટૂંકાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ કચ્છના સામખિયાળી, વોંધ અને ભચાઉ રેલવે સ્ટેશનો વચ્ચે ક્વાડ્રપ્લિંગ અને ઓટોમેટિક સિગ્નલિંગ પ્રોજેક્ટની કામગીરી માટે લેવાયેલા રેલવે મેગા બ્લોકના કારણે કચ્છ તરફ આવતી-જતી વધુ ત્રણ ટ્રેનોના રૂટમાં હંગામી ફેરફાર કરાયો છે.

રેલવે વિભાગના જણાવ્યા અનુસાર, આ ટ્રેનો ભીલડી સ્ટેશન સુધી જ દોડશે અને ભીલડી-કચ્છ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભગત કી કોઠી-ગાંધીધામ એક્સપ્રેસ ૨૮ જુલાઈથી ૩ ઓગસ્ટ સુધી ભીલડી ખાતે ટૂંકાવાશે. વળતી દિશામાં ગાંધીધામ-ભગત કી કોઠી એક્સપ્રેસ ૨૯ જુલાઈથી ૪ ઓગસ્ટ સુધી ભીલડી સ્ટેશનેથી જ રવાના થશે, જ્યારે દિલ્હી-ભુજ એક્સપ્રેસ ૨૪ જુલાઈથી ૨ ઓગસ્ટ સુધી ભીલડી ખાતે જ પ્રવાસ પૂર્ણ કરશે. ભુજ-દિલ્હી એક્સપ્રેસ ૨૬ જુલાઈથી ૪ ઓગસ્ટ સુધી ભુજને બદલે ભીલડીથી જ દિલ્હી જવા રવાના થશે.

દિલ્હી સરાય રોહિલ્લા-ભુજ એક્સપ્રેસ (સાપ્તાહિક) ટ્રેન ૨૯ જુલાઈ અને ૧ ઓગસ્ટના રોજ ભીલડી સુધી જ દોડશે. વળતી ટ્રેન ૩૧ જુલાઈ અને ૪ ઓગસ્ટના રોજ ભીલડીથી જ દિલ્હી સરાય રોહિલ્લા માટે ઉપડશે.

# લખપત પાસેના સિરક્રિકમાંથી બીએસએફે બિનવારસી પાકિસ્તાની બોટ ઝડપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ કચ્છ સરહદે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થાના દાવા વચ્ચે લખપત નજીકના દુર્ગમ સિરક્રીક વિસ્તારમાંથી વધુ એક નધણિયાતી પાકિસ્તાની બોટ મળી આવતા સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. પાકિસ્તાનની જમીની અને જળસીમાને અડકીને આવેલા કચ્છના અત્યંત સંવેદનશીલ હરામીનાળા વિસ્તારમાંથી ભૂતકાળમાં પણ સંખ્યાબંધ બિનવારસી બોટ અને ઘૂસણખોરો ઝડપાઈ ચૂક્યા છે, ત્યારે સરહદી સલામતી દળના જવાનોએ પેટ્રોલિંગ દરમિયાન સિરક્રીક ખાતેથી આ પાકિસ્તાની માછીમારી બોટને જપ્ત કરી હતી. પ્રાથમિક તપાસમાં આ બોટમાંથી માછલી પકડવાની જાળ અને અન્ય સામગ્રી સિવાય કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વહેલી સવારે જ્યારે બીએસએફના જવાનો પેટ્રોલિંગ પર હતા, ત્યારે આ બોટ નજરે પડી હતી.

સુરક્ષા દળોને જોઈને બોટમાં સવાર ઘૂસણખોરો બોટ કિનારે જ છોડીને નાસી છૂટ્યા હોવાનું અનુમાન છે. આ ઘૂસણખોરો ભારતીય સરહદની અંદર જ ક્યાંક છુપાયા હોવાની પ્રબળ આશંકાને પગલે સલામતી દળોએ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. દેશના મહત્વના સ્થળો પર આતંકવાદી હુમલા થઈ શકે તેવા ગુપ્તચર એજન્સીઓના ઇનપુટ્સ વચ્ચે કચ્છ સરહદેથી સતત બિનવારસી પાકિસ્તાની બોટ મળવાની ઘટનાને સુરક્ષા નિષ્ણાતો અત્યંત ગંભીર ગણાવી રહ્યા છે. હાલમાં આ બોટ ભારતીય જળસીમામાં કેવી રીતે પ્રવેશી અને તેમાં કેટલા લોકો સવાર હતા તે દિશામાં સુરક્ષા દળોએ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# મગફળીના બિયારણમાં કિલોદીઠ રૂ.૪૦નો તોતિંગ ભાવવધારો

## મોંઘા બિયારણના કારણે ખેડૂતોની 'પડતા પર પાટુ' જેવી સ્થિતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે નૈઋત્યનું ચોમાસું વિલંબમાં મુકાતાં ખેડૂતો ચિંતાતુર છે, ત્યાં બીજી તરફ મગફળીના બિયારણના ભાવમાં પ્રતિ કિલોએ રૂપિયા ૩૫થી ૪૦નો ધરખમ ઉછાળો આવતાં જગતના તાત પર મોંઘવારીનો આકરો માર પડ્યો હતો. બિયારણના ભાવ આસમાને પહોંચતાં વાવણીનો પ્રાથમિક ખર્ચ જ ખેડૂતોના બજેટ બહાર જતો રહ્યો છે.

બજારના સૂત્રોના જણાવ્યા અનુસાર, મગફળીના બિયારણમાં સીધો ૩૫ થી ૪૦ ટકાનો વધારો થયો છે. ગત વર્ષે જે સાદું બિયારણ પ્રતિ કિલો રૂપિયા ૧૦૫થી ૧૧૦ના ભાવે મળતું હતું, તે ચાલુ વર્ષે વધીને ૧૪૦થી રૂ ૧૪૫ થઈ ગયું છે.

તેવી જ રીતે, સર્ટીફાઈડ બિયારણનો ભાવ ગત વર્ષના ૧૩૫થી રૂ.૧૪૦ની સામે ચાલુ વર્ષે રૂ.૧૭૫ને પાર પહોંચી ગયો છે.

કૃષિ નિષ્ણાતોના મતે, પ્રતિ હેક્ટરે અંદાજે ૧૦૦ કિલો બિયારણની જરૂરિયાત રહે છે, જેથી ભાવવધારાના કારણે ખેડૂતો પર પ્રતિ હેક્ટરે સીધો રૂ ૩૫૦૦નો વધારાનો આર્થિક બોજો પડ્યો છે.

સંભવત અલ-નીનોની અસરના પગલે વરસાદ ખેંચાવાના કારણે રણપ્રદેશ કચ્છમાં અત્યાર સુધી માત્ર ૧ લાખ હેક્ટરમાં જ વાવેતર થઈ શક્યું છે, જેમાંથી મગફળીનું વાવેતર માંડ ૩૦ હજાર હેક્ટરમાં થયું છે.

આ વાવેતર પણ માત્ર એવા જ ખેડૂતો કરી શક્યા છે જેમની પાસે બોરવેલ કે નર્મદા કેનાલના પિયતની સગવડ છે. જોકે, વરસાદ હજુ વધુ ખેંચાશે તો ઊભો પાક સુકાઈ જવાની ભીતિ હોવાથી પિયત આધારિત ખેડૂતો પણ ચિંતામાં મુકાયા છે. જ્યારે વરસાદ આધારિત ખેતી કરતા નાના ખેડૂતો હજુ પણ વાદળો તરફ ચાતક નજરે જોઈ રહ્યા છે.

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ, એક તરફ કુદરત રૂઠી છે અને બીજી તરફ મોંઘા બિયારણના કારણે સ્થિતિ 'પડતા પર પાટુ' જેવી થઈ છે.

મોંઘું બિયારણ ખરીદીને વાવણી કર્યા પછી પણ જો વરસાદ ન પડે તો દેવાદાર બનવાનો વારો આવી શકે છે. ખેડૂતોએ માંગ કરી છે કે સરકાર બિયારણના ભાવવધારા અને કાળાબજાર પર તાત્કાલિક અંકુશ લગાવે.


રાજકોટ મનપા જનરલ બોર્ડ પહેલાં આજી રિવરફ્રન્ટ મુદ્દે વિરોધ પક્ષનો ઉગ્ર વિરોધ કર્યો હતો. પોસ્ટરો અને સવાલો સાથે પહોંચેલા કોંગ્રેસ કોર્પોરેટરોએ આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં વિલંબ, કથિત ભ્રષ્ટાચાર અને જંગલેશ્વર ડિમોલિશન ખર્ચના મુદ્દાઓને લઈને વિપક્ષી સભ્યોએ હોબાળો મચાવ્યો હતો... પ્રવિણ સેદાણી

# લોકઅદાલતમાં ચેક બાઉન્સના ૨૩૪ કેસોનો નિકાલ: રૂ.૫.૬૨ કરોડની રકમનો પતાવટ એવોર્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળની સૂચના અનુસાર જિલ્લાની તમામ અદાલતોમાં 'નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ' (ચેક બાઉન્સ)ના કેસો માટે ખાસ લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જિલ્લાભરમાંથી મુકાયેલા કુલ ૬૯૪ કેસોમાંથી ૨૩૪ કેસોનો સુખદ નિકાલ લાવીને કુલ રૂ.૫.૬૨ કરોડના એવોર્ડ પસાર કરવામાં આવ્યા હતા. ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના માર્ગદર્શન હેઠળ તેમજ મુખ્ય જિલ્લા ન્યાયાધીશ દિલીપ પી. મહિડાની રાહબરી હેઠળ આ લોકઅદાલત યોજાઈ હતી. ઘણા સમયથી કેસો બાકી હતા તેનો નિકાલ થયો છે.

# ભાવનગરના શિહોર પાસેથી કફ શીરપની બિન અધિકૃત બોટલો સાથે શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર એસઓજી પોલીસે સિહોર નજીકથી કફ શીરપની બિન અધિકૃત બોટલો સાથે ભાવનગરના એક શખ્સને ઝડપી લીધો હતો.

ભાવનગર એસ.ઓ.જી ટીમના હેડ કોન્સ દિગ્વિજયસિંહ ગોહિલ તથા પો.કોન્સ કાનજીભાઈ નકુમની સંયુક્ત બાતમી આધારે ભાવનગર નજીકના શિહોર પાસેના ભાણગઢ ગામ બજરંગદાસ બાપાની મઢુલી પાસેથી હસમુખભાઈ ગોપાલભાઈ પરમાર ઉ.વ ૨૪ રહે રામદેવનગર નારી રોડ બહુચરમાતા ચોક કુંભારવાડા ભાવનગરવાળાના કબ્જામાંથી કોડીન ફોસ્ફેટનું ઘટક તત્વ ધરાવતી કફ શીરપની બોટલનો જથ્થો કુલ બોટલ નંગ-૧૮૪ કિ.રૂ.૩૯,૪૩૨ સાથે ઈસમને ઝડપી પાડયો હતો. એન.ડી.પી.એસ. એક્ટની વિવિધ કલમ મુજબ કાર્યવાહી કરી શિહોર પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવથી પંથકમાં અરેરાટી મચી ગઇ છે. ■

# રાજકોટમાંથી ૨૯ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્તઃ ૧૦૪ લોકો પાસેથી રૂ.૫૪ હજારનો દંડ વસુલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ રાજકોટમાં પ્રતિબંધિત સિંગલ-યુઝ

પ્લાસ્ટિકના વપરાશ, વેચાણ અને સંગ્રહ સામે મનપાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમો દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રાજકોટ શહેરના ત્રણેય ઝોનમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા આસામી સામે દંડની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં કુલ ૧૦૪ લોકો પાસેથી રૂ.૫૪,૨૫૦/-નો દંડ વસુલવામાં આવ્યો હતો.

રાજકોટ મનપાના નાગરિકો અને વેપારીઓને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરવા કડક સૂચના આપવામાં આવી હતી. ભવિષ્યમાં પણ નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી અને જપ્તીની કામગીરી ચાલુ રહેશે તેવી ચેતવણી પણ આપવામાં આવી હતી. ■

## સંસ્થા સમાચાર

### ડિવાઈન વર્ક, ડિવાઈન વોન્ટ અને ડિવાઈન વર્ડ સૂત્ર દ્વારા ચાતુર્માસ સફળ બનાવો: ધીરગુરુદેવ

શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ, દોઢીવાળા જૈનભવનના ઉપક્રમે નંદુભવનમાં પૂ.શ્રી ધીરગુરુદેવના સાંનિધ્ય સાધ્વીજી પૂ. ચંદનાજી મ. સ., પૂ. શિવાનીજી મ. સ. નો ચાતુર્માસ પ્રવેશ ધર્મોલ્લાસપૂર્વક ઉજવાયેલ .

આ પ્રસંગે ગુરુદેવે જણાવેલ કે ડિવાઈન વર્ક, ડિવાઇન વોન્ટ અને ડિવાઈન વર્ડ અર્થાત્ દરેક કાર્યકર્તાએ એવું કામ કરવું કે પ્રત્યેકના દિલમાં સ્થાન મળે. પોતાના આત્માને લાભ થાય તેવી ઇચ્છા કરવી.શબ્દોથી વ્યક્તિને મપાય છે. શબ્દો જોખી જોખીને બોલો. આ પ્રસંગે પાંજરાપોળ ગૌમાતા ઘાસચારા સંગ્રહ કક્ષનો ₹ ૫૧,૦૦૦ લેખે ૧૦ દાતાઓએ લાભ લીધો. ■

# મંત્રાલયમાં દૂષિત પાણીપુરવઠો, શૌચાલયમાં ગંદકી

મુંબઈઃ સમગ્ર રાજ્યનું જ્યાંથી સંચાલન થાય છે તે રાજ્યના વહીવટી મુખ્યાલયમાં જ દૂષિત પાણી અને શૌચાલયો દયનીય અને અસ્વચ્છ સ્થિતિમાં હોવાનો મુદ્દો પ્રકાશમાં આવ્યો છે. વારંવાર મૌખિક ફરિયાદો છતાં પરિસ્થિતિમાં સુધારો નહીં થતા અધિકારીઓ અને કર્મચારીઓ મુખ્ય સચિવને પત્ર લખીને દૂષિત પાણી પુરવઠાની સાથે શૌચાલયોની સ્થિતિ સુધારવા માટેની માગણી કરી છે. મંત્રાલય રાજ્યનું વહીવટી મુખ્યાલય છે અને સમગ્ર રાજ્યનો વહીવટ અહીંથી ચાલે છે. દરરોજ હજારો અધિકારીઓ કર્મચારીઓ, નાગરિકો અને જનપ્રતિનિધિઓ અહીં આવે છે, તેમના માટે સ્વચ્છ પાણી અને શૌચાલયની વ્યવસ્થા રાખવા માટે મંત્રાલય વહીવટીતંત્ર બંધાયેલું છે ત્યારે મંત્રાલય જેવા સંવેદનશીલ સ્થળે જ પીવાનું પાણી દૂષિત મળી રહ્યું છે તેને કારણે સરકારી તંત્રનું સ્વાસ્થ્ય જોખમમાં મુકાયું છે. અનેક વખત ફરિયાદ કર્યા બાદ પણ તેના પ્રત્યે દુર્લક્ષ કરવામાં આવતા થાકેલા અધિકારી અને કર્મચારીઓએ સચિવને પત્ર લખીને આ મામલો રાજ્યના મુખ્ય મથક એવા મંત્રાલયને શોભતું નથી એવી ટીકા કરી છે. દૂષિત પાણીપુરવઠાનો મુદ્દો વિધાનસભામાં પણ ઉઠાવવામાં આવ્યો હતો. મંત્રાલયની હોસ્પિટલમાં ઉલટી, ઝાડા અને પેટના દુખાવાથી પીડાતા કર્મચારીઓ અને અધિકારીઓના ફોટા પણ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. ■

## પારસી મરણ

એકી દાદાભોય એલાવીયા તે બેહરોઝના ધની. તે મરહુમો જાઇજી દોસાભાઇ એલાવીયાના દીકરા. તે બોમી ને બકતાવરના પપા. તે અદી, ફોલી ને મરહુમ ડોલી, જગુના ભાઇ. તે દારાયસ, ફેદી, દીલનાવાઝ, દીલખુશ મેહેરઝાદ, નેવીલ, જીમી ને શાહરુખના કાકા. તે નાશા, દારા, કોબાદ ને આબાનના માસા. (ઉં. વ. ૮૬) રે. ઠે. એસ-૧૬, ગોદરેજ બાગ, ઓફ નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૩૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૧-૦૭-૨૦૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે મઝગામ પટેલ અગિયારી.

નોશીર જમશેદજી ભમગરા તે ફરીદાના ધની. તે મરહુમો પીરોજબઇ જમશેદજી ભમગરાના દીકરા. તે શીરોય ને દેલનાના પપા. તે ખુરશીદ ને વીરાફના સસરાજી. તે સોરાબ ને રુસ્તમના બપાવાજી. તે મરઝબાન તથા મરહુમો સોલી, થ્રીતી, એમી, નરગેસ ને રોદાના ભાઇ. (ઉં. વ. ૮૫) રે. ઠે. જે-૧૪, ખુશરુ બાગ, એસ. બી. સીંગ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૨-૦૭-૨૦૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ભાભા નં.૧માં ડુંગરવાડી પર.

ફેની કેરસી બોધાનવાલા તે મરહુમ કેરસીના ધનીયાની. તે મરહુમો ધનમાય પેશોતન દામકેવાલાના દીકરી. તે નવલ, હોમી, કેશમીરા, તથા વીરાફના મમા. તે ફરીદા, પરવીન, અરનાવાઝ ને રુમીના સાસુજી. તે પરવેઝના બહેન. તે ખુશવીન, હુફ્રીશ, યઝદના બપઇજી. (ઉં. વ. ૯૦) રે. ઠે. એન-૧૨, શાપુર ભરુચા બાગ, પારસી કોલોની, એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૨-૦૭-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાળા બંગલીમાં છેજી.

## મુસ્લિમ મરણ

**દાઉદી વ્હોરા**

કુત્બુદ્દીનભાઈ યાહ્યાભાઈ બેકરીવાળા (ઉ.વ.૭૨) તે તસ્નીમબેન (માંડવી) સકીનાબેન, ઝૈનબબેન (રાજકોટ) ના બાવાજી રાજકોટ મુકામે વફાત પામેલ છે. રવાનાઃહુસામુદ્દીન કપાસી જસદણ.

## હિન્દુ મરણ

સ્વ. નૈનેશભાઈ ચંદ્રકાંતભાઈ શાહ (ઉં. વ.૬૩) તા. ૨૦/૦૭/૨૬ને સોમવારના અવસાન થયેલ છે. ઉઠમણું તા. ૨૧-૦૭, મંગળવાર સવારે ૧૦:૩૦ વાગ્યે સ્થળઃ વૈશાલીનગર, શેરી નંબર-૫, સ્થા. જૈન ઉપાશ્રય, રૈયા રોડ, ઓલ્ડ આમ્રપાલી સિનેમા (સીટી સેન્ટર) સામે.

**કપોળ**

રાજુલા નિવાસી હાલ વસઇ (પશ્ચિમ) રમેશભાઇ દ્વારકાદાસ જેરામભાઇ દોશી (ઉં. વ. ૭૦) તે શોભનાબેનના પતિ. સંદીપ, કપિલ, દીપ્તિના પિતાશ્રી. કાંચી, પ્રિયંકા, ચિરાગકુમારના સસરા. સ્વ. સુંદરલાલ મોહનલાલ ગોરાડીયાના જમાઇ. ધ્રુવી, કાવ્યના નાના અને પ્રીશના દાદા. તા. ૧૮-૭-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૭-૨૬ના મંગળવારે બપોરે ૪થી ૬. ઠે. શુભ બેન્કવેટસ, ચોથા માળે, નોર્થ લેન્સ શોપિંગ કોમ્પ્લેક્સ, વર્તક કોલેજની સામે, પ્લેટફોર્મ નંબર-૨ની બાજુમાં, વસઇ સ્ટેશન રોડ, વસઇ (વેસ્ટ).

**વિસા સોરઠિયા વણિક**

શાંતિલાલ પ્રેમજી શાહ બાલાગામવાળા હાલ મલાડ તા. ૧૯-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે.તે ભાવનાબેનના પતિ. અંકિતના પિતાશ્રી. પંક્તિના સસરા. તે સ્વ. પ્રેમજી રવજી શાહ તથા સ્વ. જયકોરબેનના સુપુત્ર, સ્વ. ગુણવંતભાઇ, સ્વ. જયેશભાઇ તથા મુકેશ, તથા મીનાબેન ધીરજલાલ શાહના ભાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ ગુંદાળા, હાલ રબાલે નિવાસી કુ. રેણુકા વેલજી દેવકર સોમૈયા (ઉં. વ. ૭૫) તા. ૧૮-૭-૨૬ના પ્રભુચરણ પામેલ છે. તે સ્વ. વેલબાઇ વેલજી સોમૈયાના દીકરી. તે સ્વ. નિર્મળાબેન પુરુષોત્તમ ચોથાણી સ્વ. શાંતાબેન ધનજી પોપટ, સ્વ. દમયંતીબેન ધરમસિંહ તન્ના, સ્વ. પુષ્પાબેન મોરારજી આઇયા, સ્વ. મુલજી વેલજી, સ્વ. શંભુભાઇ વેલજી, સ્વ. અશોક વેલજી અને ચંદુભાઇ વેલજીના બહેન. હીનાબેનના નણંદ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

બાલાગામ નિવાસી હાલ મુંબઇ સ્વ. ચંપાબેન પરષોત્તમદાસ રાજકોટીયાના પુત્ર લલિતકુમાર (ઉં. વ. ૬૬) તે દિવ્યાબેનના પતિ. કૌશલ, ફોરમના પિતા. સ્વ. ભૂપેન્દ્રભાઇ, રાજેન્દ્રભાઇ, સંજયભાઇ, દિપકભાઇના ભાઇ. તે સ્વ. શાંતાબેન ધીરજલાલ પારેખના જમાઇ. અરવિંદભાઇ પારેખના બનેવી. તા. ૧૯-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક ક્રિયા બંધ છે.

**હાલાઇ ભાટીયા**

ગં. સ્વ. નિર્મળાબેન નરોતમદાસ સંપટ (હેમીબેન) (ઉં.વ.૮૬) તે સ્વ. નરોતમદાસ સંપટના પત્ની. તે સ્વ. રામદાસ કરસનદાસ મર્ચન્ટના પુત્રી. સ્વ. લક્ષ્મીદાસ અને સ્વ. હરેન્દ્ર રામદાસના બહેન. સ્વ. હીરાબાઇ હરીદાસ, સ્વ.ગોમતીબેન રામદાસ, સ્વ. પુષ્પાબેન પદમશી, સ્વ.મંજુલાબેન હરજીવનદાસના ભાભી. તથા અ. સૌ. શીલા અને અ. સૌ. તેજલના ફઇ. રવિવાર તા. ૧૯-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ચિતલવાળા, અરુણભાઈ રતિલાલ માવજી મહેતા (ઉં. વ. ૮૦) તે જયશ્રીબેનના પતિ. મેહુલભાઈ તથા હેમલબેનના પિતા. આશિષ તથા જીજ્ઞાના સસરા. ધીરુભાઈ, સ્વ. મનુભાઈ, પ્રવીણભાઈ, હર્ષદભાઈ, હિતેષભાઇ, સ્વ. હંસાબેન મણિલાલ મોદીના ભાઈ, સાસરાપક્ષે સ્વ. સુંદરલાલ નરોત્તમદાસ સંઘવીના જમાઈ ૧૯/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૩/૭/૨૬ના રોજ ૪ થી ૬ ક. વર્ધમાન સ્થા જૈન સંઘ, લોકમાન્ય તિલક રોડ ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

## જૈન મરણ

પાટણ નિવાસી ચિતારાની ખડકીના હાલ મદ્રાસ, સ્વ. સુભદ્રાબેન વ્રજલાલભાઈ અંબાલાલ શાહના સુપુત્ર સુરેશભાઈ (ઉં. વ. ૮૩) તા. ૧૯/૦૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મીનાબેનના પતિ. ચીતલબેનના પિતા. સ્વ. બિરેનભાઈ શાહના સસરા. વર્ધન, તનીશા, સ્મીતીના નાના, સ્વ. ચંપાબેન તથા સ્વ. જીવાભાઈ છગનલાલ શાહના જમાઈ. લૌકીક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સ્વ. ગીરીશ હરીલાલ દોમડીયાના ધર્મપત્ની ભારતી ગિરીશ દોમડીયા (ઉં. વ. ૬૮) મૂળ નિવાસી ગોંડલ હાલ નિવાસી જે. બી. નગર અંધેરી તેઓ સ્વ. હરિલાલ મોહનલાલ દોમડીયા અને સ્વ. દયાકુંવર દોમડીયાના પુત્રવધૂ. સ્વ. અનુપચંદ દલપતરાય મહેતા અને સ્વ. પ્રભાવંતી અનુપચંદ મહેતાના સુપુત્રી. કૌશલભાઇના માતા. રુમીબેનના સાસુ. અરુણાબેન ચંદ્રકાંતભાઇ ખોખાણી, કિર્તીભાઇના અને રીટાબેનના ભાભી. તે શુક્રવાર તા. ૧૭-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી જૈન**

સ્વ. નીલાબેન મહેશકુમાર પારેખ તા. ૧૭-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. ભુપતરાય હિંમતલાલ પારેખ (મુંબઇ). સ્વ. ડો. મનહરલાલ દિપચંદ દફતરી (મોરબી).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. માતુશ્રી લીલાવંતીબેન ગંભીરદાસ પારેખના સુપુત્ર ગુણવંતભાઇના ધર્મપત્ની ઉષાબહેન (ઉં. વ. ૮૬) તે હાર્દિક-રિદ્ધિ, નેહલ કલ્પેશભાઇ પંચમીઆ તથા ઉર્વી નિમેષભાઇ શાહના માતુશ્રી. તે આરવ, પ્રિયલ પાર્થ ઉદાણી, રિદ્ધિ, રીયાના દાદી-નાની. જસુમતીબેન-સ્વ. જયંતીભાઇ, સ્વ. કનકબેન, સ્વ. રમણીકભાઇ, સ્વ. કિરણબેન, સ્વ. પ્રભુદાસભાઇ, સ્વ. જયોત્સનાબેન-પ્રવીણભાઇ, કુસુમબેન-બળવંતભાઇ, પારુલબેન-કિશોરભાઇ, જયોતીબેન, સ્વ. કિરીટભાઇ, અમીબેન, કમલેશભાઇ, વર્ષાબેન રાજેન્દ્રભાઇ મડિયાના ભાભી. તે સ્વ. કાંતાબેન રતિલાલ કોઠારીના દીકરી. તા. ૧૯-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ત્રગડી (સંભવપુર)ના ભારતીબેન હીરજી ગોગરી (ઉં. વ. ૭૭) તા. ૧૮-૭-૨૬ના અવસાન પામ્યા છે. હીરજી મેઘજીના ધર્મપત્ની. હાંસબાઈ મેઘજી કુરપારના પુત્રવધૂ. મેરાઉના સુંદરબેન ધારસી સોજપાર ભેદાના સુપુત્રી. કલ્યાણજી, દેવજી, કાંતિલાલ, મોટા લાયજાના રતનબેન વેલજી વરસંગના બહેન. પ્રાર્થના સભા રાખેલ નથી. ફોન/મેસેજ રૂબરૂતુલ્ય ગણશોજી. નિ. ભારતીબેન હીરજી ગોગરી : સી/ઓ. જયેશ કલ્યાણજી ભેદા : એ-૫૦૨, વિશાલ ઈઈ, કાનજી સ્વામી માર્ગ, સોની વાડીની સામે, સિંપોલી રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨.

ગોધરોના ગુણવંતીબેન લક્ષ્મીચંદ મારૂ (ઉં. વ. ૮૦) તા. ૧૮-૦૭-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી મેઘબાઇ કલ્યાણજી ચનાભાઇના પુત્રવધૂ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. ચિત્રા, રેશ્મા અને અમિતના માતુશ્રી. વિંઝાણના લહેરીબાઇ કેશવજી જેવતના સુપુત્રી. મક્કાબાઇ, તેજબાઇ, સાકરબાઇ, દેવચંદ, લક્ષ્મી, વસંતના બેન. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ૨૫૬/૬, મૃદુલા મેન્સન, વડાલા (વેસ્ટ), મુંબઇ-૩૧.

લાયજાના વિમળાબેન શાંતિલાલ ગડા (ઉં. વ. ૮૪) ૧૯-૦૭ ના અવસાન પામેલ છે. માતુશ્રી દેવકાબેન વિજપાર કેશવજીના પુત્રવધૂ. વર્ષા, ચેતના, ઈલા, નીલા, મેહુલ, વિનયના માતુશ્રી. કોડાય માતુશ્રી લહેરકીબાઈ ધનજી આણંદજીના પુત્રી. નાનાલાલ, ભૂજપુર તારાબેન જયંતીલાલના બહેન. પ્રા.વ. સ્થા. જૈન શ્રી સં.કરશન લઘુ નિશર હોલ, દાદર (પૂ.) ૪ થી ૫.૩૦.

દેશલપુર (કંઠી)ના પિયુષ કેશવજી સોની (ઉં. વ. ૪૯) તા.૧૯-૭-૨૬ના અવસાન પામેલ છે. પ્રેમિલાબેન કેશવજીના પુત્ર. ભાવનાના પતિ. દ્રષ્ટિના પિતા. કલ્પેશ, મિતેષના ભાઈ. મંજુલાબેન મણીલાલ ગોગરીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પિયુષ સોની. ૬, અત્રેય આશ્રમ, રફી અહમદ કીડવાઈ રોડ, માટુંગા (ઈ), મું. ૧૯.

રામાણીયાના માતુશ્રી વિમળાબેન શાંતિલાલ રાંભીયા (ઉં. વ. ૮૧) તા. ૧૯-૭-૨૬ ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન કેશવજી રામજી ના પુત્રવધૂ. શાંતિલાલભાઈના ધર્મપત્ની ડો. ધિરેન, સંગીતાના માતુશ્રી. સમાઘોઘા મણીબેન લખમશી વોરાના સુપુત્રી. કાંતિલાલ, સં.પ. ધર્મેશ મુનિ, રમણીક, વિનોદ, રંજન, જયાના બેન. મંજુલા, રંજન ના નણંદ. પ્રા. સિંધુ ભવન હોલ, સિંધુ ભવન રોડ, અમદાવાદ, સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ અને મુંબઇ માટે ઝુમ મીટિંગ સાંજે ૬ થી ૭ કલાકે. નિ. ડો. ધિરેન રાંભીયા, ૨૩ ગોલ્ડન લોટસ બંગલોસ, સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.

**દેરાવાસી જૈન**

પાલીતાણા નિવાસી હાલ ચેમ્બુર, સ્વ. સુશીલાબેન મનસુખલાલ મહેતાના પુત્ર સુધીરભાઈ (ઉં. વ. ૭૧) ૧૩/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સુજાતાબેનના પતિ. જયેશભાઇના મોટાભાઈ, ચિત્તલ તથા જયના પિતા. સ્વ. કિશોરભાઈ ચુનીલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ દહિસર, પ્રફુલભાઈ જેચંદભાઈ ગાંધીના ધર્મપત્ની અ. સૌ. સરોજબેન ગાંધી (ઉં. વ. ૭૯) ૧૮ જુલાઈ ૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અમીશ તથા દર્શનાના મમ્મી. મીનલ તથા અમિત કુકિયનના સાસુ. આયુષી તથા તીર્થના દાદી. પ્રદીપભાઈ, પરેશભાઈ, જયેશભાઈ તથા સ્વ. અલકાબેન ગિરીશભાઈ દોશીના ભાભી. પિયરપક્ષ સ્વ. કંચનબેન અમૃતલાલ વોરાના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી મનમોહનજીની શેરીના, હાલ ચેન્નઈ, સ્વ. લલિતાબેન અને સ્વ. મહાસુખલાલ ચીમનલાલ શાહના પુત્ર જયવંતભાઈ (ઉં. વ. ૭૭) તે શિલાબેનના પતિ. તારાબેન હસમુખલાલ શાહના જમાઈ. વંદના તથા વિક્રમના પિતા, તેજસ તથા નેહાના સસરા. થિયા, ચાર્મી તથા ધાર્મિકના દાદા-નાના. શનિવાર તા. ૧૮-૭-૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. નિવાસ સ્થાનઃ નં. ૫, પેરિયન નાયકન રોડ, સાવકાર પેઠ, ચેન્નઈ.

## નવમાં પાનાનું ચાલુ

### મુંબઈ મેટ્રોપોલિટન

પડ્યાં હતાં. જોકે દક્ષિણ મુંબઈમાં નહીંવત વરસાદ રહ્યો હતો. હવામાન વિભાગના ડેટા અનુસાર સોમવારે સવારે ૮.૩૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં દક્ષિણ મુંબઈના કોલાબા વેધશાળામાં માત્ર ૫.૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જ્યારે ઉપનગરમાં સરેરાશ સાંતાક્રુઝ વેધશાળામાં ૮૮.૪ મિ.મી. વરસાદ નોંધાયો છે.

આ સમયે મુંબઈના પડોશી જિલ્લાઓમાં જોકે વરસાદ વધુ પડ્યો હતો, જેમાં થાણેમાં ૧૧૫ મિ.મી. અને નવી મુંબઈમાં આ જ સમયગાળા દરમ્યાન સરેરાશ ૯૨.૧૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે આગાહી કરી છે કે મંગળવારે વરસાદની ગતિવિધિ વધુ તીવ્ર બનશે અને મુંબઈ અને થાણે માટે ઓરેન્જ ઍલર્ટ જારી કર્યું છે, જે દર્શાવે છે કે અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ અને ૫૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. તો ૨૨ અને ૨૩ જુલાઈના રોજ મુંબઈ અને થાણે બંને માટે યલો ઍલર્ટ રહેશે, જે દર્શાવે છે કે અલગ અલગ સ્થળોએ ભારે વરસાદ પડશે.

આ દરમ્યાન મુંબઈમાં અત્યાર સુધી સરેરાશ મોસમનો કુલ ૬૬.૦૨ ટકા વરસાદ વરસી ગયો છે, જેમાં દક્ષિણ મુંબઈમાં સરેરાશ ૬૧.૫૨ ટકા અને ઉપનગરમાં સરેરાશ ૬૬.૪૬ ટકા વરસાદનો સમાવેશ થાય છે. તો કોલાબામાં અત્યાર સુધી સરેરાશ ૧,૪૦૮.૯ મિ.મી. (૬૭.૨૫ ટકા) અને સાંતાક્રુઝમાં સરેરાશ ૧,૬૯૫.૨ મિ.મી. ( ૭૩.૧૦ ટકા) વરસાદ પડી ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન મુંબઈમાં શોર્ટ સર્કિટના ૧૩ બનાવ નોંધાયા હતા. જ્યારે ઝાડ અને તેની ડાળખી તૂટી પડવાના ૧૫ તથા ઘરની દીવાલ તૂટી પડવાના બે બનાવ નોંધાયા હતા.

#### જળાશયોમાં ૫૪ ટકાથી વધુ પાણી જમા

સોમવાર સુધીમાં મુંબઈને પીવાનું પાણી પૂરું પાડતાં સાત તળાવો ૭,૮૨,૩૭૦ મિલ્યન લિટર પાણી જમા થયું હતું, જે તેમની કુલ ક્ષમતાના ૫૪.૦૫ ટકા છે. જોકે, જળાશયનું સ્તર ગયા વર્ષ કરતાં નોંધપાત્ર રીતે ઓછું છે. ૨૦૨૫માં આ જ તારીખે, તળાવોમાં ૧૧,૮૭,૮૨૮ મિલ્યન લિટર પાણીનો સંગ્રહ હતો, જે ૮૨.૦૭ ટકા છે. પાલિકાના પાણીપુરવઠા વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે તળાવોનું સ્તર અડધા સ્તરને વટાવી ગયું છે, પરંતુ મે મહિનામાં લાદવામાં આવેલ ૧૦ ટકા પાણી કાપ પાછો ખેંચવાનો હાલ પૂરતો કોઈ વિચાર નથી.

### બેફામ બેસ્ટ

હતો કે એકાએક રિક્ષા બસની સામે આવી ગઈ હતી. રિક્ષાને બચાવવા તેણે બસને બ્રેક લગાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બ્રેક લાગી નહોતી. કદાચ બ્રેક ફેઈલ થવાને કારણે બસ બેકાબૂ બની હતી અને ડિવાઈડર સાથે ટકરાઈ હતી.

કહેવાય છે કે ફલાયઓવરને કિનારેથી રાહદારીઓ રસ્તો ઓળંગતા હોય છે અને લાંબા અંતરની બસો પણ ત્યાં પ્રવાસીઓ માટે રોકાતી હોય છે. પરિણામે તે સ્થળે હંમેશાં લોકોની ખાસ્સી ભીડ હોય છે. બસ ફલાયઓવરની દીવાલ સાથે ઘસાયા પછી ડિવાઈડર સાથે ટકરાઈ હતી.

અકસ્માતમાં રાહદારી પાંડે સહિત ડ્રાઈવર શર્મા અને કન્ડક્ટર વૈભવ વાઘમારે (૪૧) ગંભીર રીતે ઘવાયા હતા. ત્રણેયને રાજાવાડી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં પાંડેને મૃત જાહેર કરાયો હતો. ડ્રાઈવર અને કન્ડક્ટરને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. અકસ્માતમાં બસના પ્રવાસીઓ અને રાહદારી મળી અન્ય આઠ જણ ઘવાયા હતા. જખમીઓમાં શિવમંગલ મૈતી (૪૨), ગણેશ પટેલ (૨૪), લતા વાઘેલા (૪૩), રાજેશ વારુગામીના (૩૫) અને અંકિતા જાધવ (૨૨)નો સમાવેશ થાય છે. સારવાર માટે તેમને ગોવંડીની શતાબ્દી હૉસ્પિટલમાં લઈ જવાયાં હતાં. ગણેશ પટેલની હાલત નાજુક હોવાથી તેને વધુ સારવાર માટે સાયન હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. સવારે પિકઅવર્સમાં બસને અકસ્માત નડતાં હાઈવે પર ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. વાહનોની લાંબી લાઈન જોવા મળી હતી. દરમિયાન બનાવની જાણ થતાં માનખુર્દ પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અકસ્માતગ્રસ્ત બસને ટોઈંગ કરીને પોલીસ સ્ટેશને લઈ જવાયા પછી વાહનવ્યવહાર પૂર્વવત્ કરવામાં આવ્યો હતો. બસની ટેક્નિકલ તપાસ કરવામાં આવશે, એમ પોલીસે જણાવ્યું હતું.

#### મહિનામાં ત્રીજો ગંભીર અકસ્માત

મુંબઈઃ જુલાઈ મહિનો બેસ્ટની બસ માટે અકસ્માતનો હોવાનું દૃશ્ય ઊભું થઈ રહ્યું છે. સોમવારે માનખુર્દમાં બનેલી ઘટના પહેલાં આ જ મહિનામાં બેસ્ટની બસે અંધેરી અને ભાંડુપમાં અકસ્માત સર્જ્યો હતો. ૧૦ જુલાઈએ અંધેરી પશ્ચિમમાં રેલવે સ્ટેશન નજીક બ્રેક ફેઈલ થવાને કારણે બસે ૧૪ વાહનને કચડ્યાં હતાં. મિલ્લત નગરની આ બસની અડફેટે આવતાં આઠ જણ ઘવાયા હતા. તે પહેલાં આઠમી જુલાઈએ ભાંડુપમાં ડ્રાઈવરે બેદરકારીથી બસ રિવર્સ લીધી હતી. પાછળ આવેલી બસ અને છોડના મોટા કૂંડા વચ્ચે રાહદારી ફસાયો હતો. સદ્નસીબે રાહદારીને માત્ર ઈજા થઈ હતી, પરંતુ બસે નજીકમાં પાર્ક કરાયેલાં ચારથી પાંચ વાહનને ટક્કર મારતાં ઘણું નુકસાન થયું હતું.

#### બસમાં કોઈ ટેક્નિકલ ખામી નહીં: બેસ્ટ

મુંબઈઃ માનખુર્દમાં કદાચ બ્રેક ફેઈલને કારણે અકસ્માત થયો હોવાનો દાવો બસના ડ્રાઈવરે કર્યો હતો, પરંતુ બેસ્ટે આ વાતની ચોખ્ખી ના પાડી દીધી હતી. બેસ્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સંબંધિત બસમાં કોઈ ટેક્નિકલ ખામી નહોતી. એ સિવાય ૧૯ જુલાઈ પછી અત્યાર સુધી એ બસમાં કોઈ ખરાબી થઈ હોવાની નોંધ ડેપોમાં થઈ નથી. જોકે તેમ છતાં પોલીસ દ્વારા બસની તપાસ કરવામાં આવી રહી છે.

#### કોન્ટ્રાક્ટરને નોટિસ

મુંબઈઃ માનખુર્દમાં એકના મૃત્યુ અને ૧૦ને ઇજા પહોંચાડવા માટે જવાબદાર બેસ્ટની બસ વેટ લીઝ ઑપરેટરની હતી. ૩૦ વર્ષથી ડ્રાઈવિંગ કરતો શર્મા છેલ્લાં બે વર્ષથી કોન્ટ્રાક્ટર માતેશ્વરી અર્બન ટ્રાન્સપોર્ટમાં કાર્યરત હતો. બેસ્ટ દ્વારા તેને જરૂરી તાલીમ પણ આપવામાં આવી હતી. માનખુર્દની ઘટનાને ગંભીરતાથી લઈને બેસ્ટે હવે કોન્ટ્રાક્ટરને નોટિસ ફટકારી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

### મુંબઈ, પુણે

રહે,' એમ ચૈત્યભૂમિ ખાતે એક મહિલા પ્રદર્શનકારીએ કહ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી) એ આજે સાંજે ૪ વાગ્યે ચૈત્યભૂમિ વિસ્તારમાં વિરોધ પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ચૈત્યભૂમિ ખાતે એકઠા થવા લાગ્યા હતા. પરંતુ માહિતી મળતાં જ પોલીસનો મોટો કાફલો પહોંચી ગયો હતો. વિરોધીઓ ચૈત્યભૂમિ પહોંચ્યા કે તરત જ પોલીસે વિરોધીઓની ધરપકડ શરૂ કરી દીધી હતી.

પ્રદર્શનકારીઓએ પોલીસને પોતાનો પક્ષ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. અમે અહીં શાંતિપૂર્ણ રીતે ફક્ત સોનમ વાંગચૂક અને અભિજિત દીપકેને ટેકો આપવા અને અમારો વિરોધ વ્યક્ત કરવા માટે ભેગા થયા છીએ. અમે શાંતિપૂર્ણ રીતે અમારો વિરોધ વ્યક્ત કરવા માંગીએ છીએ એમ પ્રદર્શનકારીઓ પોલીસને કહી રહ્યા હતા. પરંતુ મુંબઈમાં કર્ફ્યૂનો આદેશ લાગુ હોવાથી વિરોધ કરવા પર પ્રતિબંધ છે. આ કારણે પોલીસે પ્રદર્શનકારીઓની ધરપકડ કરી હતી. તેમણે મીડિયાને પોતાનો પક્ષ સમજાવવાનું શરૂ કરી સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા.

આનાથી વિસ્તારમાં થોડા સમય માટે તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ ગઈ હતી.

માત્ર મુંબઈ જ નહીં પણ પુણેમાં પણ વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શનની માંગ કરી છે. પુણેની પ્રખ્યાત ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (એફટીઆઈઆઈ)ના વિદ્યાર્થીઓએ સોમવારે કોલેજ પરિસરમાં આક્રમક વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન દરમિયાન કેન્દ્રીય શિક્ષણ પ્રધાનના રાજીનામાની માગ કરવામાં આવી હતી. મુંબઈ, પુણે ઉપરાંત નાગપુરમાં પણ વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં એકઠા થઈને વિરોધ પ્રદર્શન કર્યું.

સોમવારે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા સેંકડો વિદ્યાર્થીઓ સંવિધાન ચોક ખાતે એકઠા થયા અને કેન્દ્ર સરકાર સામે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓએ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી કરતા સૂત્રોચ્ચાર કરી પરીક્ષા પ્રક્રિયામાં પારદર્શિતા અને વિશ્વસનીયતાની માગ કરી હતી.

### ડોમ્બિવલીમાં

બંધ ડોમ્બિવલીના માનપાડા ખાતેના ફ્લૅટમાંથી દુર્ગંધ આવતી હોવાની ફરિયાદ પડોશીઓએ કરી હતી. આ અંગે પડોશીઓએ ફ્લૅટમાલિકને જાણ કરી હતી.

અતિશય દુર્ગંધને કારણે ફ્લૅટમાલિકે ભાડુઆતનો સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો હતો. જવાબમાં ભાડુઆતની પત્નીએ ફ્લૅટમાલિકને એક વૉઈસમેઈલ મોકલ્યો હતો, જેમાં પ્રેમી મુસીબત બની ગયો હોવાથી પતિ સાથે મળીને તેને ફ્લૅટમાં પતાવી નાખ્યો હોવાની કથિત કબૂલાત હતી, એમ શિંદેએ જણાવ્યું હતું.

ડરી ગયેલા ફ્લૅટમાલિકે તુરંત પોલીસને જાણ કરી હતી. માહિતી મળતાં જ માનપાડા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. લૉક તોડી દરવાજો ખોલવામાં આવતાં ફ્લૅટના બાથરૂમમાંથી અંદાજે ૪૦ વર્ષના શખસનો કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહને બાથરૂમમાં મૂકી પાણીનો નળ ચાલુ રાખવામાં આવ્યો હતો, જેને કારણે શબ સતત ધોવાતું હતું. પોલીસનું માનવું છે કે પાણીની સાથે શબમાંથી નીકળતું પ્રવાહી વહી જાય અને તરત દુર્ગંધ ન ફેલાય તે માટે નળ ખુલ્લો રાખવામાં આવ્યો હશે.

પોલીસે શખસના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો. તેની ઓળખ મેળવવાના પ્રયાસ પોલીસ કરી રહી છે. આ પ્રકરણે પોલીસે દંપતી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો. પોલીસની ટીમ અલગ અલગ મુદ્દે તપાસ કરી દંપતીની શોધ ચલાવી રહી છે. (પીટીઆઈ)

### છત્રપતિ સંભાજીનગરમાં

થવા બદલ કોઈને પણ જવાબદાર ઠેરવવામાં કેમ આવ્યા નથી. ''કાર્યકર સોનમ વાંગચૂકના ઉપવાસ છતાં સરકાર તરફથી કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. આ લોકશાહી નથી,'' એમ તેમણે કહ્યું.

શનિવારે જંતર-મંતર ખાતેના આંદોલન સ્થળેથી વાંગચૂકને હટાવવામાં ઉતાવળ કરવાને બદલે, કેન્દ્ર સરકારે શિક્ષણ વ્યવસ્થામાં સુધારો કરવામાં તત્પરતા બતાવવી જોઈતી હતી, તેમ અન્ય એક આંદોલનકારીએ જણાવ્યું હતું. આંદોલનકારીએ ઉમેર્યું કે જો સિસ્ટમ નિષ્ફળ જાય, તો પ્રધાને રાજીનામું આપવું જોઈએ. આંદોલનમાં સામેલ વકીલોએ નવી દિલ્હીમાં 'કોક્રોચ જનતા પાર્ટી'ના નેતૃત્વમાં યોજાયેલી 'સંસદ ચલો' કૂચમાં ભાગ લેનારાઓ પર પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની નિંદા કરી. તેમણે કહ્યું કે સરકાર એવું વર્તન કરી રહી છે જાણે લોકોને તેમને સવાલ પૂછવાનો કોઈ અધિકાર જ ન હોય. (પીટીઆઈ)

### મુંબઈ યુનિવર્સિટી

પ્રદર્શન કર્યું હતું. શિક્ષણ ક્ષેત્રમાં કથિત ગોટાળા અને પરીક્ષાનાં પેપર લીકના સંદર્ભમાં કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામાની માગણી પણ કરવામાં આવી હતી.

મુંબઈ યુનિવર્સિટી કેમ્પસની બહાર એનસીપી (એસપી) મુંબઈ એકમના પ્રમુખ અને ભૂતપૂર્વ વિધાનસભ્ય મિલિંદ અણ્ણા કાંબળે, યુવા પાંખના મુંબઈ પ્રમુખ અમોલ માતેલે અને વૈભવ ગાઢવેના નેતૃત્વમાં આ વિરોધ પ્રદર્શનમાં પક્ષના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ ભાગ લઈ કેન્દ્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ સામે પોલીસ કાર્યવાહી લોકશાહી પર હુમલો છે એવો કાંબળેએ કેન્દ્ર સરકાર પર વિરોધને દબાવવાનો આરોપ કરી એમ પણ કહ્યું કે પ્રધાને રાજીનામું આપવું જોઈએ. જો સરકાર કાર્યવાહી કરવામાં નિષ્ફળ જાય તો દેશના યુવાનો લોકશાહી રીતે પ્રતિક્રિયા આપી તેને જવાબદાર ઠેરવશે. શનિવારે જંતર-મંતર પરથી સોનમ વાંગચૂકને હટાવવાની પણ એનસીપી (એસપી) એ ટીકા કરી હતી. તેમની ભૂખ હડતાળના ૨૧મા દિવસે પોલીસ દ્વારા તેમને બળજબરીથી સફદરજંગ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. 'નીટ' પરીક્ષામાં કથિત ગોટાળા અને આ વિવાદ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓનાં મૃત્યુના અહેવાલો સામે સીજેપીના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનના સમર્થનમાં તેઓ ૨૮ જૂનથી અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ પર છે. (પીટીઆઈ)

### શાસન ભારત

દ્વારા પોલીસ બર્બરતાના દૃશ્યો જોશે ત્યારે તેને ખ્યાલ આવશે કે ભારતમાં હવે લોકશાહી નથી રહી પરંતુ દેશ શાસન દ્વારા કબજે કરવામાં આવ્યો છે. બહેતર શિક્ષણ વ્યવસ્થાની માગણી કરી રહેલા યુવા ભારતીયો સામે કોઈ ક્રૂર શાસનદ્વારા બંદૂકો તાકવામાં આવે ત્યારે સમજી લો કે તે શાસન ભારત વિરોધી છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે 'ભાજપે કેટલાંક વર્ષો પહેલાં સામાજિક કાર્યકર્તા અણ્ણા હજારે સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું ત્યારે કૉંગ્રેસ સરકારે વરિષ્ઠ પ્રધાનોને ચર્ચા માટે તૈનાત કર્યા હતા. એ સરકારનો અભિગમ ક્રૂર નહોતો કે નહોતો બદલો લેવા માટે. હું જાણું છું કે આજે આ શક્ય નથી, પણ શું સરકારમાંકોઈને શિક્ષણમાં રસ નથી? (પીટીઆઈ)

### મુંબઈમાં ૨૩ જુલાઈથી

બેન્ડ્સ અને સરઘસમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

જાહેર સ્થળોએ ખલેલ, માનવ જીવન માટે જોખમ અને મિલકતને નુકસાનની શક્યતાના સંકેત આપતા વિવિધ સ્રોતો પાસેથી પ્રાપ્ત ઇનપુટ્સને લઇ આ આદેશ જારી કરાયો છે.

મુંબઈ પોલીસ કમિશનરના અધિકારક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં ૨૨ જુલાઇએ મોડી રાતે ૧૨.૦૧ વાગ્યાથી ૬ ઑગસ્ટ રાતે ૧૨.૦૦ વાગ્યા સુધી નિયંત્રણો અમલમાં રહેશે.

જોકે તે લગ્ન સમારંભો અને સંબંધિત કાર્યો, અંતિમયાત્રા, કંપનીઓ, ક્લબ તથા કોઓપરેટિવ સોસાયટીઓની કાયદેસરની મીટિંગ, સિનેમાગૃહો, થિયેટરો અને અન્ય સ્થળે ભેગા થવા પર લાગુ નહીં થશે.

ઉપરાંત કોર્ટ, સરકારી કાર્યાલયો, વિવિસર કામ માટે સ્થાનિક પ્રશાસન, શાળા, કોલેજ અને શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ તેમ જ ફેક્ટરી, દુકાનો અને આસ્થાપનાઓ ખાતે સામાન્ય વેપાર તથા કામકાજ ખાતે લોકોના ભેગા થવા પર આ આદેશ લાગુ નહીં થશે.

સંબંધિત ડીસીપી અને તેમની દેખરેખ હેઠળના અધિકારીઓ દ્વારા મંજૂર સરઘસ અને મેળાવડા માટે આ આદેશ લાગુ નહીં થશે. આદેશની અમલબજાવણીના સમયગાળામાં કરાતા ઉલ્લંઘન સંબંધમાં કાનૂની કાર્યવાહી અથવા તપાસ નિયંત્રણમાં ચૂક છતાં ચાલુ રહી શકે છે અને આદેશ અમલી છે તેવું ધારીને ઉલ્લંઘન માટે દંડ પણ લાગુ કરાશે. (પીટીઆઇ)

### સમૃદ્ધિ એક્સપ્રેસ-વે

અકસ્માત વિરુલ ગામ પાસે મળસકે ત્રણ વાગ્યાની આસપાસ થયો હતો. એક્સપ્રેસવે પર ઈન્ટરચેન્જ આઈસી-૮૦ નજીક ઈથેનોલ ભરેલી ટ્રક એકાએક ઊંધી વળી ગઈ હતી. એ જ સમયે બાજુની લેન પરથી આવેલી કાર ટ્રક સાથે ટકરાઈ હતી. આ ટક્કરને કારણે બન્ને વાહનમાં આગ લાગી હતી. આ ઘટનામાં કારમાં પ્રવાસ કરનારા ચાર અને ટ્રકમાં હાજર ડ્રાઈવર સહિત બે જણનાં મોત નીપજ્યાં હતાં.

અકસ્માતની જાણ થતાં જ હાઈવે સેફ્ટી પેટ્રોલ, વર્ધા પોલીસ, ફાયર બ્રિગેડ અને મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના અધિકારી ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મૃતકોનાં શબને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં લઈ જવાયાં હતાં અને ટ્રાફિકના નિયમનની કામગીરી હાથ ધરાઈ હતી.

પોલીસે જણાવ્યું હતું કે કન્ટેનરમાં અત્યંત જ્વલનશીલ ઈથેનોલ હોવાથી તેને સુરક્ષિત રીતે ખસેડવું જરૂરી હતું. નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ કામગીરી હાથ ધરાઈ હતી. મુંબઈથી નાગપુર તરફ જતાં વાહનોને વિરુદ્ધ લેનમાં ડાયવર્ટ કરાયાં હતાં. પરિણામે ટ્રાફિક જૅમની સ્થિતિ નિર્માણ થઈ હતી. (પીટીઆઈ)

### નાગપુરમાં

'સંવિધાન ચોક' ખાતે એકઠા થયા હતા અને શિક્ષણ પ્રધાન રાજીનામું ન આપે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાનો સંકલ્પ કર્યો હતો. દેશની રાજધાનીમાં જંતર-મંતર પરથી વાંગચુકને બળજબરીપૂર્વક હટાવવા અને સંસદ તરફની કૂચ દરમિયાન વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલા લાઠીચાર્જ સામે વિરોધ પ્રદર્શનકારીઓએ રોષ વ્યક્ત કર્યો હતો. પ્લેકાર્ડ, બેનરો અને શહીદ ભગતસિંહની તસવીરો સાથે, ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે પ્રદર્શનકારીઓ એકઠા થયા હતા.

### સરકાર યુવાનોથી

સંજય રાઉતે આ ઘટનાક્રમને લઈને કેન્દ્ર સરકાર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું છે.

સંસદ સભ્ય સંજય રાઉતે પોતાના સોશ્યલ મીડિયા એકાઉન્ટ 'એક્સ' પરથી ટ્વિટ કરીને કેન્દ્ર સરકાર પર તીવ્ર પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું છે કે 'સરકાર યુવાનોથી ડરી ગઈ છે. સંસદ તરફ કૂચ માટે પરવાનગી નકારવામાં આવી. એમનું ચાલ્યું હોત તો જંતર-મંતર પર લાખો લોકો વિરુદ્ધ ઈડી દ્વારા કાર્યવાહી કરવામાં આવી હોત. પણ એ શક્ય નથી. કૂચનો રસ્તો ઈડી તરફ વાળવો જોઈએ.

ઈડી, સુપ્રીમ કોર્ટ જેવી સંસ્થા મોદી અને શાહની ગુલામ બની ગઈ છે.' પ્રદર્શનકારીઓને રોકવા માટે સ્થળ પર પાણીના કેનન અને રમખાણો નિયંત્રણ 'વજ' વાહનો તૈનાત કરવામાં આવ્યાં છે.

### એફટીઆઈઆઈના

સાથે દેશભરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને, એફટીઆઈઆઈના વિદ્યાર્થીઓ આ મુદ્દાને સમર્થન આપે છે, એમ એફટીઆઈઆઈ સ્ટુડન્ટ્સ એસોસિએશન (એસએસએ) એ એક નિવેદનમાં જણાવ્યું હતું.

તેમાં જણાવાયું છે કે, થોડા મહિનાઓ પહેલા જ એફટીઆઈઆઈની પ્રવેશ પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થયું હતું, પરંતુ તે અંગે કોઈની પણ જવાબદારી નક્કી કરવામાં આવી નથી. એસએસએના એક પ્રતિનિધિએ કહ્યું કે પ્રશ્નપત્ર લીક થવાની ઘટનાઓ માત્ર અમુક સ્થળો પૂરતી સીમિત ન રહેતા હવે દેશવ્યાપી સમસ્યા બની ગઈ છે. એસએસએના અન્ય એક સભ્યએ કહ્યું કે સરકારે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવી જોઈએ, પરંતુ તેના બદલે તે વિરોધ પ્રદર્શનોને દબાવવા માટે તેમની સામે બળપ્રયોગ કરી રહી છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

મુંબઈ સમાચાર

# તન મન ધનથી રહો તરોતાજા



# રોકાણનું જમા-ઉધાર



અમિત ત્રિવેદી feedback@bombaysamachar.com

## ના જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે...

**રામાયણની** કથા સાથે જોડાયેલી આ કેટલીક શક્તિશાળી પંક્તિ છે! ભગવાન શ્રીરામનો બીજા દિવસે સવારે રાજ્યાભિષેક થવાનો હતો, પરંતુ તેમને આગલી રાત્રે ખબર નહોતી કે સવાર શું લઈને આવશે. જ્યારે પણ કોઈ વ્યક્તિ ભવિષ્ય જાણવાનો દાવો કરે છે ત્યારે આ પંક્તિ યાદ આવે એ સ્વાભાવિક છે. આપણી આસપાસ ઘણા એવા કહેવાતા નિષ્ણાતો છે જે શૅરબજાર હોય, કોઈ ચોક્કસ શૅરની કિંમત હોય, સોનું હોય, પેટ્રોલ હોય કે ચાંદી ભવિષ્યમાં કિંમતો કઈ દિશામાં જશે તેની આગાહી કરવાનો પ્રયાસ કરે છે. ઘણીવાર, કુશળતાને ભવિષ્યની આગાહી કરવાની ક્ષમતા સાથે સરખાવી દેવામાં આવે છે. લોકો નિષ્ણાતો પાસેથી તેમની આગાહીઓ આપવાની અપેક્ષા રાખે છે. અને તેથી જ દર વર્ષે જાન્યુઆરીમાં ઘણા લોકો આ ‘કહેવાતા’ નિષ્ણાતો પાસેથી બજાર વિશેની આગાહીઓની રાહ જુએ છે.

**ચાલો, આપણે છેલ્લાં છ-સાત વર્ષમાં શું બન્યું છે તેના પર એક નજર કરીએ.**

- ૨૦૧૯માં કેટલા લોકોએ આગાહી કરી હશે કે આગામી થોડાં વર્ષોમાં દુનિયા બદલાઈ જશે? દુનિયાની અડધી વસ્તી પોતાનાં ઘરોમાં કેદ થઈ જશે? આગાહી કરવાની વાત તો દૂર, તે કલ્પના બહારની વાત હતી.
- ૨૦૨૧માં કોણે કલ્પના કરી હશે કે રશિયા યુક્રેન પર હુમલો કરશે? વિકસિત દેશોમાં ૧૦% થી વધુ ફુગાવો અકલ્પ્ય થઈ જશે.
- વર્ષ ૨૦૨૨માં, યુ.એસ.માં ત્રણ મોટી બૅન્ક પડી ભાંગી... અને તાજેતરનાં વર્ષોમાં, આપણે ઇઝરાયલ-યુએસ-ઈરાન યુદ્ધને કારણે ભારે અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા છીએ.

ઉપરોક્ત બધી ઘટના સંપૂર્ણપણે અણધારી હતી, પરંતુ દરેકની રોકાણકારના પોર્ટફોલિયોના મૂલ્ય પર થોડી-ઘણી અસર પડી હતી. માણસ માત્ર નિશ્ચિતતાને ચાહે છે અને અનિશ્ચિતતાને ધિક્કારે છે. અને આ જ પ્રક્રિયામાં, લોકો આવી આગાહીઓ પર વિશ્વાસ મૂકી દે છે. ઘણીવાર નાના અક્ષરોમાં લખાયેલી ચેતવણીઓ અને ડિસ્ક્લેમર્સને પણ અવગણીને, પરંતુ મોટાભાગે, આ આગાહીઓ વાસ્તવિકતામાં જે બને છે તેનાથી ઘણી દૂર હોય છે.

પોતાના વ્યક્તિગત નાણાંનું સંચાલન કરવા માટે, ઉપરોક્ત પાઠ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ઘણા લોકોએ મને પૂછ્યું છે કે જો પરિણામ શું આવશે તેની ખબર જ ન હોય તો પૈસા રોકાણ કેમ કરવા?

તેમની વાતમાં એક તર્ક છે, પરંતુ સાથે સાથે કડવી હકીકત એ છે કે કોઈને પણ ભવિષ્યની ખાતરી નથી. હકીકતમાં, જો ભગવાન શ્રીરામને પણ ખબર નહોતી તો આપણે તો માત્ર સામાન્ય માનવો છીએ.

- તો પછી પ્રશ્ન એ છે કે ભવિષ્ય જાણ્યા વિના વ્યક્તિ પોતાનાં નાણાકીય આયોજન કેવી રીતે કરે?
- **જવાબ છે:**

ખાસ કરીને જ્યારે આપણને ભવિષ્ય વિશે અનિશ્ચિતતા હોય ત્યારે આપણે યોજના બનાવવાની જરૂર હોય છે.

આપણે આપણાં નાણાં વિશે એવા નિર્ણયો લઈશું કે જેથી ભવિષ્ય વધુ સારું અને આરામદાયક બને, પરંતુજ્યારે ભવિષ્ય અજાણ હોય, ત્યારે આપણે વિવિધ સંભાવનાઓને ધ્યાનમાં લઈ, શક્ય તેટલી પરિસ્થિતિઓમાં પોતાની સ્થિતિ સુરક્ષિત રહે તેવો પ્રયાસ કરી શકીએ. આ માટે આપણે કેટલીક ધારણા કરીએ છીએ. આપણે વિવિધ સંભાવનાઓનું વિશ્લેષણ કરીએ છીએ. આ ધારણાઓ અને સંભાવનાઓ ક્યારેક એટલી સચોટ ન પણ હોય. અને છતાં, આયોજનની પ્રક્રિયા શરૂ કરવા માટે આપણે ધારણાઓથી શરૂઆત કરવાની જરૂર છે.

વ્યક્તિગત નાણાકીય યોજના તૈયાર કરવાની પ્રક્રિયામાં અમૂલ પગલાં લેવાં અત્યંત મહત્ત્વપૂર્ણ છે. જો તમે આ જાતે ન કરી શકો તો કોઈ વ્યાવસાયિકની આર્થિક સલાહકારની મદદ લો. આ નિષ્ણાતો તેમના જ્ઞાન અને અન્ય ગ્રાહકો સાથે વર્ષોનો અનુભવ લાવે છે જેથી તમને એવી યોજના બનાવવામાં મદદ મળે કે તમારાં લક્ષ્યો પ્રાપ્ત કરવાની સંભાવના વધે.■

### ફાયનાન્સ ફંડા

મિતાલી મહેતા
feedback@ bombaysamachar.com




## આવી ઈમર્જન્સીનું આયોજન ક્યારેય કર્યું જ નહીં ને પછી...

**રાહુલે** આમ તો પોતાના નાણાકીય આયોજનમાં લગભગ બધું જ યોગ્ય કર્યું હતું. તે દર મહિને નિયમિત રીતે SIPમાં રોકાણ કરતો, નિવૃત્તિ માટે ભંડોળ ઊભું કરતો અને બિનજરૂરી દેવું લેવાનું ટાળતો. દર મહિને પગાર મળતાંની સાથે જ તેની આવકનો એક હિસ્સો તેના ભવિષ્યને સુરક્ષિત બનાવવા માટે રોકાણમાં જતો. તેને હંમેશાં લાગતું કે જ્યાં સુધી તે નિયમિત રોકાણ કરતો રહેશે ત્યાં સુધી બધું સારું જ રહેશે.

જોકે એક દિવસ તેની કંપનીએ મોટા પાયે કર્મચારીઓની છટણી કરવાની જાહેરાત કરી. થોડા જ કલાકોમાં રાહુલ પણ પોતાની નોકરી ગુમાવી બેઠો.

શરૂઆતમાં તેને ખાસ ચિંતા નહોતી. વર્ષોનો અનુભવ હોવાથી તેને વિશ્વાસ હતો કે તેને જલદી નવી જૉબ મળી જશે, પરંતુ જૉબ બજાર મંદ હતું. એક મહિનો... ત્રણ મહિના... અને પછી ૬ મહિના વીતી ગયા.

આ દરમિયાન તેની આવક સંપૂર્ણપણે બંધ થઈ ગઈ હતી, પરંતુ ઘરખર્ચ તો પહેલાંની જેમ જ ચાલુ હતો. ઘરનું ભાડું, બાળકોની સ્કૂલ ફી, કરિયાણું, વીજળીના બિલ, વીમાનાં પ્રીમિયમ અને લોનના EMI.

પરિસ્થિતિને સંભાળવા માટે તેણે સૌથી પહેલાં પોતાની SIP બંધ કરી. થોડા સમય પછી રોજિંદા ખચા માટે તેને પોતાના લાંબા ગાળાના રોકાણમાંથી પણ પૈસા કાઢવા પડ્યા. છેવટે તેને નવી નોકરી મળી ગઈ, પરંતુ ત્યાં સુધીમાં ઘણું બધું બદલાઈ ચૂક્યું હતું. તેની રોકાણની સફર વચ્ચે જ અટકી ગઈ હતી, ઘણાં નાણાકીય લક્ષ્યો પાછળ ઠેલાય ગયાં હતાં અને વર્ષોથી શિસ્તપૂર્વક બનાવેલી નાણાકીય ગતિ તૂટી ગઈ હતી.

- **ભૂલ ક્યાં હતી?**

ભૂલ નોકરી ગુમાવવાની નહોતી. ભૂલ એ હતી કે તેણે ક્યારેય વિચાર્યું જ નહોતું કે આવી કોઈ અણધારી ઇમર્જન્સી પણ આવી શકે છે અને તેના માટે કોઈ અલાયદું આયોજન જરૂરી છે.

- **ભૂલ ક્યાં થાય છે? અણધારી પરિસ્થિતિની અવગણના**

મોટાભાગના લોકો ઘર ખરીદવું, બાળકોનું શિક્ષણ, નિવૃત્તિ કે વેકેશન જેવાં નાણાકીય લક્ષ્યો માટે તો આયોજન કરે છે, પરંતુ જીવનમાં કેટલીક પરિસ્થિતિઓ એવી પણ આવે છે જેનું કોઈ કૅલેન્ડર હોતું નથી.

નોકરી જવી, ગંભીર બીમારી, અકસ્માત, પારિવારિક કટોકટી અથવા ધંધામાં અચાનક આવેલી મશ્કેલી આવી કોઈ પણ ઘટના આવકને અચાનક અટકાવી શકે છે, જ્યારે ખર્ચ તો યથાવત્ ચાલુ જ રહે છે. જો આવી સ્થિતિમાં તમારી પાસે ઇમર્જન્સી ફંડ ન હોય તો વર્ષોથી કરેલું રોકાણ તોડવું પડે, SIP બંધ કરવી પડે અથવા રોજિંદા ખર્ચ માટે લોન લેવાની ફરજ પડી શકે છે.

- **આવું કેમ થાય છે?**

સારા દિવસોમાં ઇમર્જન્સી ફંડ બનાવવું ઘણીવાર બિનજરૂરી લાગે છે. ઘણા લોકો વિચારે છે કે ઓછું વળતર આપતાં સુરક્ષિત રોકાણનાં સાધનોમાં પૈસા રાખવા કરતાં તેને બજારમાં રોકી દેવા વધુ સારું, પરંતુ ઇમર્જન્સી ફંડનો હેતુ ઊંચું વળતર મેળવવાનો નથી. તેનો હેતુ છે જ્યારે જીવન અણધાર્યો વળાંક લે ત્યારે તમારી પાસે તરત ઉપયોગમાં લઈ શકાય એવી રોકડ સુલભતા ઉપલબ્ધ હોવી જોઈએ.

જો આવું ભંડોળ ન હોય તો લાંબા ગાળાનાં લક્ષ્યો માટે કરેલા રોકાણનો ઉપયોગ ટૂંકા ગાળાની જરૂરિયાતો માટે કરવો પડે છે. પરિણામે માત્ર માનસિક તણાવ જ ઊભો થતો નથી, પરંતુ તમારા લાંબા ગાળાના નાણાકીય આયોજનને પણ મોટો ફટકો પડે છે.

- **મુખ્ય શીખ:** ઇમર્જન્સી આવે તે પહેલાં જ તેનું કવચ બનાવો

દરેક પરિવારે ઓછામાં ઓછા ૬ મહિનાના જરૂરી ઘરખર્ચ (જેમાં ઘરખર્ચ, વીમા પ્રીમિયમ અને EMI સામેલ હોય) જેટલું ઇમર્જન્સી ફંડ સુરક્ષિત અને સરળતાથી ઉપાડી શકાય તેવાં સાધનોમાં રાખવું જોઈએ.

### શું છે આ માટેનો એક વ્યવહારુ અભિગમ

- **ઇમર્જન્સી ફંડને ક્યારેય રોકાણ તરીકે ન જુઓ:** આ તમારું નાણાકીય સુરક્ષા કવચ છે. તેનો હેતુ નફો કમાવવાનો નથી, પણ મુશ્કેલ સમયમાં રક્ષણ આપવાનો છે.
- **લાંબા ગાળાના રોકાણનું રક્ષણ:** આ ફંડ તમારી પાસે હશે તો અણધારી પરિસ્થિતિમાં તમારે તમારાં લાંબા ગાળાનાં રોકાણોને અડવાની કે તોડવાની જરૂર નહીં પડે.
- **ક્યાં રાખવું?:** આ રકમ સેવિંગ્સ એકાઉન્ટ, શૉર્ટ-ટર્મ ફિક્સ્ડ ડિપોઝિટ (FD) અથવા લિક્વિડ ફંડ્સ જેવાં સાધનોમાં હોવી જોઈએ, જ્યારે જરૂર પડે ત્યારે ઝડપથી પૈસા હાથમાં આવી શકે. ■

**ટૂંકમાં ...**


*ઇમર્જન્સી ક્યારેય આગોતરી જાણ કરીને આવતી નથી, પરંતુ તેના માટેની તૈયારી આજે જ કરી શકાય છે. નાણાકીય આયોજનનો સાચો અર્થ માત્ર સંપત્તિ બનાવવામાં નથી, પરંતુ વર્ષોની મહેનત અને શિસ્તથી ઊભા કરેલા નાણાકીય પાયાને સુરક્ષિત રાખવામાં પણ છે.*

*યાદ રાખો, સંપત્તિ ઊભી કરવામાં વર્ષો લાગી જાય છે, પરંતુ માત્ર એક અણધારી આર્થિક કટોકટી તમારી નાણાકીય સફરને વર્ષો પાછળ ધકેલી શકે છે માટે આવી ઇમર્જન્સી માટે સાબદા રહો...*

### આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક
feedback@ bombaysamachar.com

## વિટામિન Aની ઊણપથી બચવું કેમ જરૂરી છે?



**આજના** સમયમાં લોકો અનેક પ્રકારના વિટામિનની ઊણપથી પીડાતા હોય છે. આપણે આ પહેલા વાત કરી કે પ્રત્યેક વિટામિનનું એક વિશેષ કાર્ય આપણા શરીર માટે હોય છે. જે તે વિટામિનની ઊણપ શરીર માટે, આપણા આરોગ્ય માટે કેટલીક મુશ્કેલીઓ સર્જે છે. આજે આપણે વાત કરીએ વિટામિન A વિશે....

વિટામિન A આપણા શરીરની ઘણી પ્રણાલીઓમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સ્વસ્થ દૃષ્ટિ, ચયાપચય અને કોષોના વિકાસ માટે વિટામિન A આવશ્યક છે. તે તમારી રોગપ્રતિકારક શક્તિ અને પ્રજનન તંત્રને સ્વસ્થ રાખવામાં પણ મહત્ત્વનું યોગદાન આપે છે.

શરીર જાતે વિટામિન A બનાવી શકતું નથી, તેથી આપણે તેને ખોરાક દ્વારા મેળવવું પડે છે.

વિટામિન A આપણી દૃષ્ટિ માટે અત્યંત આવશ્યક છે. આપણી આંખોના રેટિના (નેત્રપટલ) યોગ્ય રીતે કાર્ય કરે તે માટે ચોક્કસ પ્રકારના રંજકદ્રવ્યો (pigments) બનવા જરૂરી છે. વિટામિન Aની ઊણપને કારણે આંખોમાં આ રંજકદ્રવ્યો બનાવવાની ક્ષમતા અવરોધાય છે, જેના પરિણામે ‘રતાંધળાપણું’(night blindness) થઈ શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો, રાત્રે જોઈ શકવા માટે આપણને વિટામિન Aની જરૂર હોય છે. આપણી આંખોના કોર્નિયા (પારદર્શક પટલ) ને યોગ્ય રીતે ભીના અને મુલાયમ રાખવા માટે જરૂરી ભેજ ઉત્પન્ન કરવા પણ વિટામિન Aની જરૂર પડે છે. જો કોર્નિયા વધુ પડતા સૂકા થઈ જાય, તો તે ક્ષતિગ્રસ્ત થઈ શકે છે, જેનાથી અંધાપો આવી શકે છે.

વિટામિન A આપણી ત્વચા તેમ જ ફેફસાં, આંતરડાં અને મૂત્રમાર્ગના અંદરના આવરણને પણ ઉત્તમ સ્થિતિમાં જાળવી રાખે છે. આ ઉપરાંત, તે ચેપ સામે રક્ષણ મેળવવામાં આપણી રોગપ્રતિકારકશક્તિને મદદ કરે છે. ■

### ઊણપથી કઈ ગૂંચવણો થઈ શકે છે?

જ્યારે શરીરને યોગ્ય રીતે કાર્ય કરવા માટે જરૂરી માત્રામાં વિટામિન A મળતું ન હોય, ત્યારે ઘણી ગૂંચવણો થઈ શકે છે. વિટામિન A આંખોના ઘણા કાર્યોમાં મુખ્ય પરિબળ છે. તેની ઊણપથી દૃષ્ટિ જઈ શકે છે. ત્વચા શુષ્ક, ભીંગડા વાળી અને/અથવા ખંજવાળવાળી થઈ શકે છે. વિટામિન A પ્રજનન પ્રણાલીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેની કમીથી ગર્ભધારણમાં મુશ્કેલી અને વંધ્યત્વ આવી શકે છે.

બાળકોમાં વિટામિન Aની ઊણપ વિકાસમાં વિલંબનું કારણ બની શકે છે. તેની ઊણપ રોગપ્રતિકારકશક્તિમાં સમસ્યાઓ ઊભી કરે છે. આનાથી તમારી છાતી અને ગળામાં ચેપ લાગી શકે છે.

### ઊણપ શાના કારણે ?

ખોરાકમાં પૂરતું વિટામિન A ન મળવું એ તેની ઊણપનું મુખ્ય કારણ જોવા મળે છે. લીવરની સમસ્યાઓ પણ વિટામિન Aની ઊણપમાં ફાળો આપે છે. લીવરનું કેન્સર કે ઈજા તમારા શરીરમાં વિટામિન Aના સ્તરને સીધી અસર કરે છે, કારણ કે તમારું યકૃત શરીરના મોટાભાગના વિટામિન એનો સંગ્રહ કરે છે. ચરબીનું શોષણ કરવાની શરીરની ક્ષમતાને ક્ષતિગ્રસ્ત કરતા રોગો કે સ્થિતિઓ પણ વિટામિન Aની ઊણપનું કારણ બની શકે છે. ઝીંક અને આયર્નની ઊણપ પણ વિટામિન Aની કમી ઊભી કરી શકે.

### કઈ રીતે રોકી શકાય?

વિટામિન Aની ઊણપને રોકવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે આરોગ્યપ્રદ આહાર લેવો, જેમાં વિટામિન A ધરાવતા ખોરાકનો સમાવેશ થાય છે. વિટામિન A કુદરતી રીતે મળતું હોય તેવા પદાર્થો વિશે જાણીએ. તો લીલા શાકભાજી, જેમ કે પાંદડાવાળા લીલા શાકભાજી અને બ્રોકોલી, ગાજર, કોળું, શક્કરીયા અને સ્ક્વોશ. નારંગી અને પીળા ફળો, જેમ કે સંતરા, કેરી, કેન્ટાલૂપ અને પપૈયા. ડેરી ઉત્પાદનો, વગેરે

અનાજ, બટાકા, ઘઉં અને વિટામિન Aથી સમૃદ્ધ સોયાબીન. જો જરૂરી હોય, તો ડોક્ટર વિટામિન A સપ્લિમેન્ટ્સ લેવાની સલાહ પણ આપી શકે છે.

# ચોમાસામાં મળતી પાવરફૂલ ભાજી...

**આહારથી આરોગ્ય સુધી**

ડૉ. હર્ષા છાડવા
feedback@bombaysamachar.com



ગ્રીષ્મ ઋતુના આકરા તાપ પછી વર્ષા ઋતુનું આગમન એ સમગ્ર જીવસૃષ્ટિ માટે વરદાન રૂપ છે. સમયસર વર્ષાના વધામણા થતાં જળપ્રકૃતિમાં પ્રાણ પુરાઇ જાય છે. સમગ્ર કુદરતમાં નવી તાજગી પ્રસરી જાય છે. વનસ્પતિ વૃક્ષો નવ પલ્લવિત થઇ જાય. ચારેતરફ લીલા ગાલીચા જાણે પથરાઇ જાય છે. વર્ષા ઋતુ એ ભારતીય સંસ્કૃતિ અને આબોહવા મુજબની સૌથી મહત્ત્વપૂર્ણ ઋતુ છે. પ્રકૃતિ અને માનવજીવન માટે ઊર્જા લઇ આવે છે. આ વર્ષા ઋતુ તહેવારોની પણ જાણે ઋતુ છે. વ્રતો અને તહેવારો એ માનવની પ્રકૃતિ (શારીરિક રીત) પણ ખૂબ મહત્ત્વના છે. વર્ષા ઋતુમાં બીમારીઓથી બચવા કે સ્વસ્થ રહેવા માટે ચોમાસામાં થતી વનસ્પતિઓ એ ખૂબ જ પાવરફૂલ છે. જો આનો ઉપયોગ સમયસર કરી લેવાથી સંપૂર્ણ શરીર સ્વસ્થ રહે છે. ચોમાસામાં થતી વ્યાધિઓ ચામડીનો રોગ, ગેસ્ટ્રીક પ્રોબ્લેમ, આયર્નની ઊણપ, વાયરલ સંક્રમણ, શરીરના દુખાવા, ફગલ ઇન્ફેકશન, વાયરલ તાવ, આર્થરાઇટીસની વ્યાધિમાં થતાં દુઃખાવા શરદી, માંસપેશીઓમાં ખેચાવ જેવી તકલીફો દૂર થાય છે.

### ચોમાસામાં મળતી ભાજીઓ

**કુલ્ફા ભાજીઃ** આ ભાજી પાચનતંત્રને ખૂબ જ મજબૂત બનાવે છે. હાઇડ્રેશનથી બચાવે છે. ઇમ્યુનીટીને મજબૂત બનાવે છે. આયર્ન અને કેલ્શિયમ આમાં મોટા પ્રમાણમાં છે. ઓમેગા-૩, વિટામિન એ, સી અને ઇ છે. હાડકાંની મજબૂતી વધારે છે. વાળની સમસ્યા દૂર કરે છે. ચોમાસામાં સૂર્ય પ્રકાશ ન હોવાથી વિટામિન ડીની કમીના કારણે વાળ ઊતરે છે. ત્યારે આ ભાજીના ઉપયોગ વાળની સમસ્યા દૂર થાય છે. શરીરમાં સુગર વધવાને કારણે આંખોમાંથી પાણી આવે ત્યારે આના ઉપયોગથી આ સમસ્યા જલદી સારી થાય છે. આનું શાક, સુપ કે રસ બનાવી લઇ શકાય.

**કુરાળા ભાજી :** કુરડઇ ભાજી- આ સ્વાદિષ્ટ ભાજી છે. એરામેટીક ભાજી છે. આ હાઇએનર્જી અને ફાઇબરવાળી ભાજી છે. એટલે તરત જ એનર્જી આપે છે. પ્રોટીનની માત્રા ભરપૂર છે. તેથી માંસપેશીઓને મજબૂત કરે છે. આ ભાજીને અસલ મરાઠી પદ્ધતિથી બનાવી વાપરવાથી સ્વાદ અને સ્વાસ્થ્ય જળવાય છે.

**ડુંગરા ભાજી :** આ એક વિશેષ મોસમી લીલી પતેદાર ભાજી છે. પ્રોટીનથી ભરપૂર છે. ખનિજ અને સ્વાદથી ભરપૂર છે. બ્લ્ડ સુગરને કંટ્રોલ કરવા માટે ઉત્તમ છે. કેન્સરના રોગી માટે વરદાન છે. હૃદયનું સ્વાસ્થ્ય જળવાય છે. વિટામિન એ અને સી ના કારણે ઇમ્યુનીટી માટે ખૂબ જ સારું પરિણામ આપે છે. આ ભાજીના મુઠિયા સ્વાદિષ્ટ લાગે છે. શાક પણ બનાવી શકાય.

**કલમી ભાજી :** વોટર સ્પીનેચ -નારીસાગ જેવા નામની આ ભાજી ચામડીની બધી જ વ્યાધિઓ દૂર કરે છે. વ્યાધિ ન હોય તો પણ ચામડીને સુંદર બનાવાનું કાર્ય કરે છે. આ ભાજી વારંવાર ખાવાનું મન થાય. શરીરને કુદરતી રીતે કુલ રાખે છે. આનું આયર્ન એનીમીયા દૂર કરે છે. શરીરને શક્તિ બક્ષે છે. કબજિયાત અને મૂળ વ્યાધિ દૂર કરી દે છે. કીડની સ્ટોન થવા દેતી નથી. હિમોગ્લોબીનની ઊણપમાં સારું પરિણામ આપે છે. બહુ જૂની ઉધરસ માટે આનો ઉપયોગ કરવો જોઇએ.

**પોઇ ભાજીઃ** -મલબાર સ્પીનેચ : મજબૂત લીલાપાનવાળી ભાજી, શક્તિશાળી બનવા માટેની ભાજી છે. વિટામિન એ અને સી તેમ જ કેલ્શિયમ અને આયર્નની માત્રા મોટા પ્રમાણમાં છે. પ્રોટીન પ્રદાન કરનારી આ ભાજી સ્વાદિષ્ટ છે. પોટેશ્યમ અને મેગ્નેશ્યમનો સ્રોત છે. જે હૃદયની નબળાઇ, હૃદયની નસોને ખૂબ જ મજબૂત બનાવે છે. આ ભાજી ખાનારના કોલેસ્ટ્રોલ મજબૂત બને છે, જેથી કયારેય હૃદયની બીમારી થતી નથી. હાડકાંની નબળાઇ એટલે કે ઓસ્ટ્રીયોપોરોસીસની વ્યાધિમાં સ્ત્રીઓ માટે આ વરદાનરૂપ છે.

**સીતોદરીના ફૂલ :** આ વર્ષા ઋતુમાં આવતા ફૂલો છે. વર્ષા ઋતુમાં થતા ચામડીના રોગ પર રામબાણ છે. ખીલ, ખીલના ડાઘા, સનબર્ન, સ્કીન ડીસઓર્ડર પર ખૂબ જ કામ કરે છે. લોહીનું શુદ્ધિકરણ કરી ઇમ્યુનીટી વધારી દે છે. આને આંકાડોળીના ફૂલ પણ કહેવાય છે. ચામડીની ખરાબી છે. માટે જ ખાવા એવું નથી. ભવિષ્યમાં થતી બીમારીઓ અટકવા માટે ઉપયોગ કરવો.

**ખાટી ભાજી :** આ ભાજીના બીજુ નામ અંબાડી ભાજી, ખટી સૂકા ભાજી એ અલગ ભાજી છે. બે ત્રણ પ્રકારની અલગ અલગ ભાજીઓ છે જે બધી ભાજીનો સ્વાદ ખૂબ મજેદાર છે. લોહીનું શુદ્ધિકરણ કરે છે. પાચનને સતેજ રાખે છે. રંગ ગોરો બનાવે છે. ડાયાબિટીસને નાબૂદ કરવાની તાકાત ધરાવે છે. ગોલબ્લાન્ડરની પથરી માટે સાથે સાથે થોડું ખાવાપીવા પર પણ ધ્યાન આપવાથી અચૂક બહાર નીકળી જાય છે. મારી પાસે આવેલ બહેનની પથરી ફક્ત સોળ દિવસમાં જ ઓગળી ગઇ છે.

ચોમાસુંમાં બીજી ઘણીયે ભાજી જેમ કે લાલમાઠ, મોટી તાંદળજો ભાજી, મોરશની ભાજી, ધોલ્લાવાલ, પોડશી ભાજી, ખાપરા ટાકળા (પુનર્નવા) બથુવા ભાજી જે ખરેખર પાવરફૂલ ભાજીઓ છે. આ ચોમાસામાં આ ભાજીનો વપરાશ કરીને લાભ લ્યો જેથી આગળ કોઇ બીમારીઓ ન આવે. ■


# ગળાનું ઈન્ફેકશન

**આરોગ્ય પ્લસ**

સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા
feedback@bombaysamachar.com

### ગળાનાં ઈન્ફેકશનનાં લક્ષણ

- ગળાની અંદર લાલશ અને સોજો આવી જવો.
- ગળામાં અને કાનમાં દુઃખાવો થવો.
- કાકડાઓ (Tonsils) સૂજી જવા, છોલાઇ જવા અને લાલ થઇ જવા.
- માથું દુઃખે કે નાકમાંથી પાણી પડવું.
- જો વધી જાય તો શરીરનાં અંગો દુઃખાવા લાગે અને તાવ પણ આવી શકે.



### બેક્ટેરિયલ ઈન્ફેકશન

સોજી ગયેલ પડ, જીભ કાકડા ઉપર ધોળા, પીળાં ટપકાં વધુ પડતા લાલ, છોલાઇ ગયેલા કાકડા. ગળાની લાલશ, ધોળી સારવાળી જીભ.

### બેક્ટેરિયલ ઈન્ફેકશન વિશેની સાવધાની

માત્ર ૫-૧૦ ટકા લોકોને આ કારણથી ગળું પકડતું હોય છે. તેથી આ સિવાયનાં અન્ય કારણોમાં એન્ટિબાયોટિક દવાઓ કાંઇ કામમાં આવતી નથી.

### ગળું પકડાઈ જવાનાં કારણ

| બૅક્ટેરિયલ | વાઈરલ | એસિડ ગળામાં આવવું | આહાર | વાતાવરણ | અન્ય કારણો |
|---|---|---|---|---|---|
| તાવ આવે અને લાંબા સમય સુધી રહે. જીભ સૂકી અને સફેદ રહે. કાકડા સોજી જાય. | મોટા ભાગે તાવ ન આવે અને ટૂંકા સમય પૂરતું જ રહે. (૫ થી ૬ દિવસ) | મુખ્ય ત્રણ કારણોઃ • વાલ્વ ઢીલો હોવો • વધુ જમવું • વિરુદ્ધ આહારનું સેવન | વધુ ગળી, ઠંડી, ગરમ કે આથાવાળી વાનગી જમવી | ઋતુ ફરવાથી; એલર્જી (ધૂળ, ધૂમાડો, અમુક વૃક્ષોની પરાગરજ, અમુક પ્રદેશ વગેરેની) | ચેપ લાગવો, ઉજાગરા, નશીલા પદાર્થોનું સેવન |

### ગળાના ઈન્ફેકશનના ઉપચાર

(૧) અડધી ચમચી હળદર અને ૧ ચમચી મીઠું ગરમ પાણીમાં નાખીને સવાર સાંજ કોગળા કરવા, તેમાં ૧ ચમચી ઘી પણ ઉમેરી શકાય છે

(૨) ૧ કપ ગરમ પાણીમાં ૧-૧ ચમચી તજ અને મરીનો પાવડર નાખીને કોગળા કરવા.

(૩) ગરમ કરેલા દૂધમાં થોડી હળદર નાખીને પીવાથી ગળું બેસી ગયું હોય તો તે મટે છે.

(૪) ૧ ચમચી જેઠીમધ અને ૧ ચમચી ઘી ભેગું કરીને લેવું.

(૫) સૂંઠનુ ઉકાળેલું પાણી પીવું.

(૬) ૧ ચમચી તુલસીનો રસ, ૧ ચમચી આદુંનો રસ, ૧ ચમચી લીંબુનો રસ અને ૨ ચમચી મધ સવાર-સાંજ લેવું.


(૭) લવિંગને જરા શેકીને મોંમાં રાખીને ચૂસવાથી ગળાનો સોઝો મટે છે

(૮) ૧ ચમચી મધ, ૧ ચમચી આદુંનો રસ અને ૧ ચમચી લીંબુનો રસ ૧ ગ્લાસ ગરમ પાણીમાં નાખીને કોગળા કરવા.




(૯) . કોથમીર ચાવી ચાવીને ચૂસવાથી ગળાનો કોઇ પણ પ્રકારનો દુઃખાવો મટે છે.

(૧૦) જો એસિડ ઉપર આવવાથી ગળું પકડાઇ ગયું હોય તો જેઠીમધ, મધ અને હળદર એ ત્રણેય ૧-૧ ચમચી ભેગું કરીને લેવું. ■




**પપ્પા, આ બેઉ ભાઈઓને કહી દો કે હમણાં જ ચાલ્યા જાય, નહીંતર ધક્કા મારીને બહાર કાઢી મૂકીશ. મારા હાથે કંઈ આડુંઅવડું થઈ જાય તે પહેલાં...**

સો સનત કંઈ બોલે તે પહેલા જસ્ટ અ મીનીટ કહી ને સોનલ ઊઠી અને બાથરૂમમાં ચાલી ગઈ. બેડ પર બેઠેલો સનત નળનું ચાલુ થવું, બંધ થવું, ફ્લશનો અવાજ સાંભળી રહ્યો. પાછી આવીને સોનલ બેડ પર બેસતાં સનત સામે જોઈને મલકી. સનત આડું જોઈ ગયો. ‘એક વાત કહું સનત? તમે પણ સ્વસ્થ યુવાન છો. એમ થાય છે કે તમને કીસ કરીને મારો રાજીપો વ્યક્ત કરું. પણ તમે એનો જુદો અર્થ કાઢશો.’

‘પ્લીઝ યાર. રહેવા દે. આવી વાતો કરીને મને બહેકાવ નહીં. હું પછી ઉદાસ થઈ જઈશ.’

‘ઓહ જેન્ટલમેન. હાઉ સ્વીટ યુ આર. મને તું જ કહો. મને ગમે છે. અપનાપન જેવું લાગે છે.’

‘કેમ બાથરૂમમાં કોઈ બ્રહ્મજ્ઞાન થયું કે શું? ’

‘ના, જસ્ટ એક વિચાર આવ્યો કે તમે અત્યારે કંઈ કરો તો હું રાડારાડ પણ ન કરી શકું. કારણ કે બધાની વચ્ચે મેં જાતે જાહેર કર્યું છે કે, હું તમારી પત્ની છું. જરા એ વિચાર આવી ગયો.’

‘હું રાજી થાઉં કે રડું? પ્લીઝ તમે ટ્રેક પરથી ન ઉતરો. મને તમારી સ્ટોરી કહેવા માંડો. આમેય આખી જિંદગી તમે યાદ આવવાના જ છો.’

‘આટલા ફાસ્ટ ન દોડો. એવું પણ બને કે કોઈ એવી છોકરી આવે જે તમને બધું જ ભુલાવી દે. હું ચાહીશ કે એવું જ બને. તમારી જીવનસાથી મારા કરતા અનેક ઘણી સુંદર હશે.’

‘પ્લીઝ ટેલ મી મોર અબાઉટ યુ. આઈ નોટ વોન્ટ ટુ લીસન એનીથીંગ ઓફ ધીસ નાઈટ.’ સનત કંઈક જુદા ભાવથી બોલી ગયો. સોનલે નાટકીય રીતે કહ્યું. ‘ઓકે, ઓકે. બાબા કહું છું, થોડું પાણી પી લઉં.’

સોનલે પાણીના બે ઘૂંટ ભર્યા અને હોઠ લુછતાં પૂછ્યું, ‘હું ક્યાં પહોંચી હતી?’

‘મુંબઈ.’ બોલ્યા પછી સનત હસી પડ્યો.

‘હા, મુંબઈ. સનત કદાચ જુદા સંજોગો હોત, હું બીજા કોઈને ઘેર જન્મી હોત તો મને મુંબઈનું સપનુંય આવ્યું ન હોત. મને ક્યારેક આશ્ચર્ય થાય છે. જો કિસ્મત જેવી ચીજ ન હોત તો હું આટલું ભણી શકી ન હોત, મને જે સુખ મળ્યું એમાનું દસમા ભાગનુંય મળ્યું ન હોત. છતાં જે ઘરમાં હું મોટી થઈ તે ઘરમાં જે ઉપેક્ષા વેઠી છે તેના ઘાવ ઊંડા છે. એક માત્ર મારા પપ્પા હતા જે અમારા મા દીકરીનો આધાર હતા. મારા પપ્પાએ જે નિર્ણય લીધો હતો તે હોબાળો સર્જે તેવો હતો. કમલામાના એક ભાઈએ તો પપ્પાને કોર્ટમાં ઘસડી જવાની ધમકી સુધ્ધાં આપી દીધેલી. સનત પૈસાદારોની જિંદગીમાં જેટલી ચમક દમક હોય છે એટલા જ દાવપેચ હોય છે અને કેટલીકવાર એ દાવપેચ કોઈની જિંદગીના દુશ્મન બની જતા હોય છે.’

‘તમારો પહેલો દિવસ તમને યાદ છે?’

‘યાર એ દિવસ તો હું કદી ભૂલું તેમ નથી. મેં બે વર્ષ સાવ સામાન્ય લોકો અને સામાન્ય ઘરમાં વિતાવ્યાં હતાં. આટલું મોટું ઘર હોય તે વાત મારા બાળ મગજમાં ઘૂસતી નહોતી. મોટો ડ્રોઈંગ રૂમ, તેમાં લગાવેલાં ઝુમ્મર, સોફાસેટ, ટીવી, ઘરની સજાવટ અને ચમક જોઈને હું મમ્મીના ખોળામાં કોકડું વળી ગઈ હતી. સાચું કહું તો એ વિચિત્ર સ્થિતિ હતી. અમે પહોંચ્યા ત્યારે મારા બે ભાઈ અને નોકરો ઘેર હતા. પપ્પાએ મોટા છોકરાને ઉદેશી ને કહેલું, જય આ તમારી મમ્મી છે ચાલો પગે લાગો અને આ ગુડ્ડી તમારી બેન છે. કેટલી સ્વીટ છે નહીં? મમ્મી એમના સામે જોઈને હસી. પણ બેય છોકરાઓ ઉઠીને ઉપર ચાલ્યા ગયા. મમ્મીના મોં પર શાહી ઢોળાઈ ગઈ. નોકરો ધીમે ધીમે નજીક આવ્યા. પપ્પાએ બધાની સામે જોઈ જરા હસીને પૂછ્યું, મોટા શેઠે તમને તો કંઈ નથી શીખવ્યું ને? જુઓ આ મારી પત્ની છે ગંગા તમારી નવી શેઠાણી. આ સોનલ છે મારી દીકરી.’

‘જી શેઠ.’ કહીને ઘરનો જે જૂનો નોકર હતો તે આગળ આવેલો. એનું નામ રાજારામ હતું. તે મમ્મીથી ઉંમરમાં મોટો હતો. તે છતાં તે મમ્મીને પગે લાગ્યો. મમ્મીને જરા નવાઈ લાગી. તે પછી બીજા બેય નોકરો પગે લાગ્યા. સનત, મને કહેતા આનંદ થાય છે કે, મમ્મીએ એ જ સમયે ત્રણેય નોકરોને સો સોની નોટ આપી રાજી કર્યા હતા. નોકરોએ લેવાની આનાકાની કરી તો મમ્મીએ કહેલું, ‘દેખો ભૈયા, પહલી બાત તો યે હૈ કી મૈં ગુજરાતી નહીં બોલ પાતી. આપ લોગ મુજસે હિન્દીમેં બાત કરોગે ના? દૂસરી બાત મુજે સબ સમજાતે રહના.’

મમ્મીના શબ્દોમાં વ્યક્ત થતી સચ્ચાઈ નોકરોને સ્પર્શી ગઈ. મમ્મીએ આવતાંવેંત જ નોકરોના મન જીતી લીધા હતા. તે જ વખતે કાર અંદર આવ્યાનો અવાજ આવ્યો. નોકરો તરત આઘા પાછા થઈ ગયા. પપ્પાએ મારી મમ્મીને કહ્યું, ‘પપ્પા આવે છે. મને ખબર છે તારું અપમાન થશે. એ કોઈ સામાન્ય માણસ નથી. શેઠ મણિરામ ઝવેરી છે. આજથી તારી કસોટી થાય છે. હવે તું આ ઘરની માલિક છો. તે છતાં તારે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવાનું આવશે. હું તને એકલી પડવા નહીં દઉં.’

‘મારા દાદાને મેં પહેલીવાર જોયા. અમને જોતાં જ એમના ચહેરાની રેખાઓ તંગ થઈ ગઈ. તેમણે કરડી નજરે મારા પપ્પાની સામે જોયું. મારી મમ્મીએ ઊભા થઈને માથે ઓઢ્યું અને એમને પગે લાગવા આગળ ગઈ. જાણે દાદાને ખબર હતી કે, વહુ પગે લાગવા આવશે. તેમણે દૂરથી જ હાથ લાંબો કરી મમ્મીને અટકાવતા કહેલું, મને કદી પગે લાગવાનું નથી. જ્યારે મને એમ થશે કે તમે મારા વહુ છો તે દિવસે પગે લાગજો.’

‘સનત તમે સમજી શકતા હશો કે, મારી મમ્મીની હાલત શું થઈ હશે. જોકે પપ્પાએ મમ્મીને બધું જ સમજાવેલું. મારી મમ્મી પપ્પાના બોલને ઈશ્વરનો બોલ સમજતી હતી. તે જરા પાછળ હટીને ઊભી રહી. આમ તો મારા પપ્પા પણ ખિસિયાણા પડી ગયા હતા. તેમણે મને ઉંચકી અને દાદાની નજીક જતાં કહ્યું, પપ્પા આને તો આશીર્વાદ આપો. આ અબુધ છોકરીએ તો તમારું કંઈ બગાડ્યું નથી. દાદાના મગજમાં ક્રોધ ભરાયેલો હતો. તેમણે મારી સામે જોયું, પછી મારા માથા પર હાથ મૂકી ઉપર ચાલ્યા ગયા.’

સનત તે રાતે દાદા અને મારા બે ભાઈઓ અમારી સાથે જમ્યા નહીં. અમારા જમી લીધા પછી તેઓ નીચે આવ્યા. મારી મમ્મી ચૂપ થઈ ગઈ હતી. એ સમજી ગઈ હતી કે પોતે જ્યાં આવી છે ત્યાં સ્વમાનપૂર્વક રહેવું સામા પૂરે તરવા જેવી વાત છે. જમ્યા પછી પપ્પાએ કાર બહાર કાઢી અમને બેયને સાથે લીધા અને કાર દોડાવી મૂકી. તે રાતે પપ્પા અમને કઈ જગ્યાએ લઈ ગયા હતા તે મને યાદ નથી. પણ મારી આંખો પહોળી થઈ ગઈ હતી. આટલું બધું પાણી? દરિયો શું ચીજ છે તેની મને કલ્પના પણ નહોતી. હું બધું ભૂલી ગઈ હતી. મને એ યાદ છે કે, પપ્પાની બાજુમાં બેઠેલી મમ્મી સતત રડતી રહી હતી. પપ્પા તેની પીઠ પસવારતા રહેલા. અમે મોડી રાતે પાછા આવ્યા ત્યારે દાદા અને મારા ભાઈઓ એમાના કમરામાં હતા.

મુંબઈમાં મારો પહેલો દિવસ ઊગ્યો.

‘અમારા એ બંગલાને આઠ ઓરડા છે. મમ્મીને એ પણ ખબર નહોતી કે કયો ઓરડો કોનો છે. તેણે પપ્પાને પૂછી પૂછીને પગલાં ભરવાના હતાં. મેં આંખ ખોલી ત્યારે મમ્મી મારી પાસે બેઠી હતી. ઘરમાંથી કોઈ અવાજ આવતો નહોતો. મમ્મી મને બાથરૂમમાં લઈ ગઈ. સનત મને બધું જ યાદ છે. હું આંખો ફાડીને જોઈ રહી હતી. મમ્મીએ મને નવડાવી. સુગંધી પાવડર લગાવ્યો. એકદમ નવાં કપડાં પહેરાવ્યાં. થોડીવારે પપ્પા ઓરડામાં આવ્યા. તે મને તેડીને નાસ્તાના ટેબલ પર લઈ ગયા. મારા દાદા પહેલેથી જ ત્યાં બેઠા હતા. અમને જોઈ તે ઊભા થયા એટલે પપ્પાથી રહેવાયું નહીં. તેમણે દાદાને કહ્યું, ‘પપ્પા ક્યાં સુધી આમ દૂર ભાગશો. તમે હા પાડી એટલે જ ગંગા અને સોનલને અહીં લઈ આવ્યો છું. અને તમે કહેતા હો તો હજુય હું ચાલ્યો જવા તૈયાર છું. આ છોકરી સાથે આવું ન કરો પપ્પા મારા દાદા પાછા બેસીને મારી સામે જોયા કર્યું. જાણે તેઓ મારા ચહેરામાં મારા પપ્પાની રેખાઓ શોધતા હોય. અચાનક તેમણે ટ્રેમાં મૂકેલા બિસ્કિટ્સમાંથી એક ઉપાડી મને આપતાં કહેલું, ‘મોહન તને હજુ ખબર નથી કે તારી આ મૂર્ખાઈથી ઘરની આબરુને કેટલો ધક્કો વાગશે. તું કોને કોને સમજાવીશ કે આ છોકરી તારી જ છે?’

‘મારે ફક્ત તમને સમજાવવાની જરૂર છે. તમે સ્વીકારી લ્યો એટલે બસ. બીજાનું હું ફોડી લઈશ. કદાચ આ છોકરી ન હોત તો હુંય કહી શક્યો હોત કે, રાજાને ગમી તે રાણી. પણ આ છોકરી કોની છે તે બાબતે હું કોઈ ખુલાસો નહીં કરી શકું.’

‘સોનલ મોટી થશે તો આપોઆપ સમજાશે કે તે કોની છોકરી છે. અને દુનિયા એટલું બધું યાદ પણ નથી રાખતી.’

‘દુનિયા બધું યાદ રાખતી હોય છે અને સમય આવે સંભળાવતી પણ હોય છે. તને જ્યારે આ છોકરી યુવાન થશે, એનું માગુ આવશે ત્યારે સમજાશે. તારી ઘરવાળીને સમજાવી દેજે મારાથી દૂર રહે. મને સસરો ન સમજે એજ સારું.’

‘મારા પપ્પા પાસે જવાબ નહોતો. પણ તે વખતે જ એક જુદી બીના બની. કમલામાના બેય ભાઈઓ ઓચિંતા આવ્યા. એમને મારા બેય ભાઈઓએ ફોનથી જણાવી દીધું હતું કે, પપ્પા નવી મમ્મી લઈ આવ્યા છે અને સાથે એક નાની છોકરી છે.’

‘તારા કમલામાના ભાઈઓ ક્યાં રહેતા હતા?’

‘એ વખતે તેઓ સૂરતમાં રહેતા હતા. મારા પપ્પાના હાથમાં ચાનો કપ હતો. મને એમના ચહેરા યાદ છે. બેઉ ભાઈઓ ગુસ્સાથી લાલચોળ થઈ ગયા હતા. મોટોભાઈ જરા વધારે પડતો જાડો હતો. અને નાનાની આંખોમાં એક જાતનું ખુન્નસ હતું. તેણે રીતસર ઘાંટો પાડ્યો હતો, મોહનલાલ શું છે આ બધું?’

‘આ બધું એટલે?’ મારા પપ્પાએ એકદમ શાંત અવાજે જવાબ આપ્યો.

‘તેનું ચાલ્યું હોત તો પપ્પાને થપ્પડ મારી લીધી હોત. મારા દાદા સમજી ગયા કે નોકરોના દેખતા જ તમાશો થશે. તેમણે કહ્યું, ‘મારાજ ચા લાવો મહેમાન આવ્યા છે.’

‘બાપુજી અમે અહીં ચા પીવા નથી આવ્યા. અમને સમાચાર મળ્યા કે મોહનલાલ કોઈ સ્ત્રીને લઈ આવ્યા છે.’ પપ્પાના નાના સાળા રમણીકે ગુસ્સાથી કહ્યું.

‘રમણીક કન્ટ્રોલ યોર લેંગ્વેજ. હું કોઈ સ્ત્રીને નથી લઈ આવ્યો. એ મારી પત્ની છે.’ પપ્પાએ વિંધી નાખે તેવી ટાઢકથી કહ્યું.

‘વાહ શું ખાનદાની છે. ગમે ત્યાંથી ઉપાડી આવેલી સ્ત્રીને પત્ની કહો છો. શું ન્યાતમાં છોકરીઓ મરી ખુટી છે કે કાખમાં છોરી લઈને ફરતી સ્ત્રીને ઘરમાં બેસાડી દીધી.’

પપ્પાના દાંત ભીંસાઈ ગયા. તેમણે દાદાને કહ્યું, ‘પપ્પા આ બેઉ ભાઈઓને કહી દો કે હમણાં જ ચાલ્યા જાય નહીંતર ધક્કા મારીને બહાર કાઢી મૂકીશ. મારા હાથે કંઈ આડુઅવડું થઈ જાય તે પહેલા આ બેયને જવાનું કહી દો. બોલવાની તમીજ નથી. તમે ચર્ચા કરવા આવ્યા છો કે ઝગડવા આવ્યા છો?’

‘અચાનક થયેલી ઉગ્ર ચર્ચાઓ સાંભળીને હું રડવા લાગી. મારું રડવું સાંભળી મારી મમ્મી બહાર આવી. મારા દાદા અને કોઈ અજાણ્યાને જોઈ તે ઊભી રહી ગઈ. પણ મારા પપ્પાને શી ખબર શું ઝનૂન ચડ્યું કે તેમણે મને ઉંચકી મારી મમ્મીને આપતાં કહ્યું, ‘ગંગા આ કમલાના ભાઈઓ છે. તું જ કહે કે આ છોકરી કોની છે. તારા સામે કોઈ આંગળી ચિંધશે એ સહન નહીં કરું.’

કમલામાના ભાઈઓ સ્તબ્ધ થઈ મમ્મી સામે જોઈ રહ્યા. ■

# પ્રત્યેક બીમારી માટે ઔષધી સમાન ગણાય છે કલોંજી

સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક
feedback@bombaysamachar.com



તાજેતરમાં એક એવો કિસ્સો સાંભળવામાં આવ્યો કે... ફક્ત ૩૦ વર્ષના યુવાનને અચાનક છાતીમાં દુઃખવા લાગ્યું. નિષ્ણાત ડૉક્ટર પાસે તપાસ કરાવી. જાણવા મળ્યું કે તેના લોહીમાં કૉલેસ્ટ્રોલનું પ્રમાણ વધી ગયું હતું. તેની જીવનશૈલી વિશે પૂછપરછ કરી ત્યારે જાણવા મળ્યું કે તેને મુંબઈમાં નવી નોકરી મળી. તેથી ભાડાના ઘરમાં રહે છે. પતિ-પત્ની બંને નોકરી કરતાં હતાં. ઘરે રસોઈ બનાવવાનો સમય મળતો ન હતો કે બનાવવાની આળસ! તેથી બહારના ભોજન ઉપર નિર્ભર રહેવાનું પસંદ કર્યું. સતત કામની તાણ તેમજ બિનઆરોગ્યપ્રદ આહારની અસર નાની વયમાં હૃદય ઉપર દેખાઈ. આપણે ત્યાં કહેવત છે ને કે 'જાગ્યા ત્યાંથી સવાર' તેમ પતિ-પત્ની બંનેએ આળસને દૂર કરીને ઘરના ભોજનને પ્રાધાન્ય આપવાનું સ્વીકાર્યું. સાત્ત્વિક ભોજન તેમજ આયુર્વેદિક ઉપચાર વિશે જાણકારી મેળવવામાં રસ લીધો. આશા રાખીએ કે દવાઓની સાથે ઘરના ભોજનને જીવનમાં પ્રાધાન્ય આપીને તેમનાં સ્વાસ્થ્યમાં ઝડપી સુધારો દેખાય.

સ્વાસ્થ્ય માટે કલોંજીના બીજ ઔષધી સમાન ગણાય છે. કલોંજી માટે એવું કહેવાય છે કે તે બધા જ રોગને દૂર કરવાની રામબાણ ઔષધી છે. 'પેનાસિયા' શબ્દ રોમમાં ઘણો પ્રચલિત છે. જેનો અર્થ થાય છે પ્રત્યેક રોગનો અક્સીર ઉપાય. એવી પણ જાણકારી મળે છે કે ૩૦૦૦ વર્ષ પહેલાં રોમમાં મરણોપરાંત વ્યક્તિ-પશુ-પ્રાણી એટલે કે 'મમી-પૂતળાંની' જાળવણીમાં કલોંજીનો ઉપયોગ કરવામાં આવતો હતો. કલોંજીનું તેલ સૌંદર્ય પ્રસાધનોમાં આગવું સ્થાન ધરાવતું હતું. સૌંદર્ય સામ્રાજ્ઞી મહારાણી ક્લિયોપેટ્રાની સુંદરતાનું રહસ્ય કલોંજીના તેલને કારણે હતું. પ્રાચીનકાળમાં એવી માન્યતા હતી કે કલોંજીનો ઉપયોગ કરવાથી શરીર તાકાતવર બનતું. નબળાઈ તેમજ થાકનો અનુભવ દૂર કરવામાં મદદ કરે છે. પાચનતંત્ર, શ્વસનતંત્ર તથા પ્રજનન તંત્રની બીમારીમાં ઉપયોગી બને છે, કેમકે તેમાં ઍન્ટિ-ઑક્સિડન્ટ તેમજ ઍન્ટિ-ઇન્ફ્લેમેટરી ગુણો સમાયેલા છે. વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં, વજનને નિયંત્રણમાં રાખવામાં, હાડકાંના દર્દમાં રામબાણ ઉપાય ગણાય છે.

કલોંજીનું વૃક્ષ ૧૨ ફૂટ લાંબું હોય છે. તેના ફળના બીજનો ઉપયોગ ભોજનને સ્વાદિષ્ટ બનાવવા માટે કરવામાં આવે છે. કલોંજીના વૃક્ષ મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમ એશિયામાં જોવા મળે છે. જેને કલોંજીનું ઝાડ કે કલોંજીના બીજના નામથી ઓળખવામાં આવે છે. ઘણા લાંબા સમયથી ભારત, પાકિસ્તાન તેમજ બાંગ્લાદેશમાં તેનું સેવન સ્થાનિકો દ્વારા કરવામાં આવે છે. બીજનો ઉપયોગ દવા તરીકે ખાસ કરવામાં આવે છે. ભારતમાં ઉત્તર-પશ્ચિમી ભાગ જેવા કે પંજાબ, હિમાચલ, બિહાર પશ્ચિમ બંગાળ તેમજ આસામમાં કલોંજીની ખેતી મોટા પ્રમાણમાં થાય છે. તેનાં બીજ સુગંધીદાર, દેખાવમાં ત્રિકોણાકાર, રંગે કાળા હોય છે. બીજને હાથથી મસળીએ તો સુગંધિત હોય છે. બીજનો ઉપયોગ વ્યંજનને સ્વાદિષ્ટ બનાવવામાં ખાસ કરવામાં આવે છે.

કલોંજીમાં આયર્ન, સોડિયમ, કેલ્શિયમ, પોટેશ્યમ, ફાઇબર જેવા વિવિધ મિનરલ્સ તેમજ ન્યૂટ્રિઅન્ટસ્ ભરપૂર પ્રમાણમાં સમાયેલાં હોય છે. કલોંજી માટે એવું કહેવાય છે કે તેમાં ૨૦ પ્રકારના ઍમિનો એસિડ સમાયેલાં હોય છે. જે શરીરને પ્રોટીનની ઊણપથી બચાવે છે. તેમાંથી ૯ શરીરમાં નથી બની શકતાં. તેને ભોજન દ્વારા ગ્રહણ કરવા પડે છે. અમાઈનો એસિડ માંસપેશીઓ, મસ્તિષ્ક તેમજ કેન્દ્રિય તંત્રિકા તંત્ર માટે ઊર્જાનું સ્રોત ગણાય છે. કલોંજીનું તેલ બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં તેમજ શ્વસનની પ્રક્રિયાને સુધારવામાં મદદ કરે છે. કૉલેસ્ટ્રોલનું પ્રમાણ વધી ગયું હોય તેમાં લાભકારક ગણાય છે. શરીર માટે એક સારું ઍન્ટિ-ઑક્સિડન્ટ ગણાય છે.

કલોંજીને અંગ્રેજીમાં નાઈજેલા સેટાઈવા કે સ્મૉલ ફેનલ તરીકે ઓળખવામાં આવે છે. સંસ્કૃતમાં પૃથ્વીકા કે પૃથુ, હિન્દીમાં કાલાજીરા કે મંગરૈલ, કોંકણીમાં કરીજીરે, ગુજરાતીમાં કલોંજી જીરું, તમિળમાં કરૂંજીરાગમ કે કરૂણીએરકમ, તેલુગુમાં નેલ્લાજીલાકેરા, બંગાળીમાં મોટાકાલીજીરે કે કૃષ્ણજીરા, મરાઠીમાં કાલેજીરે, કલોંજી જીરે, મલયાલીમાં કરીંજીરકમ તરીકે ઓળખાય છે.

## કલોંજીના સ્વાસ્થ્યવર્ધક લાભ

### ત્વચા માટે ગુણકારીઃ

કલોંજીમાં ઍન્ટિ-બેક્ટેરિયલ, ઍન્ટિ-વાઇરલ, ઍન્ટિ-ફંગલ ગુણો સમાયેલા છે. જે વરસાદી મોસમમાં ખાસ ત્વચા સંબંધિત સમસ્યાઓ વધી જતી હોય છે તેનાથી રાહત આપવામાં મદદ કરે છે. કલોંજીનું પાણી કે તેનું તેલ ત્વચા ઉપર લગાવવાથી ખીલ કે ત્વચા ઉપર અકારણ વધી જતી ખંજવાળથી રાહત આપાવે છે.

### કૉલેસ્ટ્રોલને નિયંત્રિત રાખવામાં લાભકારી

સતત બહારનો ચરબીયુક્ત આહાર ખાવાની આદતને કારણે લોહીમાં અચાનક કૉલેસ્ટ્રોલની માત્રા વધી જતી હોય છે. જેને કારણે હૃદયમાં અચાનક દુખાવો, બ્લડપ્રેશર વધવું, કિડનીમાં તકલીફ જેવાં બદલાતી જીવનશૈલીની સાથે માથું ઊંચકતાં રોગની પકડમાં વ્યક્તિ ઘેરાઈ જાય છે. કલોંજીના બીજનો ઉપયોગ દાળ-શાક-રોટલી-મૂઠિયાં વગેરેમાં કરવાથી વધી ગયેલા કૉલેસ્ટ્રોલને નિયત્રિત કરવામાં મદદ મળે છે.

### વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી

વજનને નિયંત્રણમાં રાખવા માટે યોગ્ય આહારની સાથે વ્યાયામ આવશ્યક ગણાય છે. કલોંજીના બીજને શેકીને તેનો ઉપયોગ રાયતું, સલાડ કે સૂપમાં ઉપરથી ભભરાવીને કરી શકાય છે. જેથી તેમાં રહેલાં તત્ત્વો વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. કલોંજીમાં રહેલી ફાઇબરની માત્રા લાંબા સમય સુધી વ્યક્તિને ભૂખથી બચાવે છે. જેને કારણે અકારણ કાંઈ પણ ખાવાની આદતથી બચી શકાય છે.

### ડાયાબિટીસમાં લાભકારી

ડાયાબિટીસની સમસ્યા હાલમાં ધનિકોની જીવનશૈલીની માટે ખાસ વાત બનતી જાય છે. સતત એરિયેટેડ પીણાં, ચૉકલેટ-કેક, બિસ્કિટનું સેવન ડાયાબિટીસને ધીમે પગલે શરીરમાં પ્રવેશવાનો મોકો આપે છે. કલોંજીનું સેવન તેમાં રામબાણ ઉપાય ગણવામાં આવે છે. કલોંજીનું તેલ કાળી ચામાં ઉમેરીને પીવાથી ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

### ભૂલી જવાની બીમારી (ડિમેંશિયા)માં ઉપયોગી

વય વધવાની સાથે વ્યક્તિની યાદશક્તિ અનેક વખત ઓછી થવા લાગે છે. ક્યારેક વ્યક્તિ પોતાના ઘરનો રસ્તો ભૂલી જાય કે અંગત વ્યક્તિના નામ-સરનામું ભૂલી જાય તેવું બને છે. આ બીમારીને ડિમેંશિયા કહેવામાં આવે છે. કલોંજીના બીજનું સેવન યાદશક્તિ વધારવા તેમજ એકાગ્રતા વધારવા માટે ઉપયોગી ગણાય છે.

### હાડકાંના દુખાવામાં લાભકારક

સાંધામાં દુખાવો રહેતો હોય કે સાંધામાં સોજા આવતાં હોય તેમને માટે કલોંજીનું સેવન લાભકારક ગણાય છે. કલોંજીના તેલની હળવે હાથે માલિશ કરવાથી દુખાવાથી રાહત મેળવી શકાય છે.

ભારતીય મસાલામાં કલોંજીનો ઉપયોગ ખાસ કરવામાં આવે છે. દાળ, શાક, અથાણાંની સાથે રેસ્ટોરાંમાં મળતી નાન, સમોસા કે કચોરીના લોટમાં કલોંજીનો ઉપયોગ ખાસ વાનગીનો સ્વાદ તેમજ સુગંધ વધારવા કરવામાં આવે છે. આયુર્વેદમાં કલોંજી તેમાં સમાયેલા ઔષધીય ગુણોને લીધે જાણીતી છે. તેમાં થાઇમોક્વિન ઍન્ટિ-ઑક્સિડન્ટ તેમજ ઍન્ટિ-ઇન્ફ્લેમેટરી ગુણો સમાયેલા હોય છે જે પાચનશક્તિને સુધારવામાં મદદ કરે છે.

## ભરેલાં ભીંડાનું શાક કલોંજીના સ્વાદવાળું



**સામગ્રીઃ** ૨૫૦ ગ્રામ મધ્યમ આકારના ભીંડા, મસાલો બનાવવા માટે : ૧ ચમચી વરિયાળી, ૧ ચમચી મેથીદાણા, ૧ ચમચી કલોંજીનાં બીજ, ૧ ચમચી લાલ મરચું, ૧ નાની ચમચી આમચૂર પાઉડર, ૨ ચમચી ધાણાજીરું, સ્વાદાનુસાર મીઠું, તળવા માટે તેલ, ચપટી હિંગ

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ ભીંડાને વ્યવસ્થિત સાફ કરી લેવા. તેમાં વચ્ચેથી કાપ મૂકવો. જેથી તેમાં તૈયાર કરેલો મસાલો ભરી શકાય. ભરવાનો મસાલો બનાવવા માટે : સૌ પ્રથમ આખા ધાણા, વરિયાળી, કલોંજી, મેથી દાણાને સુગંધ આવે ત્યાં સુધી શેકી લેવાં. ત્યાર બાદ તેને વાટીને મસાલો તૈયાર કરી લેવો. થોડાં શેકેલાં કલોંજીના દાણા બાજુમાં રાખવાં. ભીંડામાં તૈયાર કરેલો મસાલો ભરી દેવો. ધીમા તાપે ભીંડાને કડક થાય ત્યાં સુધી પકાવવા. કોથમીર તેમજ કલોંજીનાં બીજથી સજાવીને ગરમાગરમ રોટલી કે દાળ-ભાત સાથે કડક ભીંડાનો આસ્વાદ માણવો. ■

# નાની-નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં...

## સંપૂર્ણ તંદુરસ્તી માટેના સરળ-સચોટ ઘરગથ્થુ ઉપાય અજમાવો

હેલ્થને હેમખેમ રાખો
મિતા બાવીસી
feedback@bombaysamachar.com

### ગૂમડાં



* ગૂમડાં ઉપર માખણ લગાડી રૂનો પાટો બાંધી રાખવાથી ગૂમડું ફૂટી જશે.

* બાફેલા કાંદામાં મીઠું નાખી પોટલી બનાવી ગૂમડા પર બાંધવાથી ગૂમડું ફૂટી જશે.

* ઘઉંના લોટમાં હળદર અને મીઠું નાખી પોટલી બનાવી ગૂમડા પર બાંધવાથી ગૂમડું ફૂટી જશે.

* સરગવાની છાલ ઘસીને ચોપડવાથી ગૂમડું બેસી જશે.

* કાંદાની કાતરીને ઘી અથવા તેલમાં શેકી તેમાં હળદર મેળવી પોટીસ કરી બાંધવાથી ગૂમડું પાકી જશે.

* પાલક અથવા તાંદળજાનાં પાનની પોટીસ બનાવી ગૂમડા પર બાંધવાથી ગૂમડું પાકી જશે.

* બોરડીનાં પાન વાટી, ગરમ કરી, પોટીસ બનાવી ગૂમડા પર બાંધવાથી ગૂમડું પાકીને ફૂટી જશે.

* લસણ અને મરી વાટી લેપ કરવાથી ગાંઠ, ગૂમડાં પાકીને ફૂટી જશે.

* ગાજરને બાફી તેની પોટીસ કરીને બાંધવાથી ગૂમડાં સારાં થઈ જશે.

* હળદરની રાખ અને ચૂનો ભેગો કરી લેપ કરવાથી ગૂમડું ફૂટી જશે.

* દરરોજ સવારે લીમડાંના પાનનો રસ પીવાથી પેટ સાફ આવે છે અને ગૂમડાં થતાં નથી ને થયેલાં હોય તો તે મટી જાય છે.

* બી કાઢી નાખેલ કાળી દ્રાક્ષમાં થોડું પાણી નાખી વાટી મલમ જેવું બનાવીને કપડાંની પટ્ટી બનાવી ગૂમડાં ઉપર મૂકી પાટો બાંધવાથી ગૂમડું ફૂટી જાય છે.

### જીવજંતુના ડંખ



મધમાખીના ડંખ ઉપર મીઠું ચોપડવાથી પીડા મટે છે.

મધમાખીના ડંખ ઉપર તપકીર અથવા ઝીણી કરેલી તમાકુ ચોપડવાથી પીડા મટે છે.

મધમાખીના ડંખ ઉપર મધ ચોપડવાથી અને મધ પીવાથી પીડા મટે છે.

ભમરીના ડંખ ઉપર કાંદાનો રસ ચોપડવાથી પીડા મટે છે.

કાનખજૂરાના ડંખ ઉપર કાંદો અને લસણ વાટીને ચોપડવાથી ઝેર ઉતરી જાય છે.

કાનખજૂરાના ડંખ પર ગોળ બાળીને ચોપડવાથી પીડા મટે છે.

કાનખજૂરો કાનમાં ગયો હોય તો સાકરનું પાણી કરી કાનમાં નાખવાથી કાનખજૂરો નીકળી જશે અને આરામ થશે.

કાનખજૂરો, બગાઈ જેવા જંતુ કાનમાં ગયા હોય તો મધ અને તેલ ભેગાં કરી કાનમાં નાખવાથી નીકળી જશે અને આરામ થશે.

કોઈ પણ ઝેરી જીવજંતુ કરડ્યું હોય તો તરત જ તુલસીનાં પાનને પીસીને તે ડંખ ઉપર મશળવાથી ઝેરની અસર નાબૂદ થાય છે.

### ઘા - જખમ



* લાગેલા ઘા, વાઢ કે કાપ ઉપર તાજો પેશાબ લગાડવાથી જલદી રૂઝ આવે અને પાકતો નથી.

* ઘામાંથી લોહી નીકળતું હોય તો સરકો લગાડવાથી લોહી નીકળતું બંધ થાય છે.

* ઘા કે જખમમાંથી લોહી નીકળતું હોય તો તેના પર મીઠાના પાણીમાં ભીંજવેલો પાટો બાંધવાથી જખમ પાકતો નથી અને રૂઝ આવે છે.

* તલના તેલનું પોતું મૂકી પાટો બાંધવાથી જખમ જલદી રુઝાય છે.

* વાગેલા ઘા પર હળદર દબાવી દેવાથી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે ને ઘા પાક્તો નથી.

* હળદરને તેલમાં કકડાવી તે તેલ ઘા-જખમ પર ચોપડવાથી ન રુઝાતા ઘા જલદી રુઝાઈ જાય છે.

* તલ પીસી તેમાં ઘી અને મધ મેળવી ઘા પર ચોપડી પાટો બાંધવાથી ઘા જલદી રુઝાઈ જાય છે.

* ફુલાવેલી ફટકડીનો પાઉડર ઘા પર નાખી પાટો બાંધવાથી ઘા માંથી નીકળતું લોહી બંધ થાય છે અને ઘા પાકતો નથી.

* તુલસીનાં પાન પીસીને ઘા પર બાંધવાથી ઘા રુઝાઈ જાય છે.

* લોહી નીકળતા ઘા પર પાનમાં ખાવાનો જાડો ચૂનો ચોપડી તેના પર તેલનું પોતું મૂકી પાટો બાંધવાથી ઘા રુઝાઈ જાય છે.

* હિંગ અને લીમડાના પાન વાટી તેનો લેપ કરવાથી ઘા-જખમમાં પડેલા કીડા મરી જાય છે અને ઘા રુઝાઈ જાય છે.

* રાઈના લોટને ઘી-મધમાં મેળવી તેનો લેપ કરવાથી ઘા - જખમમાં પડેલા કીડા મરી જાય છે અને ઘા રુઝાઈ જાય છે.

* ગાજરને કચરી કોઈ પણ લોટમાં મેળવીને ફોલ્લા તથા બળતરાવાળા ઘા પર બાંધવાથી ઘા રુઝાઈ જાય છે.

* તાજા ઘા ઉપર જેઠીમધમમાં મધ મેળવી કાલવીને ભરી દેવાથી જલદી રૂઝ આવે છે. ■

મોજની ખોજ
સુભાષ ઠકર
feedback@bombaysamachar.com

# સમયને તમે સાચવી લો... સમય તમને સાચવશે



સમયનું ચોસલુ નિરંતર સરકતુ રહે છે, પણ એ સમયને જીવાડે છે કોણ? ઘડિયાળ. હવે આ ઘડિયાળ નામની જેલમાં સેકંડ, મિનિટ અને કલાક નામના ત્રણ આજીવન કેદી પૂરી રાખ્યા છે ને એ કેદી અંદર બેઠા બેઠા દિવસ, માસ, વર્ષ, દાયકા અને સૈકાઓનું રૂપ ધારણ કરે જ જાય છે. સમયને નથી કોઈ શૈશવ, નથી જુવાની કે નથી વૃધ્ધાવસ્થા, પણ સમયની સાથે જીવતા આપણને આ તમામ અવસ્થા લાગુ પડે છે એથી તમારી અવસ્થા આવે એ પહેલાં બધી વ્યવસ્થા કરી લેજો. મેં તો કઈ દીધું પછી કહેતા નઈ કે ભગો બોલ્યો નઈ.

હમણાં ગયા મહિને 'સમય વોચ કંપની'ની દુકાન આગળ 'સમયને તમે સાચવી લો તો સમય તમને સાચવી લેશે.'

આવું મધુર વાક્ય વાંચી મેં ઘડિયાળ ખરીદી પણ એક જ અઠવાડિયામાં ટક-ટક કરતી ઘડિયાળ અચાનક અટકી ને મારા મગજની કમાન છટકી. હું ધુવાપુવા થતો પહોંચ્યો ઘડિયાળની દુકાને...

'તમે તમારા મનમાં સમજો છો શું?'

'અરે, અમારા મનમાં શું સમજીએ છીએ એ તમને શું કામ સમજાવીએ?' દુકાનવાળો બોલ્યો.

'સમજાવવું પડશે, ગામને બનાવવા બેઠા છો?'

'ગામનું છોડોને... પહેલાં તમારો પ્રોબ્લેમ બોલો.'

'અરે ઢેફા, મને આવી ઠાઠીયુ - ભંગાર ઘડિયાળ પકડાવી મામો બનાવો છો?' મારા મનમાં ક્રોધનો ચક્રવાત ફૂકાવા લાગ્યો.

'શાંત પ્રભુ શાંત. તમારી બહેનને દીકરો આવ્યો ત્યારથી મામા બન્યા છો.'

'અરે ચૂપ, મારી મજાક ઉડાવી મગજની મેથી ન માર. સમજ્યો? તમે તો ઘડિયાળ વેચો છો કે છીકણી સુંઘવાની ડબ્બીઓ? સાલુ ચાર દિવસથી અંદરના કાંટા સીલીંગ ફેનના પાંખીયાની જેમ એકસાથે ફરતા હતા. બે દિવસ તો સમયને સાચવવા અમારે ત્રણે કાંટા હાથ દ્વારા જાતે ફેરવવા પડ્યા. મને એમ કે બધું સારું થઇ જશે પણ કાલથી તો પકડદાવ રમવા લાગ્યા છે. બોલતા નથી એટલે...'

'તમે આટલું બોલ્યા પછી બોલો છો કે બોલતા નથી. લાવો, ઘડિયાળ. બોલો શું થયુ છે?'

'અરે હું ખરીદવા આવ્યો ત્યારે તમે મને ઘડિયાળ ચાલવાની લાઇફટાઈમની ગેરન્ટી આપેલી.'

'તો ચાલીને? ઘડિયાળ બંધ પડી ત્યાં સુધી ચાલી કે નઈ?'

'ચાલીને. ચાલતા-ચાલતા તારી દુકાન સુધી આવી ગઈ. જો ભાઈ, પૈસા મફતમાં નથી આવતા. સમજ્યો? હવે જો વધુ માથાકૂટ કરી તો ઘડિયાળની જેમ જ તારી દુકાન બંધ કરાવી દઈશ. સમજ્યો?' મારામાં હવે પરસુરામની આક્રમકતા પ્રવેશી ચુકી હતી.

'જુઓ વડીલ, એમ જોરથી રાડો ન પાડો. આવી પ્રચંડ રાડોથી અમારા કાનના પડદા ને આપની સ્વરપેટી બંને ફાટી જાય. પછી ઘડિયાળની જેમ તમારી કાયમી બોલતી બંધ થઈ જાય...'

'ઓત્તારીની! મને કહે છે રાડો ના પાડો. અરે, રાડો શું તને જ હમણાં પાડી દઈશ. સમજ્યો? અરે ગળું મારું છે, અંદર બેઠેલી સ્વરપેટી મારી છે. ને એમાંથી પ્રગટ થતી પ્રચંડ રાડ પણ આ બંદાની છે. સમજ્યો? હું રાડ પાડું કે ત્રાડ એ મારે જોવાનું છે. સમજ્યો? અરે રાડો ઘડિયાળ ખરીદવાની તાકાત ભલે મારામાં ન હોય પણ રાડો પાડવાની તાકાત સાત પેઢીથી ઘરબાયેલી છે. સમજ્યો?'

'અરે તમે સમજ્યો-સમજ્યો બોલીને મને કેટલું સમજાવશો?'

'જ્યાં સુધી મનનું સમાધાન ન થાય ત્યાં સુધી. તેં મને ખરીદતી વખતે લાઇફ ટાઇમ...'

'અરે કીધેલું. તો? શું કરવું છે? લાઇફટાઇમ તો આપણે પણ બરાબર ચાલતા નથી તો પણ સમાજ આપણને ચલાવે છે કે નઈ? અરે, આપણા ટપકી પડ્યા પછી પણ આપણા વગર પણ જગત ચાલે છે કે નઈ?'

'હે સંત જ્ઞાનેશ્વર, તું ઘડિયાળ કેમ ન ચાલી એ બોલને. તે કીધેલું કે લાઇફ...'

'અરે મારા બાપ હું ક્યાં ના પાડુ છું' દુકાનદાર ભડક્યો.

'પણ તમે આવ્યા ત્યારે કોરોનાની અસર હતી ને યાદ છે તમે શું કીધેલું, મને ડાયાબિટીસ છે. મને બે એટેક આવી ગયા, કીડની ફેલ છે. તમે તો વળી એમ પણ બોલેલા કે આ બધા રોગોના સ્પેશ્યાલીસ્ટો મારી બીમારી ઉપર ટક્યા છે. મને એમ કે હવે તમે વધુમાં વધુ...એક કામ કરો hmt ઘડિયાળ લઇ જાઓ. સહી સમય બતાવશે.'

'અરે ડોબા, જે દેશનો હજી સહી સમય નથી આવ્યો એની ઘડિયાળ તંબુરામાંથી બતાવશે? તારી આ ઘડિયાળની ટક-ટક બંધ થઇ તો મારી ઘરવાળી જોડે કેટલી ટક-ટક થઇ.'

'જુઓ વડીલ ઘડિયાળ ટક-ટક કરતી જ નથી. ઘડિયાળ તો કટ-કટ કરી સમજાવે છે કે તારા આયખામાંથી એક એક પળ કટ થતી જાય છે. ઘડિયાળ સારી હોય કે ન હોય સમય સારો હોવો જોઈએ. ઘડિયાળ તો બિચારી કેટલા વાગ્યા એ બતાવે. પણ તમારો સમય કેવો છે એ ઘડિયાળ ન બતાવે એ માટે અંદર ડોકિયું કરવું પડે.'

આ વાક્યથી મેં અંદર ડોકિયું કર્યું. ને મને થયુ કે મારો સમય તો સારો છે. એટલે આ જ દુકાનેથી મારા બાપુજીના જન્મદિવસે સારામાં સારી ઘડિયાળ ખરીદી બાપુના હાથમાં મૂકી છતાં ચહેરો ઉદાસ જોઈ મેં પૂછ્યું 'કેમ બાપુજી? આટલી સુંદર ને મોંઘી ઘડિયાળ હું તમારા માટે લાવ્યો તો પણ તમારો ચહેરો કેમ ઉદાસ છે?'

'બેટા, ઘડિયાળ તો અફલાતુન છે પણ મારે જે જોઈએ છે એ ક્યારે આપીશ?'

'અરે બાપુ, અવાજ કરો શું જોઈએ છે?'

'સમય... તું મારી પાસે થોડીવાર બેસ. ગમે તેટલી કિંમતી ઘડિયાળ કરતાં પણ સમયની કિંમત વધુ છે' ને બાપુને હું ભેટી પડ્યો. શું કહો છો? ■

# મુંબઈગરા પાણી ઉકાળીને અને ગાળીને વાપરજોઃ

## ભારે વરસાદને કારણે નદીના પટમાં માટી અને કાદવવાળું પાણીઃ બીએમસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણીપુરવઠો કરનારા જળાશયોના કેચમેન્ટ એરિયામાં છેલ્લા ત્રણેક દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે, તેથી છેલ્લા બે દિવસથી નદીના પટમાં કાદવ અને માટીવાળું ડહોળું પાણી આવ્યું છે. પરિણામે પશ્ચિમ ઉપનગર અને શહેર વિભાગના અમુક વિસ્તારમાં ડહોળું પાણી મળી રહ્યું હોવાની સતત ફરિયાદ આવી રહી છે, ત્યારે પાલિકા પ્રશાસને મુંબઈના નાગરિકોને પાણી ઉકાળીને અને ગાળીને વાપરવાની અપીલ કરી છે.

પાણીપુરવઠા વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ પાણીમાં રહેલા કાદવ અને માટીને દૂર કરીને પાણીને શુદ્ધ કરવાની પ્રકિયા વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં ચાલી રહી છે. તેમ જ અન્ય ઉપાયયોજના પણ અમલમાં મૂકવામાં આવી છે. તેમ જ પાણીને નિર્જંતુ કરવા માટે ક્લોરિનનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. છતાં નાગરિકોને તકેદારીના પગલારૂપે પાણી ઉકાળીને અને ગાળીને પીવાની અપીલ કરવામાં આવી છે. મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં નાગરિકોને દૈનિક સ્તરે પાણીપુરવઠો કરવામાં આવે છે. સાતેય જળાશયના કેચમેન્ટ એરિયામાં ત્રણ-ચાર દિવસથી જોરદાર વરસાદ પડી રહ્યો છે. તેથી નદીના પટમાંથી આવી રહેલું પાણી ડહોળું હોવાનું જણાઈ આવ્યું છે, તેની અસર હેઠળ શહેરમાં ડહોળું પાણીપુરવઠો થઈ રહ્યો હોવાની ફરિયાદ નાગરિકો કરી રહ્યા હતા, તેને પગલે પાલિકાએ નાગરિકોને અપીલ કરી હતી. ■

### કાંદિવલી, પોઈસરમાં પાણીના ધાંધિયા

સાઈ મંદિર, પોઈસર સબવે પાસે ૧,૨૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈનમાં ગળતર મળી આવ્યું છે, તેને કારણે સાંજે હજારો લિટર પાણી વેડફાઈ ગયું હતું. પાણીપુરવઠા વિભાગ દ્વારા પાઈપલાઈનનું તાત્કાલિક ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. આ ગળતરને કારણે ગાવદેવી માર્ગ, બિહારી ટેકડી માર્ગ, પોઈસર, ઠાકુર કૉમ્પ્લેક્સ, બિહારી ટેકડી રોડ જેવા અમુક વિસ્તારમાં પાણીપુરવઠો ખોરવાઈ ગયો હતો.

# ‘સેટ’ પરીક્ષા બીજી વખત મુલતવી

પુણેઃ સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી દ્વારા આસિસ્ટન્ટ પ્રોફેસરના પદ માટે લેવામાં આવતી રાજ્ય સ્તરની પાત્રતા પરીક્ષા (સેટ) બીજી વખત મુલતવી રાખવામાં આવી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ની સેન્ટ્રલ ટીચર એલિજિબિલિટી ટેસ્ટ (સીટીઈટી) ૬ સપ્ટેમ્બરે યોજાવાની હોવાથી ‘સેટ’ પરીક્ષા મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે આ પરીક્ષા ૨૭ સપ્ટેમ્બરે લેવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે.

સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટીએ એક પ્રેસ રિલીઝ દ્વારા આ માહિતી આપી હતી. યુનિવર્સિટીઓ અને સિનિયર કોલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસરના પદ માટે પાત્રતા પરીક્ષા લેવા માટે ‘સેટ’ અધિકૃત વિભાગ છે. આ વિભાગ રાજ્ય સરકારની સંકલન સંસ્થા છે, તેમજ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની માર્ગદર્શિકા અનુસાર મહારાષ્ટ્ર અને ગોવામાં ‘સેટ’ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. ૪૧મી ‘સેટ’ પરીક્ષા ૨૬ જુલાઈએ થશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. જોકે, ૨૬ જુલાઈએ સીધી સેવા ભરતી હેઠળ મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી) દ્વારા વિવિધ વિષયોની પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યું હોવાથી ઉમેદવારો કોઈપણ એક પરીક્ષા આપે તો તેમને નુકસાન થશે. ઉપરાંત, ૭ થી ૨૬ જુલાઈ દરમિયાન અષાઢી યાત્રા હોવાથી, પરિવહનમાં અસુવિધા અને પરીક્ષાનું આયોજન કરવામાં અને ઉમેદવારોને પરીક્ષા માટે સમયસર પહોંચવામાં અસુવિધા થવાની સંભાવના છે. ■

# બદલાપુરના જિમખાનામાં ગોળી વાગતાં યુવકનું મૃત્યુ

## આત્મહત્યા કર્યાની શંકા

થાણેઃ થાણે જિલ્લાના બદલાપુરમાં જિમખાનામાં ગોળી વાગવાથી ૨૩ વર્ષના યુવકનું મૃત્યુ થયું હતું. જોકે યુવકે આત્મહત્યા કરી હોવાની પોલીસને શંકા છે.

બદલાપુરમાં ક્રિકેટ ટર્ફ અને રમતગમતના મેદાન માટે જાણીતા પાટીલ માઉન્ટન વ્યૂ જિમખાનામાં શનિવારે સાંજે આ ઘટના બની હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ભૂવન પાટીલ નામનો યુવક જિમખાનામાં હાજર હતો ત્યારે ગોળી મારવામાં આવી હતી. થોડા સમય બાદ તે ઘાયલ અવસ્થામાં અને લોહીલુહાણ હાલતમાં પરિસરની બહાર નજરે પડ્યો હતો, જેનું બાદમાં મૃત્યુ થયું હતું.

પરિસરના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવતાં યુવક ગોળી વાગ્યા બાદ ઇમારતની બહાર નીકળતો નજરે પડ્યો હતો.

કુલગાંવ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે જિમખાનાના કેરટેકર અને સાક્ષીદારોની પૂછપરછ કરવામાં આી હતી. પોતાના પ્રાથમિક નિવેદનમાં કેરટેકરે દાવો કર્યો હતો કે આ ઘટના બની ત્યારે તે અંદર સૂતો હતો અને તેણે ગોળીબારનો અવાજ સાંભળ્યો નહોતો.

બનાવની જાણ થયા બાદ ફોરેન્સિક ટીમ સાથે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને તપાસ આદરી હતી.

ઘટના સમયે જિમખાના નજીક કોઇ પણ અસામાન્ય હિલચાલ ટ્રેક કરવા માટે પોલીસે ટેક્નિકલ ડેટાનું વિશ્લેષણ કરી રહી છે.

હાલ પોલીસે એડીઆર દાખલ કર્યો હતો અને પોસ્ટમોર્ટમના રિપોર્ટની રાહ જોઇ રહી છે. પ્રાથમિક તપાસમાં આ કેસ આત્મહત્યાનો લાગી રહ્યો છે. પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા અને હવે મૃતકના પરિવારજનોનું નિવેદન નોંધવામાં આવશે. (પીટીઆઇ)■

# ધારાવી બસ ડેપોના સ્થાને બે આધુનિક અને બહુમાળી ડેપો બનશે

## રિડેવલપમેન્ટ માટે જમીન હસ્તાંતરણને પાલિકાની મંજૂરી; બાંધકામ દરમિયાન બેસ્ટની સેવાઓ ચાલુ રહેશે

મુંબઈઃ BMCએ ગુરુવારે ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ (DRP) માટે ધારાવી BEST બસ ડેપોની જમીન હસ્તાંતરિત કરવાની મંજૂરી આપી છે, જેનાથી ૧૧.૫૮ એકરના આ સ્થળના પુનર્વિકાસનો માર્ગ મોકળો થયો છે.

કુલ જમીનમાંથી ૨.૩૫ એકર જમીન BESTની માલિકીની છે, જ્યારે બાકીનો વિસ્તાર જિલ્લા કલેક્ટરના અધિકારક્ષેત્ર હેઠળ છે. પુનર્વિકાસ માટે પ્રોજેક્ટની સ્પેશિયલ પર્પઝ વ્હિકલ (SPV) ‘‘ANDPL’’ (પૂર્વવર્તી NMDPL) ને સોંપતા પહેલા, આ સમગ્ર જમીન મહારાષ્ટ્ર સરકારના DRP/SRA ને હસ્તાંતરિત કરવામાં આવશે.

માહિમ નેચર પાર્ક સામે આવેલા હાલના ડેપોમાં લગભગ ૨૯૦ બસો માટે જગ્યા છે. હાલમાં, આ સુવિધામાંથી આશરે ૧૨૦ બસોનું સંચાલન થાય છે. પુનર્વિકાસ દરમિયાન કામચલાઉ ડેપોમાંથી બસ સેવાઓ કોઈપણ અવરોધ વિના ચાલુ રહેશે. પ્રોજેક્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ‘‘પુનર્વિકાસ પ્રોજેક્ટમાં ધારાવીની અંદર બે નવા બહુમાળી બસ ડેપોની જોગવાઈ છે. એક ડેપો સાયન રેલ્વે સ્ટેશન પાસે અને બીજો ટાટા પાવર રિસીવિંગ સ્ટેશન પાસે બનાવવામાં આવશે. બંને મળીને લગભગ ૪૭૦ બસોને સમાવી શકશે, જેનાથી BEST ની સંચાલન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે.’’

ટેન્ડરની શરતો મુજબ, SPV એ DRP/SRA ને લાગુ પડતા ‘રેડી રેકનર રેટ’ના ૨૫% જેટલું જમીન પ્રીમિયમ ચૂકવવું પડશે. ■

# ૪૪ સોમાલિયન ચાંચિયાને જનમટીપઃ

## કોર્ટે નૌકાદળની હિંમતને બિરદાવી

મુંબઈઃ મુંબઈની વિશેષ અદાલતે ચાંચિયાગીરી અને અન્ય ગુનાઓ સંબંધી બે અલગ કેસમાં ૪૪ સોમાલિયન નાગરિકને સોમવારે આજીવન કારાવાસની સજા ફટકારી હતી.

ભારતીય નૌકાદળની આંતરરાષ્ટ્રીય ફરજો અને કાયદાઓ લાગુ કરવામાં દાખવવામાં આવેલી હિંમતને પણ કોર્ટે બિરદાવી હતી.

મહત્તમ કારાવાસની સજા આપતાં સ્પેશિયલ જજ એસ. બી. ડિગેએ નોંધ્યું હતું કે આરોપીઓ દ્વારા આચરવામાં આવેલા ગુના અત્યંત ગંભીર પ્રકારના છે.

૪૪માંથી ૩૫ એક કેસના, જ્યારે નવ બીજા કેસના આરોપી છે. બધા આરોપીએ કોર્ટ સમક્ષ ગુનો સ્વીકારી લીધો હતો અને સહાનુભૂતિ દાખવવાની વિનંતી કરી હતી.

આરોપીઓને ભારતીય દંડ સંહિતા, આર્મ્સ ઍક્ટ, પાસપોર્ટ ઍક્ટ, ફોરેનર્સ ઍક્ટ, મૅરિટાઈમ એન્ટિ-પાઈરસી ઍક્ટ અને એક્સપ્લોઝિવ સબ્સ્ટેન્સીસ ઍક્ટ હેઠળ કસૂરવાર ઠેરવાયા હતા. (પીટીઆઈ)■

# અંબરનાથમાં ૧૪ લાખનું કેમિકલ ચોરાયું

થાણેઃ થાણે જિલ્લાના અંબરનાથમાં આવેલી કંપનીના પરિસરમાંથી ૧૪ લાખ રૂપિયાનું હલક્યુનોલ નામનું કેમિકલ ચોરાતા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. અંબરનાથમાં કંપનીના પરિસરમાં ૧૦ જુલાઇથી ૧૧ જુલાઇ દરમિયાન આ ઘટના બની હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ચોર મધરાતે કંપનીના પરિસરમાં ઘૂસ્યા હતા અને હલક્યુનોલ કેમિકલ ભરેલી બેગ ચોરીને પલાયન થઇ ગયા હતા. બીજે દિવસે ચોરીની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ આ પ્રકરણે શનિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ફરિયાદને આધારે અજાણ્યા શખસો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. (પીટીઆઇ)

# પ્રવાસી પર હુમલો, બે વ્યંઢળ પકડાયા

મુંબઇઃ મુંબઈમાં પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેનમાં પ્રવાસી પર બે વ્યંઢળે હુમલો કર્યો હોવાની ઘટના સામે આવ્યા બાદ બંને વ્યંઢળને તાબામાં લેવાયા હતા. ૧૮ જુલાઇએ ચાલતી ટ્રેનમાં આ ઘટના બની હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ ગવર્નમેન્ટ રેલવે પોલીસે (જીઆરપી)એ બંને વ્યંઢળને પકડી પાડ્યા હતા. વીડિયોમાં બંને વ્યંઢળ ટ્રેનમાં પ્રવાસીને માર મારતા નજરે પડે છે. મુંબઈ સેન્ટ્રલ રેલવે પોલીસ સ્ટેશન ખાતેની જીઆરપીની ટીમે બંને વ્યંઢળને શોધી કાઢ્યા હતા. (પીટીઆઇ)■

# મરાઠી ભાષાના પ્રચાર માટે રાજ્ય સરકાર અસરકારક યોજના તૈયાર કરશે

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે અધિકારીઓને મરાઠી ભાષાના સંરક્ષણ અને પ્રોત્સાહન માટે અસરકારક કાર્ય યોજના તૈયાર કરવા અને અમલમાં મૂકવા નિર્દેશ આપી રાજ્ય મરાઠી વિકાસ સંસ્થાના કાર્યમાં વધુ પારદર્શિતા, સાતત્ય અને કાર્યક્ષમતાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

સંસ્થાની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતામાં ફડણવીસે અધિકારીઓને તેની પ્રવૃત્તિઓના સમયસર અમલીકરણની ખાતરી કરવા માટે તમામ વૈધાનિક બેઠકોનું વાર્ષિક સમયપત્રક અગાઉથી અંતિમ સ્વરૂપ આપવા જણાવ્યું હતું. ફડણવીસે લાંબા સમયથી પડતર વૈધાનિક અને વહીવટી કામકાજ પૂરા કરવા બદલ સંસ્થાને અભિનંદન આપી જણાવ્યું હતું કે હવે મરાઠી ભાષાના પ્રચાર, સંશોધન અને જાળવણી માટે નક્કર નીતિઓના અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે ખાતરી આપી કે સંસ્થાના કર્મચારીઓને લગતા મુદ્દાઓનો ઉકેલ લાવવામાં આવશે. બેઠક દરમિયાન, સભ્યોએ બુક વિલેજ અને લાઇબ્રેરી ઇન અ બોક્સ જેવી પહેલનો આદિવાસી અને સરહદી વિસ્તારોમાં વિસ્તાર કરવા, ઝાડીબોલી (વિદર્ભની લોકબોલી) અને પૂર્વીય વિદર્ભની નાટ્ય પરંપરાને જાળવવા માટે ગઢચિરોલી-વડસામાં એક નાટ્ય સંકુલ સ્થાપવા અને લોક કલા સ્વરૂપોને પ્રોત્સાહન આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. (પીટીઆઈ)■

# બર્થ સર્ટિફિકેટ મેળવવામાં વિલંબઃ નગરસેવકોની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોગસ બર્થ સર્ટિફિકેટ રેકેટ પર કાર્યવાહીથી અસલી નામ સુધારણામાં વિલંબ થઈ રહ્યો છે, જેના કારણે વિદેશના વિઝા માટે અરજી કરતા વિદ્યાર્થીઓ અને સુધારેલા દસ્તાવેજોની જરૂર હોય તેવા અન્ય નાગરિકોને અસર થઈ રહી હોવાની ફરિયાદ સોમવારે મુંબઈ મહાનગરપાલિકાની સામાન્ય સભામાં નગરસેવકોએ કરી હતી. જોકે પાલિકા પ્રશાસને સ્પષ્ટતા કરી હતી કે દુરુપયોગને રોકવા માટે નામ સુધારણાની સત્તા એક્ઝિક્યુટિવ હેલ્થ ઓફિસર પાસે કેન્દ્રિત કરવામાં આવી છે અને તેમણે સેન્ટ્રલ રજિસ્ટ્રારને સાચા કેસોને ઝડપી બનાવવા માટે વોર્ડ-સ્તરની સત્તાઓ પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી છે.

ગેરકાયદેસર વિદેશી નાગરિકોને બોગસ બર્થ સર્ટિફિકેટ આપવામાં આવી રહ્યા હોવાના આરોપો વચ્ચે ભાજપના નગરસેવકે સામાન્ય સભામાં નોટિસ ઓફ મોશન રજૂ કરીને તેમાં રહેલી ખામીઓ ઉજાગર કરવા અને વધુ દુરુપયોગ અટકાવવા માટે બર્થ રજિસ્ટ્રેશન અને સર્ટિફિકેટ આપવાની સિસ્ટમનું નિયમિત ઓડિટ કરવાની માગણી કરી હતી.

આ દરમ્યાન બોગસ સર્ટિફિકેટને પગલે અમલમાં મૂકેલી કાર્યવાહીથી અનેક નાગરિકો મુશ્કેલીમાં મુકાયા છે. વિદેશી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ, વિઝા અરજદારો અને જન્મ પ્રમાણપત્રોમાં સુધારાની જરૂર હોય તેવા લોકોને મહિનાઓ સુધી વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે. પક્ષના નેતાઓએ વોર્ડ-સ્તરીય સેવાઓ તાત્કાલિક પુનઃસ્થાપિત કરવાની અને જન્મ પ્રમાણપત્ર સુધારાના વધતા જતા બેકલોગને દૂર કરવા માટે સમય-બાઉન્ડ મિકેનિઝમની માગણી કરી હતી. નગરસેવકોના દાવા મુજબ નાગરિકો નાના જોડણી સુધારા માટે વોર્ડ ઑફિસની વારંવાર મુલાકાત લઈ રહ્યા છે અને સ્ટાફ પર દબાણ વધી રહ્યું છે. અરજદારો છ મહિનાથી એક વર્ષથી વધુ સમયથી સર્ટિફિકેટની રાહ જોઈ રહ્યા છે, જેમાં ઘણી વિઝા સમયમર્યાદા ચૂકી ગઈ છે. ■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગિરમીટ | SHRIKRISHNA |
| ગિરવી | MOUNTAIN |
| ગિરિ | DRILL |
| ગિરિધર | HIMALAYA |
| ગિરીશ | MORTGAGED |

### માતૃભાષાની મહેક

નાડી રક્તવાહિની, શિરા, રગ તરીકે પણ ઓળખાય છે. એકસરખા ચાલતા લોહીના પ્રવાહમાં રક્તાશયને પ્રત્યેક ધબકારે તેમાં ઉમેરો થતાં ધમની ઊછળે છે. જુવાન આદમીના શરીરમાં આશરે પંચોતેર ધબકારા દર મિનિટે થાય છે. પક્ષીઓની નાડીનો વેગ એકંદરે મનુષ્ય કરતાં વધારે છે. ઉંદરની નાડીનો વેગ ૧૨૦, શ્વાનની ૭૫, ઘોડાની ૪૨ અને હાથીની ૨૮ છે.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ GRAPHOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) વ્યાકરણ  બ) લખાણ  ક) ભૂમિતિ  ડ) ઘાસ

### ઈર્શાદ

*જો હૃદયની આગ વધી ‘ગની’,*
*તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી, કોઈ*
*શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય*
*ગગન સુધી.*

-- ગની દહીંવાલા

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ | ૭ |
| | ■ | ૮ | | ■ | | ■ | | ■ | |
| ૯ | | | ■ | ૧૦ | | | ■ | ■ | ■ |
| | ■ | ■ | ૧૧ | | ■ | ■ | ૧૨ | ■ | ૧૩ |
| ■ | ૧૪ | ૧૫ | | | ■ | ■ | ૧૬ | ૧૭ | |
| ૧૮ | | | ■ | ■ | ૧૯ | ૨૦ | | | ■ |
| | ■ | | ■ | ૨૧ | ■ | | ■ | ■ | ૨૨ |
| ■ | ■ | ■ | ૨૩ | | | ■ | ૨૪ | | |
| ૨૫ | ■ | ૨૬ | ■ | | ■ | ૨૭ | | ■ | |
| ૨૮ | | | | | ■ | ૨૯ | | | |

### આડી ચાવી

૧. કુટુંબ સાથે બધાને, સહકુટુંબ (૪)
૪. ઉદાર (૫)
૮. શંકા, વહેમ (૨)
૯. વિશેષ (૩)
૧૦. સ્તબ્ધ, મૂક (૩)
૧૪. રાજા (૪)
૧૬. તરસ (૩)
૧૮. છેવટનું, છેલ્લું (૩)
૧૯. મુદત, સમય (૪)
૨૩. આચરણ, રીતભાત (૩)
૨૪. કાચંડો (૩)
૨૭. નાની કરવતી (૨)
૨૮. વખાણવા લાયક, સ્તુત્ય (૫)
૨૯. ખૂબ ઘરાઈને (૪)


### ઊભી ચાવી

૧. જતન, સંભાળ (૪)
૨. પાણી ભરવાની ચામડાની કોથળી (૩)
૩. નિશ્ચય, પણ (૨)
૪. ઈષ્ટ પરિણામ (૪)
૫. નસ (૨)
૭. ટોણો, મહેણું (૨)
૧૧. મહેરબાની (૨)
૧૨. ગુસ્સે થયેલું, રૂઠેલું (૩)
૧૩. તાંતણા, તંતુ (૨)
૧૪. બુદ્ધિ (૨)
૧૫. ગંગા નદી (૩)
૧૭. નાનો તંબૂ (૨)
૧૮. કિરણ (૨)
૨૦. આદત, મહાવરો (૨)
૨૧. વખાણવા જેવું (૪)
૨૨. કડાકૂટ, પંચાત (૪)
૨૪. દેહ, કાયા (૨)
૨૫. કીર્તિ (૨)
૨૬. વાટ, રસ્તો (૨)
૨૭. આકાશ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કુ | તૂ | ૨ હ | લ | ■ | ૩ અ | ૪ વ | ૫ હે | લ | ૬ ના |
| ને | ■ | મા | ■ | ૭ નો | ■ | ૮ ત | ર | ■ | સ |
| ૯ હ | ૧૦ વા | લ | ■ | ૧૧ ક | સ | ર | ત | ■ | પ |
| ■ | ર | ■ | ૧૨ મ | રી | ■ | ણું | ■ | ૧૩ પ | તિ |
| ૧૪ ત | પ | સ્વી | ■ | ૧૫ યા | ૧૬ દ | ■ | ■ | હે | ■ |
| ■ | ર | ■ | ■ | ૧૭ ત | ર | ■ | ૧૮ પ્ર | લ | ય |
| ૧૯ દ | વ | ■ | ૨૦ ક | ■ | ૨૧ ગુ | નો | ■ | વા | ■ |
| ધિ | ■ | ૨૨ ચા | લ | બા | જ | ■ | ૨૩ જ | ન | ૨૪ ક |
| સુ | ■ | ૨૫ લ | બ | ■ | ર | ■ | રી | ■ | મા |
| ૨૬ તા | જા | ક | લ | મ | ■ | ૨૭ પ | ક | વા | ન |

## ઓળખાણ પડી?




શીતળ અને વાજીકર જેવા ઔષધીય ગુણ ધરાવતી વનસ્પતિની ઓળખાણ પડી? એના બીનાં છોડાં કાઢી શાક કે અથાણું બનાવાય છે.

અ) ગંઠોડા  બ) લીંડીપીપર  ક) કૌંચા  ડ) હરિતકી

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘એ ક્યારે અલોપ થઈ ગયો ખબર ન પડી’ પંક્તિમાં અલોપ શબ્દનો અર્થ જણાવો.

અ) મૂંગો  બ) સંગીત  ક) અદૃશ્ય  ડ) આળસુ

## માઈન્ડ ગેમ

છત્રપતિ શિવાજી મહારાજના સેનાપતિ તાનાજી માલુસરેને કારણે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતો સિંહગઢ કયા શહેરથી નજીક છે?

અ) કોલ્હાપુર  બ) નાશિક  ક) ઔરંગાબાદ  ડ) પુણે

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૬ | ૪ | | | | ૩ | |
| | | ૯ | | ૭ | ૮ | | | |
| | | | | ૩ | | ૯ | | |
| ૩ | | | | | | ૨ | | |
| ૨ | | ૫ | ૭ | ૬ | ૩ | ૮ | | ૧ |
| | | ૮ | | | | | | ૩ |
| | | ૨ | | ૪ | | | | |
| | | | ૬ | ૮ | | ૩ | | |
| | ૪ | | | | ૧ | ૭ | ૬ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૩ | ૨ | ૭ | ૮ | ૯ | ૪ | ૬ |
| ૯ | ૬ | ૨ | ૧ | ૩ | ૪ | ૮ | ૭ | ૫ |
| ૪ | ૭ | ૮ | ૫ | ૯ | ૬ | ૩ | ૨ | ૧ |
| ૮ | ૩ | ૭ | ૯ | ૧ | ૫ | ૨ | ૬ | ૪ |
| ૨ | ૯ | ૫ | ૬ | ૪ | ૩ | ૭ | ૧ | ૮ |
| ૬ | ૪ | ૧ | ૭ | ૮ | ૨ | ૫ | ૯ | ૩ |
| ૩ | ૮ | ૯ | ૪ | ૬ | ૭ | ૧ | ૫ | ૨ |
| ૧ | ૫ | ૬ | ૮ | ૨ | ૯ | ૪ | ૩ | ૭ |
| ૭ | ૨ | ૪ | ૩ | ૫ | ૧ | ૬ | ૮ | ૯ |

## ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગિનતી | COUNTING |
| ગિન્નાવું | UNHAPPY |
| ગિરજા | CHURCH |
| ગિરદી | CROWD |
| ગિરફતાર | ARREST |

ગુજરાત મોરી મોરી રેઃ વરસાદ

ઓળખાણ પડી? અશ્વગંધા

માઈન્ડ ગેમ : જૂનાગઢ

ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ મેઘાડંબર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) ધીરેન ઉદેશી (૭) ભરત કજરિયા (૮) નૂતન વિપીન શાહ (૯) વિપીન શાહ (૧૦) નિતીન જયંતીલાલ બજરિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) કમલ માતલિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મીનળ કાપડિયા (૧૭) લજિતી ખોના (૧૮) મહેશ સંઘવી (૧૯) પ્રવીણ વોરા (૨૦) નયના ગિરીશ મિસ્ત્રી (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વિણા સંપટ (૨૩) ભાવના કર્વે (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિજય આસર (૨૮) ડાયના સંતોકે (૨૯) રમેશભાઈ દલાલ (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) અલકા વાણી (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) અરવિંદ કામદાર (૩૭) નિખિલ બંગાળી (૩૮) અમીશી બંગાળી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) પુષ્પા પટેલ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) મહેશ દોશી

## બેફામ બેસ્ટ

# ડિવાઈડર સાથે બસ ટકરાઇ સિનિયર સિટીઝનનું મૃત્યુ

## ૧૦ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બેફામ બનેલી બેસ્ટની બસો દ્વારા અકસ્માતની ઘટનાઓ ઉપરાછાપરી બની રહી છે ત્યારે સોમવારે વધુ એક બસે માનખુર્દમાં હાહાકાર મચાવી દીધો હતો. વાશી તરફ જતી બસે સાયન-પનવેલ હાઈવે પર ડિવાઈડર સાથે ટકરાઈને ત્યાં ઊભેલા સિનિયર સિટીઝન સહિત અન્યોને અડફેટે લીધા હતા. આ ઘટનામાં સિનિયર સિટીઝનનું મૃત્યુ થયું હતું, જ્યારે બસ ડ્રાઈવર અને કન્ડક્ટર સહિત ૧૦ જણ ઘવાયા હતા. અકસ્માતને પગલે હાઈવે પર વાહનોની લાંબી લાઈન લાગી હતી.

માનખુર્દ પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારની સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ સાયન-પનવેલ હાઈવે પર માનખુર્દ નજીક વિશ્વકર્મા હૉસ્પિટલ સામે બની હતી. બેસ્ટની બસે કચડતાં મૃત્યુ પામેલા રાહદારીની ઓળખ ભાસ્કર રાવસાહેબ પાંડે (૬૫) તરીકે થઈ હતી.

બેસ્ટના અધિકારીએ જણાવ્યું હતું કે ૫૦૧ રૂટ પરની વેટ લીઝ ઑપરેટરની બસ કુર્લા રેલવે સ્ટેશન પૂર્વથી ઐરોલી વચ્ચે દોડતી હતી. સવારે વાશી તરફ બસ જઈ રહી હતી ત્યારે માનખુર્દમાં આ ઘટના બની હતી.

બસના ડ્રાઈવર બનવારી શ્રીરામ પ્રસાદ શર્મા (૫૧)એ દાવો કર્યો

(જુઓ પાનું ૪) ▶▶

# ડોમ્બિવલીમાં પતિ સાથે મળીને પ્રેમીને પતાવ્યો

### વૉઈસમેઈલથી મહિલાએ કરી ગુનાની કબૂલાત મૃતદેહને બાથરૂમમાં મૂકી નળ ચાલુ રાખ્યો હતો, જેથી શબ ધોવાતું રહે અને દુર્ગંધ તરત ફેલાય નહીં

થાણેઃ ડોમ્બિવલીમાં મુસીબત બની ગયેલા પ્રેમીનો પતિની મદદથી કાંટો કાઢનારી મહિલાએ ફ્લૅટમાલિકને વૉઈસમેઈલ મોકલી ગુનાની કથિત કબૂલાત કરી હતી. પ્રેમીના શબને બાથરૂમમાં મૂકીને નળ ચાલુ રાખવામાં આવ્યો હતો, જેથી ફ્લૅટમાં મૃતદેહ હોવાનો તરત કોઈને અણસાર ન આવે. માનપાડા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સંદીપ શિંદેએ જણાવ્યું હતું કે ઘટના સોમવારની સવારે પ્રકાશમાં આવી હતી. ચાર દિવસથી

(જુઓ પાનું ૪) ▶▶

# સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પર અકસ્માતમાં છનાં મોત

### ઊંધી વળી ગયેલી ઈથેનોલ ભરેલી ટ્રક સાથે કાર ટકરાતાં બન્ને વાહન સળગી ઊઠ્યાં

વર્ધાઃ મુંબઈ-નાગપુર સમૃદ્ધિ એક્સપ્રેસવે પર વર્ધા નજીક સોમવારના મળસકે થયેલા ભયાનક અકસ્માતમાં છ જણે જીવ ગુમાવ્યા હતા. અત્યંત જ્વલનશીલ ઈથેનોલ ભરેલી કન્ટેઈનર ટ્રક એકાએક ઊંધી વળી જતાં પાછળથી આવેલી ટ્રક તેની સાથે ભટકાઈ હતી, જેને પગલે બન્ને વાહન સળગી ઊઠ્યાં હતાં. અકસ્માતને પગલે એક્સપ્રેસવે પર ટ્રાફિકની સમસ્યા નિર્માણ થઈ હતી.એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ચોમાસાની ફરી એન્ટ્રી

### આજે મુંબઈમાં ઑરેન્જ અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં વીકએન્ડથી નૈર્ઋત્યના ચોમાસાએ ફરી એન્ટ્રી કરી છે. બે-ત્રણ દિવસથી મુંબઈ સહિત થાણે, પાલઘર, રાયગઢ જેવા જિલ્લાઓમાં  હળવાથી મધ્યમ વરસાદ પડી રહ્યો છે. જોકે રવિવાર રાતથી સોમવાર સવાર સુધીમાં ઉપનગરની સરખામણીમાં દક્ષિણ મુંબઈ વરસાદનું પ્રમાણ ઓછું રહ્યું હતું. ભારતીય હવામાન વિભાગે  મંગળવાર માટે ઑરેન્જ અલર્ટ જારી કર્યું છે, જેમાં ભારે પવન સાથે અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

મુંબઈમાં સોમવારના સવારના અનેક વિસ્તારોમાં વરસાદના હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદના ઝાપટાં

(જુઓ પાનું ૪) ▶▶




મુંબઈની સહાયિત ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ આઝાદ મેદાન ખાતે વિરોધ પ્રદર્શન કર્યું, જેમાં ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણમાં તેમના લાંબા સમયથી યોગદાનને માન્યતા આપવાની અને મ્યુનિસિપલ કોર્પોરેશનની બંધારણીય જવાબદારી હેઠળ તેમના સેવા લાભોના રક્ષણની માંગણી કરવામાં આવી. (અમય ખરાડે)

# મરાઠવાડા અને વિદર્ભના ત્રણ તીર્થસ્થાનો માટે સુધારેલા વિકાસ પ્લાનને મંજૂરી

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે પરભણી, અમરાવતી અને નાગપુર જિલ્લાના ત્રણ યાત્રાધામો માટે રૂ. ૧૧૫ કરોડની સુધારેલી વિકાસ યોજનાઓને મંજૂરી આપી.એક સત્તાવાર યાદી અનુસાર, આ મંજૂરીમાં પરભણી જિલ્લાના ગંગાખેડ ખાતે સંત જનાબાઈ તીર્થસ્થળ માટે રૂ. ૪૮.૫૫ કરોડના વિકાસ પ્લાન, અમરાવતીમાં સંત ગાડગેબાબા સ્મારક માટે રૂ. ૨૫ કરોડ અને નાગપુર જિલ્લાના કાટોલ ખાતે ચક્રધર સ્વામી મંદિર પરિસર માટે રૂ. ૪૧.૭૫ કરોડની વિકાસ યોજનાનો સમાવેશ થાય છે.

તીર્થસ્થાન વિકાસ અંગેની મુખ્ય સમિતિની બેઠકમાં મુખ્ય પ્રધાને અધિકારીઓને નિર્દેશ આપ્યો કે, રાજ્યના આધ્યાત્મિક વારસાને જાળવી રાખીને તમામ પ્રોજેક્ટ્સ નક્કી કરેલા સમયમાં પૂર્ણ કરવામાં આવે. તેમણે મહારાષ્ટ્રની સંત પરંપરાને સાચવવા અને ધાર્મિક પ્રવાસનને વેગ આપવા માટે આ સ્થળોના સર્વગ્રાહી વિકાસ પર ભાર મૂક્યો હતો. સત્તાવાર નિવેદન અનુસાર, તહેવારોમાં ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને, ગુણવત્તા જાળવીને તમામ કામો તબક્કાવાર રીતે કરવા માટે ફડણવીસે જણાવ્યું હતું.  તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ્સ માત્ર યાત્રાળુઓને સારી સુવિધાઓ જ પૂરી પાડશે નહીં પરંતુ સ્થાનિક રોજગાર, પર્યટન અને પ્રાદેશિક અર્થતંત્રને પણ વેગ આપશે. અમરાવતી પ્રોજેક્ટમાં સંત ગાડગે મહારાજ સ્મારક સાંસ્કૃતિક અને મૂલ્ય શિક્ષણ કેન્દ્રનું કાર્ય પૂર્ણ કરવા, યાત્રાળુઓના રહેઠાણનું વિસ્તરણ, કીર્તન હોલ, સમાધિનું પુનઃસ્થાપન અને સુંદરીકરણ, ધ્યાન કેન્દ્ર, આંતરિક રસ્તાઓ, પાર્કિંગ અને અન્ય નાગરિક સુવિધાઓનો સમાવેશ થાય છે. કાટોલ પ્રોજેક્ટમાં ચક્રધર સ્વામી મંદિર સંકુલમાં બહુહેતુક હોલ, આધુનિક જાહેર સુવિધાઓ, ભવ્ય પ્રવેશદ્વાર, પાર્કિંગ સુવિધાઓ, બગીચાઓ, રસ્તાઓ, પુલ અને અન્ય પ્રવાસન માળખાનો સમાવેશ થાય છે.

## સીજેપીના વિરોધ પ્રદર્શનનો પડઘો

# મુંબઈ, પુણે, નાગપુરમાં વિદ્યાર્થીઓ બન્યા આક્રમક

મુંબઈઃ દિલ્હીમાં સંસદભવન પર કોક્રોચ જનતા પાર્ટીએ મોરચો કાઢ્યો હતો. દિલ્હીના જંતર-મંતરથી શરૂ થયેલા મોરચાને પોલીસ અને સુરક્ષા દળોએ રોકવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે પ્રદર્શનકારીઓ પર ટીયર ગેસના શેલ છોડ્યા હતા. તેમણે પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ પણ કર્યો હતો. જોકે, મોરચો દિલ્હીના સંસદ ભવન સુધી પહોંચી ગયો હતો . દિલ્હીમાં બની રહેલી ઘટનાઓના પ્રત્યાઘાત મહારાષ્ટ્રમાં પણ જોવા મળી રહ્યા છે. મુંબઈ અને દિલ્હીમાં પણ વિદ્યાર્થીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે.

વિદ્યાર્થીઓ મુંબઈના દાદરમાં ચૈત્યભૂમિ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન માટે પહોંચ્યા હતા. આ સમયે પોલીસે પ્રદર્શનકારીઓની ધરપકડ કરી હતી. પોલીસે પ્રદર્શનકારીઓને વિખેરવા પ્રયાસ કર્યો ત્યારે કેટલાક પ્રદર્શનકારીઓ આક્રમક બન્યા હતા. 'અમને પોલીસથી નહીં, પણ શિક્ષણ પ્રધાનથી રક્ષણ જોઈએ છે. તેઓ અમને ચૈત્યભૂમિ પર ઊભા રહેવા દેતા નથી. અમે કેમ ન ઊભા રહીએ? ક્રાંતિ અમર

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં ૨૩ જુલાઈથી ૬ ઑગસ્ટ સુધી પ્રતિબંધાત્મક આદેશ લાગુ

### જાહેર સ્થળોએ પાંચ કે તેથી વધુ વ્યક્તિના ભેગા થવા પર મનાઈ

મુંબઈઃ મુંબઈ પોલીસે સોમવારે ૨૩ જુલાઈથી ૬ ઑગસ્ટ સુધી પ્રતિબંધાત્મક આદેશ લાગુ કર્યો છે, જેમાં જાહેર સ્થળોએ પાંચ કે તેથી વધુ વ્યક્તિએ ભેગા થવા પર મનાઈ કરવામાં આવી છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે જાહેર શાંતિનો ભંગ થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે.

મહારાષ્ટ્ર પોલીસ એક્ટ હેઠળ ડેપ્યુટી પોલીસ કમિશનર (ઑપરેશન્સ) અકબર પઠાણે ઉપરોક્ત આદેશ જારી કર્યો છે, જેમાં સરઘસ કાઢવા અને લાઉડસ્પીકરનો ઉપયોગ કરવા, મોટા અવાજના વાજિંત્રો વગાડવા, મ્યુઝિકલ

(જુઓ પાનું ૪) ▶▶

# સરકાર યુવાનોથી ગભરાઈ ગઈ છેઃ સંજય રાઉત

મુંબઈઃ પરીક્ષામાં કથિત ગેરરીતિના મુદ્દાને લઈને છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીના જંતર મંતર પર વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. પ્રદર્શનકારીઓએ સંસદ પર કૂચ કાઢવાની જાહેરાત કર્યા બાદ દિલ્હી વહીવટીતંત્રે મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ તૈનાત કરી ઘણા મેટ્રો સ્ટેશનો બંધ કરી દેવામાં આવ્યા છે. શિવસેના ઠાકરે જૂથના સંસદ સભ્ય

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ યુનિવર્સિટી કૅમ્પસની બહાર દેખાવો

મુંબઈઃ શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી)એ સોમવારે મુંબઈ યુનિવર્સિટીની બહાર કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ની આગેવાની હેઠળની સંસદ કૂચમાં ભાગ લેનારાઓ પર પોલીસ દ્વારા કરવામાં આવેલી કથિત કાર્યવાહી અને એક્ટિવિસ્ટ સોનમ વાંગચૂકને તેમની ભૂખ હડતાળ વચ્ચે જંતર-મંતર પરથી દૂર કરવા સામે વિરોધ

(જુઓ પાનું ૪) ▶▶

# નાગપુરમાં હજારો લોકો એકત્ર થયા

નાગપુરઃ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે દિલ્હીના જંતર-મંતર ખાતે કાર્યકર સોનમ વાંગચુક અને 'કોકરોચ જનતા પાર્ટી' દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનના  સમર્થનમાં સોમવારે નાગપુરમાં હજારો વિદ્યાર્થીઓ, યુવાનો અને વરિષ્ઠ નાગરિકોએ આંદોલન કર્યું હતું.

પરીક્ષાના પ્રશ્નપત્રો લીક થયા હોવાના આક્ષેપોને લઈને સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરતા  પ્રદર્શનકારીઓ

(જુઓ પાનું ૪) ▶▶

# એફટીઆઈઆઈના વિદ્યાર્થી સંગઠને સીજેપીને સમર્થન

પુણેઃ ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (એફટીઆઈઆઈ) ના વિદ્યાર્થી સંગઠને સોમવારે, શિક્ષણ ક્ષેત્રે કથિત અનિયમિતતાઓ અને પરીક્ષાના પેપર લીક થવાના મુદ્દે 'કોકરોચ જનતા પાર્ટી' અને કાર્યકર સોનમ વાંગચુક દ્વારા કરવામાં આવી રહેલા વિરોધ પ્રદર્શનોને સમર્થન જાહેર કર્યું છે. સીજેપી ના 'સાંસદ ચલો' કૂચના સમર્થનમાં આજે સવારે એફટીઆઈઆઈ કેમ્પસમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી

(જુઓ પાનું ૪) ▶▶

# શાસન ભારત વિરોધી છેઃ આદિત્ય ઠાકરે

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ સોમવારે નવી દિલ્હીમાં વિરોધીઓ પર કાર્યવાહી કરવા બદલ કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળના શાસનને ભારત વિરોધી ગણાવ્યું હતું. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં ઠાકરેએ કહ્યું હતું કે દુનિયા જ્યારે શાંતિપૂર્ણ વિરોધ કૂચ સામે શાસન

(જુઓ પાનું ૪) ▶▶

# છત્રપતિ સંભાજીનગરમાં વિદ્યાર્થીઓ, વકીલોના દેખાવો

છત્રપતિ સંભાજીનગરઃ શિક્ષણ ક્ષેત્રે કથિત અનિયમિતતાઓ અને પરીક્ષાનાં પેપર લીક થવાના મુદ્દે કેન્દ્રીય પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે સોમવારે છત્રપતિ સંભાજીનગરના ક્રાંતિ ચોક ખાતે વિદ્યાર્થીઓ અને વકીલોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

એક પ્રદર્શનકારીએ જણાવ્યું કે તેઓ નીટની પરીક્ષાના ઉમેદવાર છે અને સરકાર પાસે એ સ્પષ્ટતા ઇચ્છે છે કે પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક

(જુઓ પાનું ૪) ▶▶

# દહાણુમાં ધોળેદહાડે ઝવેરીની દુકાનમાં લૂંટ ચલાવ્યા બાદ લૂંટારાઓએ કર્યો ગોળીબાર

પાલઘરઃ પાલઘર જિલ્લાના દહાણુમાં માર્કેટ જેવા ભરચક વિસ્તારમાં ધોળેદહાડે ઝવેરીની દુકાનમાં ઘૂસેલા ત્રણ લૂંટારુઓએ દાગીના અને રોકડ લૂંટ્યા બાદ પલાયન થતાં પહેલા ગોળીબાર કર્યો હતો. આ ઘટનાને કારણે અન્ય દુકાનદારોમાં ગભરાટ ફેલાયો હતો.

લૂંટની આ ઘટના સિક્યુરિટી કેમેરામાં કેદ થઇ હતી, જે દહાણુના ઇરાન રોડ ખાતે આવેલી લક્ષ્મી જ્વેલર્સ નામની દુકાનમાં સોમવારે બપોરે ૪.૩૦ વાગ્યાની આસપાસ બની હતી.

માસ્ક પહેરેલા ત્રણ લૂંટારા શસ્ત્રો સાથે મોટરસાઇકલ પર આવ્યા હતા અને તેઓ ઝવેરીની દુકાનમાં ઘૂસ્યા હતા. તેમણે બંદૂકની ધાકે દુકાનના કર્મચારી અને ગ્રાહકોને ધમકાવ્યા હતા અને ત્યાર બાદ દુકાનમાંથી દાગીના અને રોકડ લૂંટ્યા હતા. લૂંટારાઓએ ત્યાંથી ફરાર થતા પહેલા ગોળીબાર કર્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન બનાવની જાણ થતાં દહાણ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે લૂંટારાઓનો પીછો કરવાનો પ્રયાસ પણ કર્યો હતો, પણ તેઓ ભાગવામાં સફળ રહ્યા હતા. લૂંટારાઓને ઓળખી કાઢવા માટે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારમાંના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. (પીટીઆઇ)

# એનએસએ ડોભાલને લોકમાન્ય તિલક પુરસ્કાર એનાયત કરવામાં આવશે

પુણે : રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલની રાષ્ટ્રીય સુરક્ષાના ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ પ્રતિષ્ઠિત 'લોકમાન્ય ટિળક પુરસ્કાર' માટે પસંદગી કરવામાં આવી છે, તેમ ટિળક સ્મારક ટ્રસ્ટે સોમવારે જાહેર કર્યું હતું.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ૧ ઓગસ્ટે પુણેમાં ગુલટેકડી વિસ્તારમાં આવેલા મહારાષ્ટ્રીય મંડળના મેદાનમાં યોજાનારા એક સમારોહમાં ડોભાલને આ પુરસ્કાર અર્પણ કરશે. ટ્રસ્ટના પ્રમુખ ડો. રોહિત તિલકે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ તથા નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને સુનેત્રા પવાર ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

૮૧ વર્ષીય ડોભાલે મિઝોરમ, સિક્કિમ, પંજાબ અને જમ્મુ-કાશ્મીર જેવા સંવેદનશીલ વિસ્તારોમાં મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી છે. તેમણે ઈસ્લામાબાદ અને લંડન સ્થિત ભારતીય મિશનમાં રાજદ્વારી તરીકે સેવા આપી છે. તેઓ ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર છે. ડોભાલે ભારત-ચીન સરહદ વાટાઘાટો માટે ભારતના વિશેષ પ્રતિનિધિ તરીકે સેવા આપી છે અને ડોકલામ વિવાદના ઉકેલમાં મદદરૂપ બનેલા રાજદ્વારી પ્રયાસોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

૧૯૮૩માં શરૂ કરવામાં આવેલો 'લોકમાન્ય ટિળક પુરસ્કાર' સૌપ્રથમ સમાજવાદી નેતા એસ. એમ. જોશીને એનાયત કરવામાં આવ્યો હતો.

દર વર્ષે ૧લી ઓગસ્ટે સ્વાતંત્ર્ય સેનાની બાલ ગંગાધર ટિળકની પુણ્યતિથિએ રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપનાર વ્યક્તિઓને આ પુરસ્કાર આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ભૂતપૂર્વ વડા પ્રધાનો અટલ બિહારી વાજપેયી અને મનમોહન સિંહ, કૉંગ્રેસ નેતા સોનિયા ગાંધી, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને વરિષ્ઠ રાજકારણી શરદ પવાર સહિતની અનેક દિગ્ગજ હસ્તીઓને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. (પીટીઆઈ)

# હાઈ કોર્ટે કોલ્હાપુર જાતીય શોષણ કેસમાં 'નબળી' કામગીરી બદલ પોલીસની ઝાટકણી કાઢીઃ તપાસ સીઆઇડીને સોંપી

મુંબઈ : કોલ્હાપુરની એક આશ્રમ શાળાના મુખ્ય શિક્ષક અને શિક્ષક દ્વારા સગીર બાળકીના થયેલા જાતીય શોષણના કેસમાં પોલીસની ''બેદરકારીભરી'' તપાસ બદલ બૉમ્બે હાઈ કોર્ટે પોલીસની આકરી ટીકા કરી છે અને આ કેસની તપાસ મહારાષ્ટ્ર ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઇડી) ને સોંપી દીધી છે.

ન્યાયમૂર્તિ વૃશાલી જોશી અને સંદેશ પાટિલની બનેલી કોલ્હાપુર સર્કિટ બેન્ચે પોલીસ અધિક્ષકના કોઈ મહિલા આઇપીએસ અધિકારી ઉપલબ્ધ ન હોવાના દાવા પર ''આઘાત'' વ્યક્ત કર્યો હતો; સાથે જ, બેન્ચે તપાસ ટીમના ''બેજવાબદાર અભિગમ'' અને 'પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ' (પોક્સો) એક્ટની સંપૂર્ણ અવગણના કરવા બદલ આકરી ટીકા કરી હતી. પોલીસે કેસ ડાયરી જે રીતે જાળવી રાખી હતી તેનાથી કોર્ટે અસંતોષ વ્યક્ત કર્યો હતો, અને નોંધ્યું હતું કે તે ફક્ત કાગળના ટુકડા હતા. ૧૩ જુલાઈએ પસાર કરવામાં આવેલા આદેશની નકલ સોમવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

પીડિતાના માતા-પિતાએ હાઈ કોર્ટમાં તપાસ સ્વતંત્ર એજન્સીને સોંપવા માટે અરજી કરી હતી, અને પોલીસ તપાસ ખોટી રીતે થતી હોવાનો આરોપ લગાવ્યો હતો. બંને આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટની સંબંધિત જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

કોર્ટે તપાસ રાજ્યની સીઆઇડીને સોંપવાનો આદેશ આપ્યો હતો.

# પ્રધાન ગિરીશ મહાજનની વાંધાજનક તસવીર બનાવી પોસ્ટ કરવા બદલ એક વ્યક્તિની ધરપકડ

જલગાંવઃ જલગાંવની સાયબર પોલીસ ટીમે મહારાષ્ટ્રના પ્રધાન ગિરીશ મહાજનનો કથિત રીતે વાંધાજનક ફોટો બનાવી  ફેસબુક પર પોસ્ટ કરવા બદલ પુણે જિલ્લાના એક ૩૪ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી છે.

અહેવાલો અનુસાર, આરોપીની ઓળખ ભરત બાલાજી મ્હસકે તરીકે થઈ છે. તેણે કથિત રીતે ગિરીશ મહાજનનો એક યુવતી સાથેનો વાંધાજનક ફોટો બનાવી  તેને ઓનલાઇન પોસ્ટ કર્યો હતો, જે બાદમાં વાઇરલ થયો હતો.

આરોપીની રવિવારે પુણે જિલ્લાના ઇંદાપુર ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ, પોલીસે વધુ તપાસ માટે ઘટનામાં કથિત રીતે વપરાયેલો મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. ઉપરાંત, પૂછપરછ દરમિયાન આરોપીએ ગુનો કબૂલ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ બાબત જલગાંવના કોર્પોરેટર અરવિંદ ભગવાન દેશમુખના ધ્યાનમાં આવ્યા બાદ, સાયબર ટીમને આરોપીની ઓળખ કરવા અને આ મામલે તપાસ કરવા જણાવ્યું હતું.

અહેવાલ મુજબ, આરોપી દ્વારા ફેસબુક પર શેર કરવામાં આવેલી પોસ્ટ 'સહયોગ' પોર્ટલ દ્વારા પહેલેથી જ ડિલીટ કરી દેવામાં આવી છે.

સાયબર પોલીસના અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે, ટીમે આરોપીનું એકાઉન્ટ પણ કાયમી ધોરણે ડિલીટ કરી દીધું છે, જેના પર કથિત રીતે લગભગ ૬,૦૦૦ ફોલોઅર્સ હતા.

આરોપી મ્હસકે વિરુદ્ધ બદનક્ષીના આરોપસર કેસ નોંધવામાં આવ્યો છે અને તેની સામે ભારતીય દંડ સંહિતા (આઇપીસી)ની કલમ ૩૫૬ તથા ૩(૫) અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી (આઇટી) એક્ટની કલમ ૬૬(સી) તથા ૬૭ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.



**ચોમાસાની મુસાફરીઃ** ભીના હવામાન વચ્ચે વર્ગો ફરી શરૂ થતાં સ્કૂલના બાળકો બસની બારીમાંથી વરસાદ જોઈ રહ્યા છે. (અમય ખરાડે)




# આર્જેન્ટિનાને આંચકો, સ્પેનને શિરે સરતાજ

## નિસ્તેજ આર્જેન્ટિનાનો તાજ છીનવાયોઃ યુરો ચૅમ્પિયન સ્પેન ૧૬ વર્ષે ફરી વર્લ્ડ ચૅમ્પિયન

ન્યૂ યોર્કઃ અહીં રવિવારે રાત્રે ન્યૂ જર્સી સ્ટેડિયમમાં યુરોપના દેશ સ્પેને દક્ષિણ અમેરિકાના આર્જેન્ટિનાને ફિફા વર્લ્ડ કપની ફાઇનલમાં ૧-૦થી હરાવીને ૧૬ વર્ષે ફરી એક વખત ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. આ પહેલાં, સ્પેને ૨૦૧૦માં પહેલી વાર વર્લ્ડ કપની ટ્રોફી નેધરલૅન્ડ્સને ફાઇનલમાં ૧-૦થી હરાવીને જીતી લીધી હતી.

ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના સામે યુરો ચેમ્પિયન સ્પેનના ખેલાડીઓએ આત્મશ્રદ્ધા, આત્મવિશ્વાસ, આક્રમકતા, સંરક્ષણ શક્તિ, ધૈર્ય અને મજબૂત મનોબળ સાથે શરૂઆતથી છેક સુધી એકધારું ટીમવર્ક બતાવ્યું હતું અને તેઓ કોઈ એક સ્ટાર ખેલાડી પર નિર્ભર નહોતા, જ્યારે આર્જેન્ટિનાએ ગોલ માટે ખાસ કરીને લિયોનેલ મેસી પર સૌથી વધુ આધાર રાખ્યો હતો જેમાં આર્જેન્ટિના નિષ્ફળ રહેતાં છેવટે ફાઇનલ હારી ગયું અને આખી ટૂર્નામેન્ટમાં (સેમિ ફાઈનલ સુધી) જબરદસ્ત પર્ફોર્મ કરનાર આર્જેન્ટિનાએ ફાઇનલમાં નિસ્તેજ દેખાવ બદલ રનર-અપની ટ્રોફી સાથે સંતોષ માનવો પડ્યો. લિયોનેલ મેસીનો આ કદાચ છેલ્લો વર્લ્ડ કપ હતો અને એમાં તેણે રડમસ ચહેરે એમાંથી વિદાય લીધી હતી.

### ૨૦૧૦નું પુનરાવર્તન ૨૦૨૬માં

સબસ્ટિટ્યૂટ ખેલાડી ફેરન ટૉરેસે ૧૦૬ઠ્ઠી મિનિટમાં ગોલ કર્યો હતો જે સ્પેન માટે ગોલ્ડન ગોલ સાબિત થયો હતો. ૨૦૧૦ના સાઉથ આફ્રિકાના વર્લ્ડ કપમાં સ્પેને ઇનિએસ્ટાના નેધરલૅન્ડ્સ સામેની ફાઇનલમાં ૧૧૬મી મિનિટના ગોલ સાથે વર્લ્ડ કપનું ટાઈટલ મેળવ્યું હતું.

રવિવારે ૯૩મી મિનિટમાં ફર્નાન્ડેઝને બીજું યલો કાર્ડ (રેડ કાર્ડ) બતાવવામાં આવતાં આર્જેન્ટિનાની ટીમમાં ખેલાડીઓની સંખ્યા ૧૧થી ઘટીને ૧૦ થઈ ગઈ હતી. ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાનું આક્રમણ આ ફાઇનલમાં એટલું બધું નબળું હતું કે છેક ૧૧૭મી મિનિટમાં આ ટીમ તરફથી ગોલપોસ્ટ પર પહેલો ટાર્ગેટેડ શૉટ આવ્યો હતો.

મૅચના મોટાભાગના સમયમાં બૉલ ૬૫% સ્પેનના કબજામાં અને ૩૫% આર્જેન્ટિનાના કબજામાં હતો. ૨૦૨૨ના ચેમ્પિયન આર્જેન્ટિનાને ૧૯૬૨ની સાલ બાદ બૅક-ટુ-બૅક વર્લ્ડ કપ ટાઈટલ જીતનાર પ્રથમ ટીમ બનવાનો મોકો હતો જે એણે ગુમાવ્યો. ૬૪ વર્ષ પહેલાં બ્રાઝિલે એ સિદ્ધિ મેળવી હતી.




**ટ્રમ્પ ધરાર મંચ પરથી ન ઊતર્યાઃ** અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રવિવારે ફિફાના ચીફ ઇન્ફૅન્ટિનો સાથે મળીને વર્લ્ડ ચૅમ્પિયન સ્પેનની ટીમને ટ્રોફી એનાયત કરી હતી, પરંતુ ત્યાર બાદ સ્પૅનિશ ચૅમ્પિયનનો મંચ પર નાચીને અને કૂદકા મારીને સેલિબ્રેશન કરી રહ્યા હતા ત્યારે ટ્રમ્પ (ફિફા-પ્રમુખની વિનંતી છતાં) સ્ટેજ પરથી નીચે ઊતરવા તૈયાર જ નહોતા. ટ્રમ્પે બુલેટ પ્રુફ કાચની પાછળ બેસીને ફાઇનલ જોઈ હતી. (એપી)

### દિલધડક ફાઈનલના ચમકારા...

(૧) ફાઈનલ મૅચની પહેલી ૨૦ મિનિટમાં મેસીના માત્ર બે ટચ હતા. અગાઉ વર્લ્ડ કપની મૅચમાં તેના કિસ્સામાં આવું ક્યારેય નહોતું બન્યું. ૨૦૧૦ના વિજેતા સ્પેનના ખેલાડીઓએ છેક સુધી બૉલ મેસીથી બને એટલો દૂર રાખવાની કોશિશ કરી હતી.

(૨) એક તરફ આર્જેન્ટિનાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝે ફર્સ્ટ હાફમાં બે વખત સ્પેનના સ્ટ્રાઈકરની ગોલ કરવાની કોશિશને નિષ્ફળ બનાવી હતી ત્યાં થોડી વાર પહેલાં જ આર્જેન્ટિનાનો ખેલાડી લિઝાન્ડ્રો માર્ટિનેઝ આ ફાઇનલમાં યેલો કાર્ડ મેળવનાર પ્રથમ ખેલાડી બન્યો હતો.

(૩) ૩૭મી મિનિટમાં મેસીને ગોલ કરવાનો હાફ ચાન્સ મળ્યો હતો. સ્પેનના ખેલાડીઓએ તેના પર માનસિક દબાણ લાવવાની કોઈ તક જતી નહોતી કરી.

(૪) આર્જેન્ટિનાની ટીમ ૭૦મી મિનિટ સુધી અસ્સલ રિધમમાં નહોતી આવી. આ સમયગાળા દરમિયાન બૉલ સતતપણે ૬૦થી ૬૫ ટકા સ્પેનના કબજામાં હતો. એકંદરે, ૮૫મી મિનિટ સુધી સ્પેનના એકધારા આક્રમણ સામે આર્જેન્ટિનાનું ડિફેન્સ મજબૂત જળવાયું હતું.

(૫) ૨૦૧૨માં ન્યૂ યોર્કમાં આ જ મેદાન પર બ્રાઝિલ સામેની એક મૅચમાં મેસીએ હૅટ-ટ્રિક ગોલ કર્યા હતા. જોકે રવિવારે સ્પેન સામેની ફાઇનલમાં તેને એક પણ ગોલ નહોતો કરવા મળ્યો.

(૬) સ્પેનનો બીજા હાફમાં સરેરાશ દર પાંચ મિનિટે ગોલપોસ્ટ પર એક શૉટ હતો. જોકે આર્જેન્ટિનાના ગોલકીપર માર્ટિનેઝે દરેક શૉટમાં ગોલ થતો રોક્યો હતો.

(૭) મૅચની મુખ્ય ૯૦ મિનિટમાં વર્ચસ્વ જમાવનાર સ્પેનના ૧૫માંથી ૧૦ શૉટ ટાર્ગેટેડ હતા જેમાં આર્જેન્ટિનાના ૨૦૨૨ વર્લ્ડ કપના હીરો ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝે ગોલ નહોતા થવા દીધા. બીજી બાજુ, આર્જેન્ટિનાનો એકેય ટાર્ગેટેડ શૉટ નહોતો.

(૮) ૨૩મા ફિફા વર્લ્ડ કપમાં વિક્રમજનક ૪૮ દેશે ભાગ લીધો અને કુલ ૧૦૪ મેચ રમાઈ.

## મેસીના હર્ષના આંસુ ગમગીનીમાં ફેરવાયા



ન્યૂ યૉર્કઃ ૨૦૨૨માં આર્જેન્ટિનાને ફાઇનલમાં જિતાડનાર લિયોનેલ મેસી રવિવારે સ્પેન સામેનો નિર્ણાયક મુકાબલો નહોતો જિતાડી શક્યો. વારંવાર યાદગાર કમબૅક કરીને વિજય મેળવનાર આર્જેન્ટિના આ વખતે મેસીને તેના સંભવિત અંતિમ વર્લ્ડ કપ અને શક્યતઃ આખરી આંતરરાષ્ટ્રીય મૅચમાં સાથ નહોતા આપી શક્યા. મેસી ક્વૉર્ટર ફાઇનલ અને સેમિ ફાઇનલની જીત બાદ રડ્યો હતો. ત્યારે તેની આંખોમાં હર્ષના આંસુ હતા, પણ રવિવારે તે ઉદાસ હતો અને એ ગમગીનીમાં રડી પડ્યો હતો.

## રોહિત શર્મા ખૂબ ગુસ્સામાં અને ગૌતમ હતો ગંભીર મુદ્રામાં!

લંડનઃ અહીં રવિવારે લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડ સામે નિર્ણાયક વન-ડે હારી જતાં ભારતે ૧-૨થી સિરીઝ પણ ગુમાવી, પરંતુ આ પરાજય વચ્ચે ટીમ ઇન્ડિયા માટે અને એના ચાહકો માટે એક સારું એ થયું કે ઘણા દિવસોથી ફૉર્મ ગુમાવી બેઠેલા અને ટીકાના સામનો કરી રહેલા 'હિટમૅન' રોહિત શર્મા (૧૩૮ રન, ૧૧૦ બૉલ, ૧૭૫ મિનિટ, પાંચ છગ્ગા, સત્તર ચોગ્ગા)એ ફાંકડી ફટકાબાજીથી શાનદાર ૧૯ વર્ષ જૂની વન-ડે કરીઅરની ૩૪મી સેન્ચુરી ફટકારી હતી અને ટીકાકારો તેમ જ તેના વિશે અટકળો કરતા લોકોની બોલતી બંધ કરી હતી. આ પરિસ્થિતિમાં રવિવારનો જ એક વીડિયો બહાર આવ્યો છે જેમાં રોહિત અને હેડ-કોચ ગૌતમ ગંભીર વચ્ચેનું ઘર્ષણ જોવા મળ્યું હતું.

વધુ નવાઈની વાત એ છે કે કથિત ઉગ્ર વાતચીત દરમ્યાન રોહિત ગુસ્સામાં બોલતો રહ્યો હતો અને ગૌતમ ગંભીર તેની સામે પણ નહોતો જોતો અને તેની નજર મેદાન તરફ જ હતી. કેટલાક ક્રિકેટ ફૅન્સે સોશ્યલ મીડિયામાં ટિપ્પણી કરી હતી. એક યૂઝરે લખ્યું, 'એવું લાગે છે કે રોહિત એ વાતે નારાજ હતો કે રિવ્યૂ મીટિંગમાં ગંભીરે તેને સાથ નહોતો આપ્યો. ગંભીરની બૉડી લૅન્ગવેજ થોડી ઉત્સાહજનક લાગતી હતી.' બીજા એક યૂઝરે લખ્યું, 'રોહિત થોડો ગુસ્સામાં લાગ્યો હતો. મને તો લાગે છે કે ગંભીરે મૅચ પહેલાં કંઈક કહ્યું હશે એટલે રોહિત ક્રોધમાં હશે.'

ઇંગ્લૅન્ડ સામેની ત્રણ મૅચની વન-ડે સિરીઝમાં જો રૂટના ૨૪૯ રન તમામ બૅટ્સમેનોમાં હાઇએસ્ટ હતા, જ્યારે ભારતીયોમાં કૅપ્ટન શુભમન ગિલ (૧૮૮ રન) પછી બીજા નંબર પર રોહિત (૧૭૫ રન) હતો. રવિવારની મૅચ પહેલાં રોહિતની સંભવિત નિવૃત્તિ વિશેની અટકળો ચરમસીમાએ હતી. તેના માતા-પિતા અને પત્ની રિતિકા લંડન પહોંચ્યા હોવાથી એવી વાત જોરશોરથી થતી હતી કે રોહિત આ મૅચને અંતે પરિવારની હાજરીમાં નિવૃત્તિ જાહેર કરશે.

જોકે એવું કંઈ જ નહોતું થયું. રોહિત-ગંભીરનો જે વીડિયો બહાર આવ્યો છે એ રોહિતને લગતા વિવાદમાં આગમાં ઘી હોમવા જેવું કહી શકાય. રોહિત લૉર્ડસની જગમશહૂર બાલ્કનીમાં કંઈક ગુસ્સામાં બોલી રહ્યો હતો અને ગૌતમ ત્યારે ગંભીર મુદ્રામાં જોવા મળ્યો હતો. એ ઘટનામાં બન્ને વચ્ચે કોઈ જ તાલમેલ નહોતો જોવા મળતો. ૩૯ વર્ષીય રોહિત બોલી રહ્યો હતો ત્યારે ગંભીર તેની સામે જોયા વિના તેને સાંભળી રહ્યો હતો. તેણે ભાગ્યે જ 'હિટમૅન' તરફ જોયું હતું. રોહિતે બોલવાનું પૂરું કર્યું ત્યાર પછી જ ગંભીરે તેની સામે જોયું હતું. તેની બૉડી લૅન્ગવેજ પરથી લાગતું હતું કે બન્ને વચ્ચે ખૂબ ઉગ્ર ચર્ચા થઈ હતી.

## મેસીનું સપનું ચકનાચૂર કરનારો સ્પેનનો ફેરન ટૉરેસ કોણ છે? ભારત સાથે પણ છે કનેક્શન

ન્યૂ જર્સીઃ રવિવારે ફાઇનલમાં સ્પેનના ફેરન ટોરેસે શાનદાર ટાઈમિંગ સાથે ગોલ કર્યો હતો. આ ગોલ માત્ર મૅચનો પ્રથમ ગોલ જ નહોતો, પરંતુ સ્પેનને વર્લ્ડ ચેમ્પિયન બનાવનારો પણ સાબિત થયો હતો. જે બાદ સમગ્ર વિશ્વમાં આર્જેન્ટિનાના મેસીનું સપનું ચકનાચૂર કરનારો ફેરાન ટોરેસ કોણ છે તેની ચર્ચા શરૂ થઈ હતી.

૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ સ્પેનના ફોયોસમાં જન્મેલો ફેરન ટોરેસ સ્પેનિશ ફૂટબોલનો સૌથી મોટો સ્ટાર બન્યો છે. તે ફોરવર્ડ અને વિંગર બંને પોઝિશન પર રમી શકે છે. તેની સૌથી મોટી તાકાત સ્પીડ, શાનદાર ડ્રિબ્લિંગ, બંને પગથી અસરદાર રમવાની ક્ષમતા અને મોટી મૅચોમાં પ્રેશરને હેન્ડલ કઈ રીતે કરવું તે છે.

ફેરન ટૉરેસે માત્ર છ વર્ષની ઉંમરે વેલેન્સિયાની પ્રખ્યાત ફૂટબૉલ એકેડેમી જોઈન કરી હતી. અહીંથી જ તેમના ફૂટબૉલનો પાયો તૈયાર થયો. ૨૦૧૬માં તેણે વૅલેન્સિયા-બી ટીમ તરફથી સિનિયર ફૂટબૉલ ટીમમાં પ્રવેશ કર્યો, તેના પછીના જ વર્ષે તેને મેઇન ટીમમાં સ્થાન મળ્યું હતું. ડિસેમ્બર ૨૦૧૭માં તેણે લા લિગા લીગમાં ડેબ્યૂ કર્યું અને તે સ્પેનિશ લીગમાં રમનારો ૨૦૦૦ની સાલ પછી જન્મેલો પ્રથમ ફૂટબોલર બન્યો હતો. ૨૦૧૯માં તેણે ચેમ્પિયન્સ લીગમાં પોતાનો પ્રથમ ગોલ કર્યો અને વૅલેન્સિયાના સૌથી નાની ઉંમરનો ચેમ્પિયન્સ લીગ ગોલ સ્કોરર બની ગયો હતો.

## ઍમ્બપ્પે બે વર્લ્ડ કપમાં ફિફાનું 'ગોલ્ડન બૂટ' જીતનાર પ્રથમ ખેલાડી

ન્યૂ યૉર્કઃ ફિફા વર્લ્ડ કપ-૨૦૨૬માં ફ્રાન્સની ટીમ સેમિ ફાઇનલમાં સ્પેન સામેના ૦-૨ના માર્જિનના ખરાબ પર્ફોર્મન્સ બદલ હારી જતાં ફાઇનલથી વંચિત રહી ગયું અને ત્યાર બાદ બ્રૉન્ઝ મેડલ માટેના મુકાબલામાં ઇંગ્લૅન્ડ સામે ૪-૬ના તફાવતથી પરાજિત થતાં છેક ચોથા નંબર પર રહ્યું, પરંતુ ફ્રાન્સના જ સુપરસ્ટાર ખેલાડી કીલિયાન ઍમ્બપ્પેએ 'ગોલ્ડન બૂટ' અવૉર્ડ જીતીને દેશને થોડી આબરૂ પાછી અપાવી છે.

ઍમ્બપ્પે સતત બે વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ કરીને 'ગોલ્ડન બૂટ' અવૉર્ડ જીતનાર વિશ્વનો પહેલો જ ફૂટબોલર છે.

વર્લ્ડ કપ ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીને 'ગોલ્ડન બૂટ' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે અને રવિવારે સ્પેન-આર્જેન્ટિના વચ્ચેની




**કીલિયાન ઍમ્બપ્પે**

ફાઇનલ બાદ ઍમ્બપ્પેને આ અવૉર્ડ અપાયો હતો. તેણે આ વખતના વર્લ્ડ કપમાં હાઇએસ્ટ ૧૦ ગોલ કર્યા હતા. તેણે આર્જેન્ટિનાના લિયોનેલ મેસી (આઠ ગોલ)ને પાછળ રાખીને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મેળવી લીધો હતો.



**ફાઈનલનો ગોલ ફેરન ટૉરસે કર્યો**

મેસીએ રનર-અપની ટ્રોફી ઉપરાંત બીજી બે ટ્રોફી સહિત કુલ ત્રણ ટ્રોફી અને ઍમ્બપ્પેએ કુલ બે ટ્રોફી મેળવી હતી. રવિવારે ફાઇનલમાં સ્પેને ૧૦૬ઠ્ઠી મિનિટના ફેરન ટૉરેસના ગોલની મદદથી આર્જેન્ટિનાને ૧-૦થી હરાવ્યું હતું.

### વર્લ્ડ કપમાં કોને કઈ ટ્રોફી મળી?

વર્લ્ડ ચૅમ્પિયનઃ સ્પેન

રનર-અપઃ આર્જેન્ટિના

ત્રીજું સ્થાનઃ ઇંગ્લૅન્ડ

ગોલ્ડન બૂટ (સૌથી વધુ ગોલ): (૧) કીલિયાન ઍમ્બપ્પે (ગોલ્ડન બૂટ), ફ્રાન્સ, ૧૦ ગોલ (૨) લિયોનેલ મેસી (સિલ્વર બૂટ), આર્જેન્ટિના, આઠ ગોલ (૩) જ્યૂડ બેલિંગમ (બ્રૉન્ઝ બૂટ), ઇંગ્લૅન્ડ, સાત ગોલ

**ગોલ્ડન બૉલ (બેસ્ટ પ્લેયર):** (૧) રૉડ્રી (ગોલ્ડન બૉલ), સ્પેન (૨) લિયોનેલ મેસી (સિલ્વર બૉલ), આર્જેન્ટિના (૩) કીલિયાન ઍમ્બપ્પે (બ્રૉન્ઝ મેડલ), ફ્રાન્સ

ગોલ્ડન ગ્લવ (બેસ્ટ ગોલકીપર): ઉનઈ સાયમન (સ્પેન)

બેસ્ટ યંગ પ્લેયરઃ પૉઉ ક્યૂબર્સી (સ્પેન)

ફાઇનલનો મોસ્ટ વૅલ્યૂએબલ પ્લેયરઃ ફેરન ટૉરેસ (ગોલકર્તા, સ્પેન)

ફિફા ફેરપ્લે અવૉર્ડઃ નેધરલૅન્ડ્સ

### જાણી લો, ફિફા વર્લ્ડ ચેમ્પિયન સ્પેનને અને મેસીની ટીમને કેટલા કરોડ રૂપિયાનું ઇનામ મળ્યું...

ન્યૂ યોર્કઃ ફિફાએ પ્રથમ વખત ૪૮ ટીમના યોજેલા વર્લ્ડ કપ માટે કુલ ઇનામી રકમ વધારીને રેકૉર્ડ ૮૭૧ મિલિયન ડૉલર (આશરે ૮,૩૬૨ કરોડ) કરી હતી. એપ્રિલમાં કરાયેલા સુધારા બાદ ઇનામી રકમમાં ૧૦૦ મિલિયન ડૉલરથી પણ વધુનો ઉમેરો કરવામાં આવ્યો હતો. એમાંથી ચેમ્પિયન બનેલી સ્પેનની ટીમનું સ્પેનિશ ફૂટબૉલ ફેડરેશન ઉત્તર અમેરિકામાંથી આશરે ૫૧ મિલિયન ડૉલર (લગભગ ૪૯૨ કરોડ)ની ઇનામી રકમ સાથે વતન પરત ફરી રહ્યું છે.


ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ ન્યૂ જર્સી સ્ટેડિયમમાં રમાયેલી રોમાંચક ફાઇનલમાં ખિતાબ ગુમાવ્યા છતાં રનર-અપ તરીકે ૩૪ મિલિયન ડૉલર (આશરે ૩૨૭ કરોડ)ની ઇનામી રકમ મેળવી છે. આ રકમ કતાર ૨૦૨૨ વર્લ્ડ કપમાં રનર-અપ રહેલા ફ્રાન્સને મળેલી ઇનામી રકમ કરતાં ૪ મિલિયન ડૉલર વધુ છે. સામાન્ય રીતે ફિફા દ્વારા જાહેર કરવામાં આવતી દરેક ટીમ માટેની ઇનામી રકમમાંથી ટીમનું ફૂટબૉલ ફેડરેશન ખાસ્સો એવો હિસ્સો પોતાની પાસે રાખે છે અને બાકીના હિસ્સામાંથી ટીમના દરેક પ્લેયરને અને કોચિંગ સ્ટાફ તથા સપોર્ટ સ્ટાફ મેમ્બરને અગાઉ નક્કી થયા મુજબ ઇનામી રકમની વહેંચણી કરે છે.

#### કોને કેટલું ઇનામ મળ્યું?

(૧) ચેમ્પિયન (સ્પેન): ૪૯૨ કરોડ રૂપિયા (૨) રનર-અપ (આર્જેન્ટિના): ૩૨૭ કરોડ રૂપિયા (૩) ત્રીજું સ્થાન (ઇંગ્લૅન્ડ): ૨૮૯ કરોડ રૂપિયા (૪) ચોથું સ્થાન (ફ્રાન્સ): ૨૭૦ કરોડ રૂપિયા (૫) ક્વૉર્ટર ફાઇનલિસ્ટ (સ્વિટ્ઝરલૅન્ડ, નોર્વે, બેલ્જીયમ, મોરોક્કો): ૧૯૨ કરોડ રૂપિયા (દરેક ટીમને) (૬) પ્રી-ક્વૉર્ટર ફાઇનલિસ્ટ (અમેરિકા, બ્રાઝિલ સહિત): ૧૫૪ કરોડ રૂપિયા (દરેક ટીમને) (૭) રાઉન્ડ ઑફ ૩૨ (જર્મની, નેધરલૅન્ડ્સ સહિત): ૧૧૫ કરોડ રૂપિયા (દરેક ટીમને) (૮) ગ્રૂપ સ્ટેજ (૩૩થી ૪૮મા નંબરની ટીમ): ૯૬ કરોડ રૂપિયા (દરેક ટીમને)

## ખુલ્લમ્‌ખુલ્લા પ્યાર કરેંગે હમ દોનોં...

### સ્પૅનિશ ટીનેજ પ્લેયર અને ગર્લફ્રેન્ડ મેદાન પર રૉમેન્ટિક મૂડમાં, હાર્દિક-માહિકાએ માર્ચના વર્લ્ડ કપમાં ગ્રાઉન્ડ પર રોમૅન્સ કર્યો હતો





ન્યૂ યૉર્કઃ અહીં ન્યૂ જર્સી સ્ટેડિયમમાં રવિવારે સ્પેને આર્જેન્ટિનાને ફિફા વર્લ્ડ કપની ફાઇનલમાં ૧-૦થી હરાવ્યું ત્યાર પછી સ્પેનના ખેલાડીઓ અને હજારો પ્રેક્ષકો જીતની યાદગાર ઉજવણીમાં મશગૂલ હતા ત્યારે મેદાનના એક હિસ્સામાં સ્પેનના ટીનેજ ખેલાડી લેમિન યમાલ અને તેની ગર્લફ્રેન્ડ રોમેન્ટિક મૂડમાં જોવા મળ્યા હતા. આ ઘટના પરથી આ વર્ષના માર્ચની આઠમી તારીખે અમદાવાદમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત સતત બીજી વખત ચૅમ્પિયન બન્યું ત્યાર બાદ મેદાન પર હાર્દિક પંડ્યા અને ગર્લફ્રેન્ડ માહિકા શર્માએ જે રોમૅન્સ કર્યો હતો એ દૃશ્યો ક્રિકેટપ્રેમીઓને યાદ આવી ગયા હતા. ત્યારે હાર્દિકે ખભા પર તિરંગો ઓઢ્યો હતો અને એ સ્થિતિમાં તેણે માહિકા સાથે ગ્રાઉન્ડ પર જ રોમૅન્સ કર્યો હતો જે બદલ તેની ખૂબ ટીકા થઈ હતી.

રવિવારની ફિફા ફાઇનલમાં આર્જેન્ટિનાના ખેલાડીઓને અને ખાસ કરીને લિયોનેલ મેસીને કાબૂમાં રાખવામાં તેમ જ સ્પેન વતી વારંવાર પાવરફુલ શૉટમાં બૉલને ગોલપોસ્ટ તરફ મોકલવામાં યમાલનું મોટું યોગદાન હતું. યમાલ જ્યારે ફાઇનલ પછી સાથીઓ સાથે ખૂબ ઉજવણી કર્યા બાદ થાકીને મેદાન પર બેઠો હતો અને કૅમેરામૅન તેનો વીડિયો લઈ રહ્યો હતો તથા ફોટા પાડી રહ્યો હતો ત્યારે યમાલની ગર્લફ્રેન્ડ ઇનેસ ગાર્સિયા



સૅન્ટૉસ પહેલાં તો તેની પાસે બેઠી હતી અને બન્નેએ થોડી વાતચીત કરી હતી. થોડી ક્ષણો બાદ ઇનેસ ગાર્સિયા ઊભી થઈ હતી, યમાલ પાસે આવી હતી અને તેનો ચહેરો ચૂમી લીધો હતો. યમાલે એક ઇશારામાં તેને એવું કરવાની ના પાડી હતી, પણ ઇનેસે વારંવાર તેને કિસ કરી હતી. ત્યાર બાદ બન્નેએ ફોટોગ્રાફરને પોઝ પણ આપ્યા હતા.

સોશ્યલ મીડિયામાં ફૂટબૉલપ્રેમીઓએ કમેન્ટ લખી છે. કેટલાક યૂઝર્સે લખ્યું, 'કૅમેરા જેવો યમાલ પર ગયો કે તરત જ ઇનેસ ગાર્સિયા ઊભી થઈને યમાલ સાથે પહોંચી ગઈ હતી અને રોમૅન્સ કરવા લાગી હતી. કેટલાક નેટ યૂઝર્સે આ ઘટનાને ફિફા વર્લ્ડ કપનું સૌથી સુંદર અને યાદગાર સેલિબ્રેશન ગણાવ્યું હતું.

### યમાલ વિશે થોડું જાણીએ

લેમિન યમાલ ૧૯ વર્ષનો છે. તે ત્રણ વર્ષથી સ્પેનની ટીમમાં છે. તે વિન્ગર (મિડફીલ્ડર) તરીકે રમે છે. જોકે ઘણી વાર તે મેદાનની મધ્યના ભાગમાંથી દોડીને ટીમના ડિફેન્ડરો સાથે જોડાઈ જાય છે અને ક્યારેક આક્રમક અભિગમ અપનાવીને લાગ મળતાં ગોલપોસ્ટને નિશાન બનાવવાનું પણ ચૂકતો નથી. પ્રોફેશનલ ફૂટબૉલમાં તે બાર્સેલોના વતી રમે છે. તેણે કરીઅરમાં ૧૫૦ જેટલી મૅચમાં કુલ ૪૫ ગોલ કર્યા છે.

### ગર્લફ્રેન્ડ ઇનેસ કોણ છે?

ઇનેસ ગાર્સિયા સૅન્ટોસ વર્લ્ડ કપ દરમ્યાન ઘણી વખત સ્પેનની મૅચ દરમ્યાન સ્ટૅન્ડમાં બેસીને યમાલને ચિયર-અપ કરતી જોવા મળી હતી. તે ઘણી વખત મીડિયામાં યમાલ વિશેની પોસ્ટ પણ શૅર કરી ચૂકી છે. બન્નેએ મે, ૨૦૨૬માં બાર્સેલોના ક્લબના એક કાર્યક્રમમાં રિલેશનશિપને જાહેર કરી હતી. ઇનેસ સ્પેનની જાણીતી ફૅશન, બ્યૂટી અને લાઇફસ્ટાઇલ ઇન્ફ્લૂએન્સર છે. ઇન્સ્ટાગ્રામ પર તેના ૨૦ લાખથી વધુ ફૉલોઅર્સ છે.

## ફાઇનલ પછી ફાઈટિંગ

### સ્પેન-આર્જેન્ટિનાના ખેલાડીઓ વચ્ચે છૂટા હાથની મારામારી



ન્યૂ યૉર્કઃ રવિવારે ફિફા વર્લ્ડ કપની ફાઇનલમાં સ્પેને સંપૂર્ણ વર્ચસ્વ જમાવીને ડિફેન્ડિંગ ચૅમ્પિયન આર્જેન્ટિનાને એક્સ્ટ્રા ટાઇમમાં ૧-૦થી હરાવીને લિયોનેલ મેસીના સંભવિત છેલ્લા વર્લ્ડ કપની મજા બગાડી હતી તેમ જ આર્જેન્ટિનાના હાથમાંથી વિજેતાપદનો હક છીનવી લીધો હતો, પરંતુ ફાઇનલ પછી જે કંઈ બન્યું એને લીધે હજારો પ્રેક્ષકોની ઉજવણીના રંગમાં ભંગ પડ્યો હતો તેમ જ આ મૅચ જોનાર ટીવી તથા ઍપ પરના દર્શકો પણ નિરાશ હતા. વાત એવી છે કે ફાઇનલ બાદ રેફરીએ અંતિમ વ્હીસલ વગાડી ત્યાર બાદ બન્ને ટીમના કેટલાક ખેલાડીઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી.

#### આર્જેન્ટિનાના પ્લેયરે હરીફને નીચે પાડ્યો

નવાઈની વાત એ છે કે ઝપાઝપીની આ ઘટનામાં સામેલ મોટા ભાગના ખેલાડીઓ સ્પેનની બાર્સેલોના ક્લબ વતી રમી ચૂકેલા હતા. સ્પેનના ખેલાડીઓ ૧૬ વર્ષે ફરી જીતવા મળેલી ટ્રોફી બદલ આનંદ માણી રહ્યા હતા ત્યારે આર્જેન્ટિનાના મિડફીલ્ડર લીઍન્ડ્રો પારડેસે સ્પેનના એરિક ગાર્સિયાને હડસેલ્યો હતો. ત્યાર બાદ બીજા હરીફ ખેલાડીઓ દોડી આવ્યા હતા અને એકમેકને ધક્કે ચડાવવા લાગ્યા હતા. આર્જેન્ટિનાના એક પ્લેયરે સ્પૅનિશ પ્લેયરને મુક્કા મારીને બે વખત નીચે પાડ્યો હતો.

#### ફૂટબૉલની રમતને કલંક લાગ્યું

આ વખતના વર્લ્ડ કપમાં મૅચ દરમ્યાન એકમેકને ધક્કો મારીને કે પગ વચ્ચે નાખીને નીચે પાડવાની અસંખ્ય ઘટનાઓ બની હતી ત્યારે ફાઇનલ પછી પણ ખેલાડીઓ વચ્ચે એ જ શરમજનક દૃશ્ય જોવા મળતાં ફૂટબૉલની રમતને કલંક લાગ્યું હતું.

ખેલાડીઓ મારામારી પર ઊતરી આવતાં તેમ જ કેટલાક કિસ્સામાં હરીફ પ્લેયરનું ગળું પકડી લેવાની ઘટના બનતાં બન્ને ટીમના કોચિંગ સ્ટાફના મેમ્બર્સ તથા રેફરી દોડી આવ્યા હતા અને બધાને એકમેકથી દૂર લઈ જઈને શાંત પાડ્યા હતા.

# ક્રૂડ ઓઈલના ઉછાળા સાથે શેરબજાર ફરી ગબડ્યું, નિફ્ટી ૨૪,૨૫૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ક્રૂડ ઓઇલના ભાવ ૯૧ ડોલર વટાવી ગયા હોવા ઉપરાંત એચડીએફસી બેંક, એક્સિસ બેંક અને કોટક મહિન્દ્રા બેંકના પરિણામ અપેક્ષા સામે ઉણાં રહેતા વધેલા વેચવાલીના દબાણ હેઠળ સેન્સેક્સ ૪૪૩ પોઇન્ટ ઘટીને ૭૭,૭૦૮.૫૨ પર અને નિફ્ટી ઇન્ડેક્સ ૯૬ પોઇન્ટ ઘટીને ૨૪,૨૩૮ પર બંધ થયો હતો.

સોમવારે વહેલી સવારે અમેરિકાએ ઇરાનને લક્ષ્ય બનાવતા હવાઈ હુમલાઓનો નવો રાઉન્ડ હાથ ધર્યો હતો અને ઇરાને જોર્ડન તરફ મિસાઇલો છોડી હતી જેનાથી પડોશી દેશ ઇઝરાયલમાં સંઘર્ષ ફેલાયો હતો, તે પછી વૈશ્વિક બજારોમાં ક્રૂડ ઓઇલ ફ્યુચર્સ ઉછળ્યા હતા. બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૩.૭૫ ટકા વધીને ૯૧.૪૧ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

એનએસઇના ૧૫ મુખ્ય સેકટરલ ઇન્ડેકસમાંથી નિફ્ટી પ્રાઇવેટ બેંક ઇન્ડેક્સના ૨.૩ ટકા ગબડ્યો હતો. નિફ્ટી બેંક, ફાઇનાન્શિયલ સર્વિસિસ, ઓટો, આઇટી અને રિયલ્ટી ઇન્ડેક્સ પણ નીચા સ્તરે બંધ થયા હતા. બીજી બાજુ, પીએસયુ બેંક, ફાર્મા, મેટલ, એફએમસીજી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને હેલ્થકેર શેરોમાં લેવાલી જોવા મળી હતી. વ્યાપક બજારમાં લેવાલી જળવાઇ હોવાથી નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૬ ટકા અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૨ ટકા વધ્યો હતો.

પ્રાઇમરી માર્કેટમા ઇન્ડો-એમઆઇએમનો રૂ. ૩,૮૧૧.૨૧ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે. આઇપીઓ માટે ફાળવણી ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ અને લિસ્ટિંગ ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ એનએસઈ તથા બીએસઈ પર થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૬૧ થી રૂ. ૪૮૫ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ત્રીસ શેર છે.

ટેક્નિકલ ટેક્સટાઇલની મશીનરી બનાવતી કંપની લોહિયા કોર્પનો રૂ. ૧,૧૦૧.૨૮ કરોડનો આઈપીઓ ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ અને એનએસઈ તથા બીએસઈ પર લિસ્ટિંગ ૩૦ જુલાઈએ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૦૪થી રૂ ૪૨૫ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૩૫ શેર છે.

સિલ્વરસ્ટોર્મ પાર્કસ એન્ડ રિસોર્ટસ લિમિટેડનો આઇપીઓ ૨૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ ખુલશે. ઇશ્યૂનું કદ રૂ. ૮૨.૪૩ કરોડ અને પ્રાઇસ બેન્ડ રૂ. ૧૨૩થી રૂ. ૧૩૩ પ્રતિ શેર છે. મિનિમમ શેર લોટ ૨,૦૦૦ ઇક્વિટી શેર છે. એન્કર બિડિંગ ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ છે. ઇશ્યૂ ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે અને શેર ૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ લિસ્ટેડ થશે. આઇટી સર્વિસિસ અને સોલ્યુશન્સ પ્રોવાઇડર એક્સ્ટ્રાનેટ ટેકનોલોજી કોઈ ઓએફએસ ઘટક વિના રૂ. ૧૭૦ કરોડનો નવો ઇશ્યૂ ૨૩મીએ લોન્ચ કરી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૨૦થી રૂ. ૧૨૭ નક્કી થઇ છે. આ કંપની એન્ટરપ્રાઇઝ એપ્લિકેશન્સ, ડિજિટલ સેવાઓ, સંચાલિત સેવાઓ, માલિકી પ્લેટફોર્મ સહિત એન્ડટુએન્ડ સર્વિસ પૂરી પાડતી વિવિધ પોર્ટફોલિયો ઓફર કરે છે.



જાહેર ક્ષેત્રની કંપની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડે ભારતગેસ લાઇટ ઝીપ નામે નવી પ્રીમિયમ એલપીજી સેવા શરૂ કરી છે, જે એક્સપ્રેસ ડિલિવરી સાથે તાત્કાલિક નવા કનેક્શનની સુવિધા પૂરી પાડશે. કંપનીએ હાલમાં તેને મુંબઈમાં લોન્ચ કર્યું છે અને ૧૫ ઓગસ્ટ સુધીમાં ૨૪ રાજ્યોના ૧૦૦ વધુ શહેરોમાં તે લોન્ચ કરવાની યોજના ધરાવે છે. આ ૧૦ કિલોના સિલિન્ડરમાં પારદર્શકતાને કારણે ગ્રાહકો તેમાં ગેસનું લેવલ પણ જોઇ શકશે. કેપિટલ માર્કેટ ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ના સહયોગ સાથે ધી નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ સિક્યુરિટીઝ માર્કેટે વિદ્યાર્થીઓમાં ફાઇનાન્શિઅલ અનેરનેસનો પ્રસાર કરવા માટે નેશનલ ફાઇનાન્શિઅલ લિટરસી ક્વીઝ, ૨૦૨૬ના વેસ્ટર્ન રિજનલ રાઉન્ડનું આયોજન કર્યું હતું, જેમાં સેબીના ચીફ જનરલ મેનેજર અને નિસ્મના ડિરેકટર હાજર રહ્યા હતા. આ ઇવેન્ટમાં પશ્ચિમ ભારતના વિર્દ્યાર્થીઓએ તેમના નાણાકીય માર્કેટના જ્ઞાન, વિચારશક્તિ અને વિશ્લેષણ ક્ષમતા પ્રદર્શિત કરવાની તક મેળવી હતી.

એલ્યુમિનિયમ એક્સ્ટ્રુઝન મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયાએ મિડસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમ મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા એલ્યુમિનિયમ ઇન્ડિયા ૨૦૨૬ નામની રાષ્ટ્રીય પહેલની જાહેરાત કરી છે, એલ્યુમિનિયમ ઇન્ડિયા અને એલ્યુમેક્સ ઇન્ડિયાનું આયોજન ૨૬થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાત ખાતે થશે. ભારતના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં તેના વ્યૂહાત્મક વિસ્તરણના ભાગરૂપે સંજય ઘોડાવત ગ્રુપે નોર્ડસ્ટાર એસ્ટેટ્સની યુતિ સાથે નિવોરા નામનું રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ પ્લેટફોર્મ શરૂ કર્યું છે, જે આગામી થોડા વર્ષોમાં રૂ. ૫,૦૦૦ કરોડથી વધુની ગ્રોસ ડેવલપમેન્ટ વેલ્યુનો લક્ષ્ય ધરાવે છે.

જૂન ક્વાર્ટરના પરિણામોની મોસમ વેગ પકડશે ત્યારે ભારતમાં કોર્પોરેટ કમાણી કેન્દ્ર સ્થાને રહેશે. ભારતમાં આ સપ્તાહે પેટીએમ, ઇટર્નલ, નેસ્લે ઇન્ડિયા, ડો. રેડ્ડીઝ લેબોરેટરીઝ, ઇન્ડસઇન્ડ બેંક, અદાણી પાવર, અદાણી ગ્રીન એનર્જી, ટાટા કોમ્યુનિકેશન્સ, યુનાઇટેડ સ્પિરિટ્સ, એચપીસીએલ અને બીપીસીએલ સહતિ ૨૫૬ કંપની કમાણી જાહેર કરશે.

આજે સોમવારે અલ્ટ્રાટેક સિમેન્ટ, વન ૯૭ કોમ્યુનિકેશન્સ, ઈન્ડિયન ઓવરસીઝ બેંક, કરુર વૈશ્ય બેંક, શોભા, કેનેરા એસબીઆઇ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની, રેલિસ ઈન્ડિયા, સેન્ટ્રલ માઈન પ્લાનિંગ એન્ડ ડિઝાઇન ઇન્સ્ટિટ્યૂટ, જયપ્રકાશ પાવર વેન્ચર્સ, ટ્રાન્સફોર્મર્સ અને રેક્ટિફાયર ઈન્ડિયા સહિત લગભગ ૪૫ કંપનીઓએ તેમના જૂન ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા હતા.

અમેરિકા અને ઇરાન વચ્ચે ચાલી રહેલી ભીષણ લશ્કરી અથડામણ વચ્ચે વધતી જતી ભૂરાજકીય અનિશ્ચિતતા અને ક્રૂડ તેલના ભાવ વધારાની ચિંતા વચ્ચે આ સપ્તાહે મોટી તેજીના કોઇ અણસાર દેખાતા નથી. કંપની પરિણામને આધારે શેરલક્ષી કામકાજ જોવા મળશે અને બજારની નજર વિદેશી રોકાણકારોના વલણ અને રૂપિયાની વધઘટ પર પણ રહેશે. એફઆઇઆઇ જુલાઈમાં નેટ સેલર્સ રહ્યા અને આ વર્ગે કેશ સેગમેન્ટમાં રૂ. ૪,૫૪૬ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હતા. ■

## એચડીએફસી બેન્ક અને એક્સિસ બેન્કના શેરમાં કડાકા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ નાણાકીય પરિણામોની મોસમ શરૂ થઇ ગઇ છે અને તેની સંબંધિત કંપનીના શેર પર અસર જોવા મળી રહી છે. એક્સિસ બેન્કના શેર છ ટકાના કડાકા સાથે રૂ. ૧૨૪૯.૦૫ બોલાયા હતા. આ બેન્કે ૨૨.૨૩ ટકાના વધારા સાથે રૂ. ૭૬૩૨.૩૧ કરોડનો કોન્સોલિડેટેડ નફો નોંધાવ્યો છે. જ્યારે એચડીએફસી બેન્કના શેરમાં ૫.૧૪ ટકાના કડાકા સાથે રૂ. ૭૭૭.૫૦ની સપાટીએ પહોંચ્યા હતા. બેન્કે સ્ટેન્ડઅલોન ધોરણે પહેલી ક્વાર્ટરમાં પાંચ ટકાના વધારા સાથે રૂ. ૧૯,૦૬૦ કરોડનો નફો નોંધાવ્યો હતો.

જોકે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે વાર્ષિ ધોરણે ૨૫.૪ ટકાના વધારા સાથે રૂ. ૩.૧૨ લાખ કરોડની રેવન્યૂ નોંધાવ્યા બાદ તેના શેર બીએસઇ પર ૧.૪૮ ટકાના વધારા સાથે રૂ. ૧૩૪૬.૨૫ બોલાયા હતા. એ જ રીતે, આઇસીઆઇસીઆઇ બેન્કે જૂન ક્વાર્ટરમાં ૧૩.૮૮ ટકાના વધારા સાથે રૂ. ૧૫,૪૪૦ કરોડનો નફો નોંધાવ્યા બાદ તેના શેર ૨.૬૩ ટકા વધીને રૂ. ૧૪૭૯.૯૦ કરોડ બોલાયા હતા. ■

## વિરોધાભાસી ચાલઃ પીએસયુ બેન્કના શેરમાં સુધારો

મુંબઇઃ બેન્ક શેરોમાં વિરોધાભાસી ચાલ જોવા મળી હતી. પીએસયુ બેન્ક્સ અને યુટિલિટીઝ શેર્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે પ્રાઈવેટ બેન્ક્સ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ સૌથી અધિક ઘટ્યા હતા. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૧.૭૦ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

સોમવારે સેન્સેક્સ ગત શુક્રવારના ૭૮,૧૫૧.૪૫ પોઈન્ટના બંધની સરખામણીએ ૪૪૨.૯૩ પોઈન્ટ કે ૦.૫૭ ટકા ઘટ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૮,૧૫૧.૪૫ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઊંચામાં ૭૮,૧૫૧.૪૫ પોઈન્ટ સુધી તથા નીચામાં ૭૭,૩૬૮.૨૯ પોઈન્ટ સુધી ગયા બાદ અંતે ૭૭,૭૦૮.૫૨ બંધ રહ્યો હતો.

કુલ ૨૮ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૧૩ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૧૫ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૮૨.૬૨ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૮૦.૯૨ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૧.૭૦ લાખ કરોડનો વધારો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૧૯ સ્ક્રિપ વધી અને ૧૧ સ્ક્રિપ ઘટી હતી.

બીએસઈ પર કુલ ૪,૫૧૪ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૨૨૬ શેરોના ભાવ વધ્યા હતા, ૨,૦૩૯ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૨૪૯ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૨૪ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૦૭ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૪૭ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૨૧ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૧૩ ટકા ઘટ્યો તથા એસએમઈ આઈપીઓ ૦.૧૨ ટકા વધ્યો હતો. સેક્ટરલ સૂચકાંકમાં મુખ્યત્વે બીએસઈ પીએસયુ બેન્ક ૨.૯૬ ટકા, યુટિલિટીઝ ૧.૭૩ ટકા, પાવર ૧.૪૮ ટકા, હેલ્થકેર ૧.૧૧ ટકા, કોમોડિટીઝ ૦.૮૧ ટકા, મેટલ ૦.૭૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૭૬ ટકા, એફએમસીજી ૦.૫૮ ટકા અને એનર્જી ૦.૫૧ ટકા વધ્યા હતા, જ્યારે પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ ૨.૧૫ ટકા, ટોપ ૧૦ બેન્ક્સ ૧.૮૯ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૯૭ ટકા, બેન્કેક્સ ૦.૭૭ ટકા, અને મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ૦.૬ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ટ્રેન્ટ ૨.૯૮ ટકા, પાવર ૧.૮૨ ટકા, ભારતી એરટેલ ૧.૬૮ ટકા, એનટીપીસી ૧.૫૭ ટકા, સ્ટેટ બેન્ક ૧.૫૧ ટકા, અલ્ટ્રાટેક ૧.૪૭ ટકા અને એચસીએલ ટેક્નોલોજી ૧.૪૨ ટકા વધ્યા હતા, જ્યારે એક્સિસ બેન્ક ૫.૪૮ ટકા, એચડીએફસી બેન્ક ૫.૧૨ ટકા, મારુતિ ૨.૧૮ ટકા, કોટક બેન્ક ૨ ટકા, ઈન્ફોસિસ ૦.૯૨ ટકા, ટીસીએસ ૦.૮૦ ટકા અને મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૪૩ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૨૩૫.૦૭ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૧,૨૩૪ ટ્રેડ્સમાં ૧,૫૧૧ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૧૪,૨૮,૩૭૨ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૩૬,૧૩,૨૧૫.૨૮ કરોડ રહ્યું હતું. ■

## સોનામાં ઘટ્યા મથાળેથી ₹ ૧૦૯૫નો અને ચાંદીમાં ₹ ૪૧૦૧નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા અને ઈરાન વચ્ચેનાં યુદ્ધને કારણે ક્રૂડતેલના ભાવ વધી આવતા ફુગાવાલક્ષી દબાણ વધવાની સાથે ફેડરલ રિઝર્વના નીતિઘડવૈયાઓએ વધતા ફુગાવાને નાથવા માટે વ્યાજદરમાં વધારો કરવાની જરૂર પડે તેવા સંકેત આપતા આજે લંડન ખાતે સત્રના આરંભમાં સાવચેતીના અભિગમ વચ્ચે સોનાના ભાવમાં વધ્યા મથાળેથી ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીના ભાવમાં ૧.૧ ટકા જેટલો સુધારો આવ્યો હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક બજારનાં મિશ્ર અહેવાલ છતાં ગત શુક્રવારનાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં આજે હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૯૦થી ૧૦૯૫નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૧૦૧નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૧૦૧ વધીને રૂ. ૨,૧૯,૫૭૫ના મથાળે રહ્યા હતા, જ્યારે સોનામાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈને કારણે આયાત પડતરો વધવાની સાથે રોકાણકારોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૦૯૦ વધીને રૂ. ૧,૪૧,૬૮૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૦૯૫ વધીને રૂ. ૧,૪૨,૨૫૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૪૦૧૮.૭૫ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ સાધારણ ૦.૧ ટકો વધીને ૪૦૨૩.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૬ ટકા વધીને ઔંસદીઠ ૫૬.૭૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલમાં વૈશ્વિક સોનાના ભાવ ક્રૂડતેલના ભાવની વધઘટને અનુસરી રહ્યા છે. ક્રૂડતેલના ભાવ વધતા સોનામાં ઘટાડો અને ક્રૂડતેલના ભાવ ઘટતાં સોનામાં સુધારો જોવા મળી રહ્યો છે. આજે સત્રના આરંભે ક્રૂડતેલના ભાવ એક મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા પછી ઈરાનના પ્રવક્તાએ બન્ને દેશોના હિતને ધ્યાનમાં લેતા વાટાઘાટ કરે તેવો અણસાર આપતા ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો જોવા મળ્યો હોવાનું યુબીએસનાં વિશ્લેષક જિઓવન્ની સ્ટૂનોવોએ જણાવ્યું હતું.

વધુમાં ગત શુક્રવારે ક્લેવરલેન્ડ ફેડના પ્રમુખ બેથ હમ્માકેએ જણાવ્યું હતું કે નીતિઘડવૈયાઓ વધતા ફુગાવાને અંકુશમાં રાખવા વ્યાજદરમાં વધારો કરવાના મુદ્દે સમર્થન આપી રહ્યા છે. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં આગામી ડિસેમ્બર મહિનામાં વધારો કરે તેવી ૮૦ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા હતા, જ્યારે ગત સપ્તાહે ડિસેમ્બરમાં વ્યાજદરમાં વધારાની ૭૩ ટકા શક્યતા જોવાઈ રહી હતી. ■

## દેશી-આયાતી તેલમાં ઉછાળા, સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં ₹ ૪૦ની તેજી

### ૧થી ૨૦ જુલાઈ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ચાર ટકા વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૫ રિંગિટની તેજી આવી હોવાના નિર્દેશો ઉપરાંત સ્થાનિક તેલના મથકો પર દેશી તેલમાં પણ દેશાવરોની માગને ટેકે ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાથી સપ્તાહના આરંભે દેશી-આયાતી તેલના ભાવમાં તેજીનું વલણ રહ્યું હતું. આજે ગુજરાતના મથકો પર ખાસ કરીને સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૪૫નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો ઉછાળો આવ્યો હોવાથી સ્થાનિક સ્તરે દેશી તેલમાં ૧૦ કિલોદીઠ સિંગતેલમાં અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૪૦ અને સરસવમાં રૂ. ૩૫ વધી આવ્યા હતા, જ્યારે આયાતી તેલમાં સન રિફાઈન્ડમાં રૂ. ૩૦, સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૫ અને આરબીડી પામોલિનમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. જોકે, આજે હાજર અને સેલરિસેલ ધોરણે વેપાર પાખાં હતા અને ડાયરેક્ટ ડિલિવરી શરતે છૂટાછવાયા વેપાર ગોઠવાયા હતા. દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસની પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી જુલાઈથી ૨૦ જુલાઈ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જૂન મહિનાના સમાનગાળાના ૯,૦૭,૦૬૭ ટન સામે ૪.૦૫ ટકા વધીને ૯,૪૩,૮૬૭ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે અને સોયા રિફાઈન્ડના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૫૭૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૪૦, પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૫૦૫ અને ગોકુલ એગ્રોના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના સપ્ટેમ્બર અને ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૪૮૫ અને સન રિફાઈન્ડના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૭૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા અને છૂટાછવાયા વેપાર ગોઠવાયા હતા.

વધુમાં આજે ગોકુલ એગ્રોની સોયા રિફાઈન્ડમાં બાયબેકમાં ૧૫ જુલાઈ સુધીના કોન્ટ્રાક્ટમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૫૦માં અને સંપૂર્ણ જુલાઈ મહિનાના કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૪૫૨માં લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૨૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૧૪૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં થયા હતા, જ્યારે હાજરમાં સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૦૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૪૫માં થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની ૬૫,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૨૦૦થી ૭૪૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૪૦૦થી ૭૪૭૫માં થયા હતા. ■

## ભારતમાં આઠથી નવ ટકા વૃદ્ધિની ક્ષમતા, ન્યાયિક-અમલદારલક્ષી સુધારા જરૂરીઃ ભૂતપૂર્વ આર્થિક સલાહકાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી દિલ્હીઃ માળખાકીય સુધારા થકી વેપાર-ઉદ્યોગ કરવા માટેના ખર્ચમાં ઘટાડો કરવા ઉપરાંત ધિરાણ ખર્ચમાં ઘટાડો કરવામાં આવે તો ભારત આઠથી દસ ટકાનો વૃદ્ધિદર હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે, એમ ભૂતપૂર્વ આર્થિક સલાહકાર ક્રિષ્ણમૂર્તિ વી સુબ્રમણ્યિને આજે જણાવ્યું હતું.

તેમણે ખાસ કરીને જમીન, શ્રમ અને મૂડીગત્ જેવાં બજારલક્ષી સુધારા હાથ ધરવા માટે હાકલ કરતાં જણાવ્યું હતું કે મેક્રોઈકોનોમિક સ્થિરતા ભારતને સાત ટકાના વૃદ્ધિદર સુધી પહોંચાડી શકે છે અને સંસ્થાકીય સુધારા નવ ટકા સુધી વૃદ્ધિ આપી શકે છે. જ્યારે જીડીપીમાં ખાનગી રોકાણનો હિસ્સો ૩૦ ટકા કરતાં વધુ હતો ત્યારે ભારતે આઠ ટકા કરતાં વધુ વૃદ્ધિ હાંસલ કરી હતી, પરંતુ હાલ આ ટકાવારી ૨૨થી ૨૩ ટકા આસપાસ છે જે લક્ષ્યાંક કરતાં સાતથી આઠ ટકા હિસ્સો ઓછો હોવાનું તેમણે એક મુલાકાતમાં જણાવ્યું હતું.

આમ ખાનગી રોકાણમાં હિસ્સો વધ્યા બાદ સાતથી નવ ટકાના વિકાસદરથી છલાંગ લગાવીશું, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે છેલ્લાં પાંચ વર્ષના જાહેર મૂડીગત્ ખર્ચે ખાનગી રોકાણને અનુસરવા માટેનું માળખું તૈયાર કર્યું છે અને બહુવિધ દાયકાના નીચલા સ્તરની નજીક પહોંચેલી બિનઉપજાઉ અસ્ક્યામતોને ટેકે બૅન્કો ટેકો આપવા પણ સજ્જ છે.

નોંધનીય બાબત એ છે કે તેમણે વર્ષ ૨૦૧૮થી ૨૦૨૧ દરમિયાન ૧૭માં ચીફ ઈકોનોમિક એડવાઈઝર તરીકે સેવા આપી હતી અને ત્યાર બાદ તેઓ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે રહ્યા હતા.

આપણને સાતથી નવ ટકાના વિકાસદર સુધી દોરી જનાર મુખ્ય બાબતોમાં બજાર પરિબળ ઉપરાંત ન્યાયિક અને અમલદારલક્ષી સુધારાઓ છે જે વ્યવસાય કરવાનો અને ધિરાણનો ખર્ચ ઘટાડે છે. એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે આ મહિનાના અગાઉમાં એશિયન ડેવલોપમેન્ટ બૅન્કે ખાસ કરીને પશ્ચિમ એશિયાની કટોકટીને અનુલક્ષીને ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હોવાથી ભારતના જીડીપી વૃદ્ધિદરનો અંદાજ જે અગાઉ ૬.૯ ટકાનો મૂક્યો હતો તે ઘટાડીને ૬.૬ ટકા કર્યો હતો.

વધુમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અંગે તેમણે ઓપન સોર્સ ફ્રન્ટિયર મૉડેલ્સને એક વ્યૂહાત્મક વળાંક તરીકે લેખાવતા ઉમેર્યું હતું કે કિમી એઆઈનું આગમન જે હવે અગ્રણી માલિકીના મૉડેલો સાથે સુમેળ ખાય છે તે એક વિશાળ તક છે જેને ભારતે ઓછી ન આંકવી જોઈએ. ભારતને આગામી ચેટજીપીટી બનાવવાની જરૂર નથી, ભારતે હૅલ્થકૅર, શિક્ષણ, ઉત્પાદન, એમએસએમઈ અને સૌથી અગત્યના જાહેર વહીવટ અને નિયમનમાં એઆઈના વિશ્વના સૌથી અસરકારક ડિપ્લોયર બનવું જોઈએ. ઝડપી અને સઘન ડિપ્લોયમેન્ટ ઉત્પાદકતા વૃદ્ધિ નક્કી કરશે અને ભારત માટે જીતવાની રેસ હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

## ડૉલર સામે રૂપિયો છ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયાની ભૂરાજકીય કટોકટીને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા વધારા ઉપરાંત સ્થાનિક સહિત વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધી આવતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૪ પૈસા નબળો પડીને ૯૬.૩૬ના મથાળે બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૬.૩૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૬.૫૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૫૩ અને ઉપરમાં ૯૬.૩૫ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે છ પૈસા નબળો પડીને ૯૬.૩૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં ૧૨ પૈસાનો સુધારો આવ્યો હતો. તાજેતરમાં અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવને કારણે ક્રૂડતેલના ભાવ વધી રહ્યા હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેશે. જોકે, બન્ને દેશો વચ્ચે ચાલી રહેલી રાજદ્વારી વાટાઘાટો અને સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રૂપિયાના ધોવાણને મર્યાદિત રાખી શકે છે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે આગામી દિવસોમાં ડૉલર સામે રૂપિયાની રેન્જ ૯૬.૧૦થી ૯૬.૭૦ આસપાસની જોવા મળી શકે છે. ■

## મહારાષ્ટ્રનાં ખાંડનાં મથકો પર પીછેહઠ

### સ્થાનિકમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની ખપપૂરતી માગ વચ્ચે ટેન્ડરોના ભાવ વધ્યા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૫૦ના ઘટાડા સાથે રૂ. ૪૩૭૫થી ૪૪૨૫ આસપાસ રહ્યાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં ખપપૂરતી માગ વચ્ચે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૮ વધી આવ્યા હતા. જોકે, મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૫નો ઘટાડો નોંધાયો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૫૦૦થી ૪૫૭૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૮ના સુધારા સાથે રૂ. ૪૫૮૦થી ૪૬૭૨માં થયાના અહેવાલ હતા.આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પરના નિરુત્સાહી અહેવાલે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૫નો ઘટાડો નોંધાયો હતો, ■

# અમદાવાદની પૉશ સોસાયટીમાં દીપડો દેખાયો, લોકોને સાબદા રહેવા સલાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગ્રામ્ય વિસ્તારોમાં માનવ વસાહતોમાં જંગલી પ્રાણીઓ ઘુસી જવાની ઘટનાઓ સામાન્ય થઈ ગઈ છે ત્યારે અમદાવાદ જેવા ગીચ શહેરી વિસ્તારની સોસાયટીમાં દીપડો દેખાવાની ઘટનાએ સૌને વિચારતા કરી મૂક્યા છે.

મળતી માહિતી મુજબ શહેરના ઘુમા ગામથી શેલા તરફ જવાના રોડ ઉપર આવેલી શરણદીપ સોસાયટીમાં મોડી રાત્રે લગભગ દોઢેક વાગ્યા આસપાસ દીપડો દેખાયો હતો. સોસાયટીનો કોટ કૂદી દીપડો સોસાયટીમાં આવ્યો હતો. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. ઘટના બાદ શહેરના મેયર અને વન વિભાગના અધિકારી તેમ જ કાંકરિયા પ્રાણી સંગ્રહાલયની ટીમ પણ સોસાયટીમાં આવી હતી. હાલમાં આસપાસના લોકોને મોડી રાત્રે ઘરની બહાર નીકળતા સમયે સાબદા રહેવા જણાવવામાં આવ્યું છે. જોકે વન વિભાગે નાગરિકોને ન ગભરાવવાની પણ સલાહ આપી હતી. તેમ જ સોસાયટી આસપાસ પાંજરા મૂકવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સીસીટીવીમાં જોઈ શકાય છે કે દીપડો સોસાયટીના કોટમાંથી કૂદીને પ્રિમાઈસિસમાં ફરતો હતો. ત્યારબાદ શ્વાનો ભસવા લાગ્યા હતા. અમુક સેકન્ડ બાદ દીપડો બહાર તરફ ભાગ્યો હતો. દરમિયાન મળતી માહિતી અનુસાર સોસાયટીમાં રહેતી એક યુવતીએ પોતાની કારમાંથી દીપડાને જોયો હતો અને પિતાને જાણ કરતા સોસાયટીને જાણ થઈ હતી. સોસાયટીમાં દીપડાના પગના નિશાન જોવા મળ્યાની માહિતી પણ મળી હતી.

જ્યાં દીપડો ઘૂસી ગયો તે શરણદીપ સોસાયટી બોપલ-ઘુમાના વીઆઈપી રોડ પર આવેલી છે. અહીં નજીકમાં ઔડા ઓડિટોરિયમ અને ક્લબ આવેલા છે, આ વિસ્તાર વ્યસ્ત હોવા છતાં દીપડો આવી ગયો તે ચિંતાનો વિષય હોવાનું નિષ્ણાતો જણાવે છે. રાજ્ય સરકારે ઘટનાની નોંધ લઈ તમામ ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી હોવાનું મીડિયા સમક્ષ જણાવ્યું હતું.

# દાહોદના ફતેપુરામાં કળિયુગી પુત્રએ પત્નીના છૂટાછેડાનું આળ મૂકી ૭૦ વર્ષીય પિતાની હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કરમેલ ગામમાં પુત્રએ જ પોતાના જ ૭૦ વર્ષીય વૃદ્ધ પિતાની લાકડાના ફટકા મારીને ઘાતકી હત્યા કરતા ચકચાર મચી ગઈ હતી. પત્ની સાથે થયેલા છૂટાછેડા માટે પોતાના જ માતા-પિતાને જવાબદાર ગણીને ઉશ્કેરાયેલા નરાધમ પુત્રએ પિતાના માથાના પાછળના ભાગે જીવલેણ હુમલો કરી તેમને મોતને ઘાટ ઉતારી દીધા હતા. પિતાની હત્યા કર્યા બાદ પુત્ર ફરાર થઈ ગયો હતો. આ કરુણ ઘટના બાદ મૃતક વાલાભાઈ પારગીના બીજા દીકરા કલજીભાઈ વાલાભાઈ પારગીએ ફતેપુરા પોલીસ સ્ટેશનમાં પોતાના સગા ભાઈ વિરુદ્ધ પિતાની હત્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પિતાના હત્યારા ભાગેડુ પુત્રને ઝડપી પાડવા માટે જુદી જુદી ટીમો બનાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ કરમેલ ગામના નિશાળ ફળિયામાં રહેતા બાબુભાઈ વાલાભાઈ પારગીના લગ્ન લગભગ દસ વર્ષ પહેલાં થયા હતા. જોકે, બાબુભાઈને અતિશય દારૂ પીવાની કુટેવ હોવાના કારણે તે અવારનવાર નશાની હાલતમાં ઘરે આવી પત્ની સાથે મારપીટ અને ઝઘડા કરતો હતો. પતિના આ રોજબરોજના અસહ્ય ત્રાસથી કંટાળીને આખરે પાંચ વર્ષ પહેલાં તેની પત્નીએ તમામ સંબંધો તોડીને કાયદેસરના છૂટાછેડા લઈ લીધા હતા.

પત્ની ઘર છોડીને ચાલી ગયા બાદ બાબુભાઈ બહારગામ મજૂરી અર્થે જતો રહ્યો હતો, પરંતુ તે જ્યારે પણ વતનમાં પોતાના ઘરે આવતો ત્યારે દારૂના નશામાં અંધ બનીને પોતાના વૃદ્ધ માતા-પિતા સાથે ઝઘડો કરતો હતો. 'તમારા કારણે જ મારી પત્ની ઘર છોડીને ગઈ છે' તેવો ખોટો આક્ષેપ કરીને તે વારંવાર વૃદ્ધ માતા-પિતાને શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો.

૧૯ જુલાઈ રોજ પણ બાબુભાઈએ વતન આવીને પોતાના પિતા સાથે ઉગ્ર બોલાચાલી કરી ભારે ઝઘડો શરૂ કર્યો હતો. આ દરમિયાન ગુસ્સા પરનો કાબૂ ગુમાવી બેઠેલા બાબુભાઈએ ઘરમાં પડેલું એક જાડું લાકડું ઉઠાવી લીધું હતું અને પોતાના ૭૦ વર્ષીય વૃદ્ધ પિતા વાલાભાઈ રૂપાભાઈ પારગીના માથાના પાછળના ભાગે પૂરા જોશથી મારી દીધું હતું. માથામાં ગંભીર ઈજા થવાના કારણે વૃદ્ધ પિતા લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. ઘટનાને પગલે દોડી આવેલા પરિવારજનોએ લોહીના ખાબોચિયામાં ગરકાવ થયેલા પિતાને તાત્કાલિક સારવાર અર્થે ફતેપુરાના સરકારી દવાખાને ખસેડ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ગંભીર ઈજાઓને કારણે તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

# દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર, અમદાવાદ ૩૬ ડિગ્રીએ તપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતમાં જુલાઈ મહિનાની શરૂઆતથી વરસાદે દક્ષિણ ગુજરાત પર હેત વરસાવ્યું હોય તેમ લાગી રહ્યું છે. જુલાઈના પહેલા અઠવાડિયામાં પણ દક્ષિણ ગુજરાતમાં સારો એવો વરસાદ નોંધાયો હતો ત્યારે ફરી છેલ્લા ત્રણેક દિવસથી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદી માહોલ છવાયો છે.

સોમવારે વલસાડના પારડીમાં પાંચ ઇંચ વરસાદ નોંધાયો હતો જ્યારે વલસાડ શહેરમાં સાડાચાર ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત નવસારીના ખેરગામમાં ચાર ઇંચ, જલાલપોરમાં ચાર, ગણદેવીમા ત્રણ, ચિખલીમાં ત્રણ અને નવસારી શહેરમાં અઢી ઇંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત વલસાડના વાપી, ઉંમરગામ અને ધરમપુરમાં પણ એકથી બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. સોમવારે રાજ્યના ૧૨૪ તાલુકામાં વરસાદે હાજરી પૂરાવી હતી. જોકે સૌરાષ્ટ્રના અમરેલી, ગીર-ગઢડા, જૂનાગઢ જિલ્લામાં માત્ર વરસાદી ઝાંપટા પડ્યા હતા.

રાજ્યમા સિઝનનો કુલ વરસાદ ૨૭.૨૧ ટકા થયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૩૯.૬૦ ટકા જ્યારે કચ્છમાં સૌથી ઓછો ૩.૪૨ ટકા વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં હાલમાં ૧૨ ડેમ હાઈ એલર્ટ પર છે જ્યારે બે એલર્ટ પર છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

જોકે બીજી બાજુ અમદાવાદ જિલ્લો કોરોધાક રહ્યો છે. અમદાવાદમાં સૌથી વધુ ૩૬ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. વરસાદ ખેંચાતા શહેરમાં બફારો અને અકડામણનો અનુભવ શહેરીજનો કરી રહ્યા છે. અમુક વિસ્તારોમાં સામાન્ય એવા ઝાંપટા સિવાય વરસાદ પડ્યો નથી.

# સોનગઢ ચેકપોસ્ટ પાસે લાકડાચોરોનો પીછો કરતા આરએફઓ બન્યા અકસ્માતનો ભોગ, વન પ્રધાને આપી શ્રદ્ધાંજલિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : તાપી જિલ્લાના સોનગઢ ગામે વન વિભાગની ટીમના એક અધિકારીનું અકસ્માતમાં મોત થયું હતું, તેમની સાથે અન્ય એક યુવાન પણ મોતને ભેટ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. તાપી જિલ્લાના સોનગઢ ચેકપોસ્ટ પાસે અકસ્માત થયો હતો. અકસ્માત અંગે મળતી માહિતી અનુસાર તાપ્તી રેન્જના જંગલમાંથી ગેરકાયદે લાકડાની ચોરી કરી રહેલા ચોરનો પીછો રેન્જ ફોરેસ્ટ ઓફિસર કરી રહ્યા હતા. વન વિભાગને બાતમી મળ્યા બાદ આરએફઓ વિકાસ દેસાઈએ વહેલી સવારે ચારેક વાગ્યે ઑપરેશન શરૂ કર્યું હતું. તેમણે ઉકાઈ તરફથી આવી રહેલી એક ગાડીને રોકવાની સ્ટાફને જણાવ્યું હતું, પરંતુ લાકડાચોર પોતાનું વાહન પુરપાટ ઝડપે લઈ ભાગી નીકળ્યા હતા. વિકાસ દેસાઈએ એક મિનિટ પણ વિચાર ન કરતા ત્યાં હાજર યુવાન સાથે પોતાનું વાહન તેમના વાહન પાછળ હંકારી માર્યું હતું. ફિલ્મી દૃશ્યની જેમ સોનગઢ આરટીઓ ચેકપોસ્ટ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અટચાનક પીછો કરી રહેલી કાર અને લાકડાચોરોની કાર અહીં ઊભેલા એક કન્ટેનર સાથે અથડાઈ હતી અને દેસાઈ તેમ જ તેમની સાથેનો યુવાન રેહાન ગામીત ઘટનાસ્થળે મૃત્યુ પામ્યા હતા.



દેસાઈના મૃત્યુ બાદ વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાએ તેમના પરિવારની મુલાકાત લીધી હતી અને અધિકારીને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ખેરના કીમતી લાકડાની ચોરી કરીને ભાગી રહેલા તસ્કરોની માહિતી મળતા જ રૅન્જ ફોરેસ્ટ ઑફિસર વિકાસ દેસાઈએ ફરજ પ્રત્યેની નિષ્ઠા અને અડગ જવાબદારીભાવ સાથે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. તસ્કરોના વાહનનો પીછો કરતી વખતે થયેલા ગમખ્વાર અકસ્માતમાં તેઓ શહીદ થયા. વન અને પ્રકૃતિના રક્ષણ માટે પોતાના જીવનું બલિદાન આપનાર આવા નીડર અધિકારી સમગ્ર વન પરિવાર માટે હંમેશાં પ્રેરણાસ્રોત બની રહેશે.

આ સમગ્ર ઘટનાની સઘન તપાસ શરૂ કરી હોવાનું જણાવતાં વનમંત્રીએ સ્પષ્ટ કર્યું કે વન સંપત્તિને નુકસાન પહોંચાડતી કોઈ પણ ગેરકાયદે પ્રવૃત્તિ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ સાથે કડક કાર્યવાહી કરવામાં આવશે. સ્વ. વિકાસ દેસાઈ મૂળ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ભાટસર ગામના વતની હતા. ચાર ભાઈ-બહેનમાં તેઓ ત્રીજા સંતાન હતા. અગાઉ તેઓ સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારી તરીકે ફરજ બજાવતા હતા અને ત્રણેક વર્ષથી વન વિભાગમાં જોડાયા હતા. પોતાની પાછળ તેઓ માતા-પિતા, પત્ની અને પાંચ વર્ષના પુત્રને વિલાપ કરતાં છોડી ગયા છે.

# રાજ્યમાં ચાંદીપુરા વાઈરસના કુલ ૬૩ શંકાસ્પદ કેસ નોંધાયાઃ ૧૨ દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતમાં ચાંદીપુરા વાયરસ કેસની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં નોંધાયેલા કેસોની ભૌગોલિક સ્થિતિ, વાયરસના ફેલાવાના કારણો, લેબોરેટરી ટેસ્ટિંગ અને વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા પગલાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

સરકારે આપેલી માહિતી અનુસાર રાજ્યમાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના કુલ ૬૩ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૨ દર્દીના રીપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જેમાંથી ૯ કેસ ગુજરાતના અને ૩ કેસ રાજસ્થાનના દર્દીઓના છે.

આ ઉપરાંત કુલ ૬૩ શંકાસ્પદ કેસોના નમૂનાઓમાંથી ૫ ના પરીક્ષણ પરિણામો પ્રાપ્ત થઈ ચૂક્યા છે અને બાકીના ૮ નમૂનાઓનું પરીક્ષણ પરિણામ આવવાનું હજુ બાકી છે.

હાલમાં નોંધાયેલા પોઝિટિવ કેસો ગુજરાતના પંચમહાલ અને ખેડા જિલ્લામાં ૨, સાબરકાંઠા, મહેસાણા, ભરૂચ, ભાવનગર અને અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં એક કેસ નોંધાયેલા છે.

પ્રફુલ પાનશેરિયાએ બેઠકમાં જણાવ્યું હતું કે, કોઈ ચોક્કસ વિસ્તારમાંથી કેસ નોંધાયા બાદ તે પોકેટમાં સઘન દેખરેખ રાખવી અનિવાર્ય છે. વાયરસના સંક્રમણના સ્રોતને સમજવા માટે દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી અને કેસ હિસ્ટ્રીની ઝીણવટભરી તપાસ કરવા અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે.

અસરગ્રસ્ત વિસ્તારોમાં કાચા અને પાકા મકાનો સહિત હજારો ઘરોને આવરી લઈને વ્યાપક હેલ્થ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે. આ વાયરસના વાહક ગણાતા સેન્ડફ્લાય મચ્છર અને જીવાતોના નિયંત્રણ માટે કાચા મકાનો અને પશુઓની ગમાણની આસપાસના વિસ્તારોમાં ડસ્ટીંગ યુદ્ધના ધોરણે કરવામાં આવી રહ્યો છે. તમામ જિલ્લા મથકોની સિવિલ હોસ્પિટલો અને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં બાળકો માટે આઈ.સી.યુ. બેડ, જરૂરી દવાઓ અને વેન્ટિલેટરની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

આરોગ્ય પ્રધાને જણાવ્યું હતું કે સામાન્ય રીતે ચોમાસા દરમિયાન અને સપ્ટેમ્બર માસ સુધી આ વાયરસની સક્રિયતા વધુ જોવા મળતી હોય છે. આ વાયરસ મુખ્યત્વે નાના બાળકોને અસર કરતો હોવાથી, જો કોઈ બાળકમાં અચાનક તીવ્ર તાવ આવવો, ખેંચ આવવી, ઉલટી-ઝાડા થવા કે બેભાન થવા જેવા લક્ષણો જણાય તો સહેજ પણ સમય બગાડ્યા વિના તુરંત જ નજીકની સરકારી હોસ્પિટલ કે બાળરોગ નિષ્ણાતનો સંપર્ક કરવો. તંત્ર સંપૂર્ણપણે સતર્ક છે અને નાગરિકોને ભયભીત ન થતાં માત્ર સાવચેતી રાખવા અનુરોધ કર્યો હતો.

# પોલીસ પર હુમલો કરવા જતા આણંદનો બળાત્કાર-હત્યાનો આરોપી ઠાર મરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ વાસદની સાડાચાર વર્ષની બાળકીના અપહરણ, બળાત્કાર અને હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા ૨૫ વર્ષીય સુરેશ વિઠ્ઠલભાઈ પરમારનું સોમવારે પોલીસ એન્કાઉન્ટરમાં મોત થયું હતું. આરોપીઓએ તેમના પર હુમલો કર્યો અને કસ્ટડીમાંથી ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે પોલીસે કથિત રીતે સ્વબચાવમાં ગોળીબાર કર્યો હતો, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

પોલીસના કહેવા અનુસાર આરોપીને બોરસદથી કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો અને આણંદ લઈ જવામાં આવી રહ્યો હતો. તે વખતે બે એસ્કોર્ટિંગ કોન્સ્ટેબલ પર તેણે છરી વડે હુમલો કર્યો હતો. આરોપીએ તબિયત ખરાબ હોવાથી વાહન રોકવા કહ્યું હતું. આસોદર અને કંથારિયા વચ્ચેના પુલ પાસે વાહન રોકાયું હતું. તે રોકાતાની સાથે જ આરોપીઓએ કોન્સ્ટેબલ મહિપાલસિંહ અને રાજવીરસિંહ પર ચપ્પુથી હુમલો કર્યો, જેમાં તેમને ગંભીર ઇજા પહોંચી હોવાના અહેવાલો છે. પીએસઆઈ રાણાએ પરમારને વારંવાર કાનૂની ચેતવણીઓ આપી હતી અને તેમને શરણાગતિ સ્વીકારવાનો આદેશ આપ્યો હતો, પરંતુ તેણે હુમલો કરવાનું ચાલુ રાખ્યું હતું. જેના કારણે અધિકારીઓએ સ્વ-બચાવ માટે ગોળીબાર કરવાની ફરજ પડી હતી. ત્યારબાદ તેને કરમસદની શ્રી કૃષ્ણ મેડિકલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. તેનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો અને આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

# ભેદભરમ : સુરતમાં પ્રેમલગ્ન કરનાર દંપતીના મૃતદેહ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ સુરત શહેરના કતારગામ વિસ્તારમાં એક નવદંપતીના રહસ્યમય સંજોગોમાં મૃતદેહ મળી આવ્યા હતા. દંપતીએ એક વર્ષ પહેલા જ પ્રેમલગ્ન કર્યા હતા અને પરિવાર સાથે રહેતા હતા. તેમની પહેલી મેરેજ એનિવર્સરીના બીજા દિવસે જ તેમના મૃતદેહ મળતા પરિવાર આંચકા સાથે શોકગ્રસ્ત થઈ ગયો છે.

આ ઘટનાની વિગતો અનુસાર મૂળ ભાવનગર જિલ્લાનો મહુવા તાલુકાના વતની અને હાલ ડભોલી કિસ્મત કોલોનીમાં રહેતો ૨૩ વર્ષીય અભય ગિરીશભાઈ કાતરીયા લિફ્ટ રીપેરિંગનું કામ કરતો હતો.

અભયે એક વર્ષ પહેલાં ઝારખંડની વતની દિશા મનોજભાઈ આહોજા (ઉં.વ. ૧૯) સાથે પ્રેમલગ્ન કર્યા હતા. દિશા પણ ખાનગી કંપનીમાં કામ કરતી હતી. લગ્ન બાદ બંને પરિવાર સાથે સંયુક્તમાં રહેતા હતા. મળતી વિગતો અનુસાર પરિવાર તેમના લગ્નથી ખુશ હતો.

અભયના માતા-પિતા પણ સફાઈકામ કરતા હતા અને રવિવારે તેઓ કામ પર ગયા હતા. ઘરમાં કોઈ ન હતું ત્યારે આ ઘટના ઘટી હતી. અભયના કાકીએ કોઈ કામસર જ્યારે તેમના ઘરનો દરવાજો ખોલ્યો ત્યારે દિશા જમીન પર બેભાન અવસ્થામાં પડી હતી અને અભયે ગળાફાંસો ખાઈ લીધો હતો. હેબતાઈ ગયેલા કાકીએ આસપાસના લોકોને બોલાવ્યા હતા અને ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ તેમ જ પોલીસ દોડી આવી હતી. બન્નેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. પરિવારના જણાવ્યા અનુસાર શનિવારે તેમની પહેલી મેરેજ એનિવર્સરી હતી અને તેઓ સાથે ફરવા ગયા હતા. તેમના કાકા ઘરે કેક લાવ્યા હતા, પરંતુ શનિવારે થાકી ગયા હોવાથી રવિવારે કેક કાપશું તેમ અભયે કહ્યું હતું. દિશાની માતા દીકરી માટે સોનાની બુટ્ટી ભેટ પણ લાવી હતી. પોલીસ હવે કૌટંમ્બિક વિવાદ, પતિ-પત્ની વચ્ચે ખટરાગ અથવા તો અન્ય કોઈ કારણ જવાબદાર છે કે નહીં તે અંગે તપાસ હાથ ધરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# પાવાગઢમાં નવી સુવિધાઓ બાદ શ્રદ્ધાળુઓની સંખ્યા ચાર વર્ષમાં ૩.૮૪ કરોડને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાત સહિત દેશ-દુનિયાના પ્રવાસીઓ તેમજ માઈભક્ત શ્રદ્ધાળુઓ માટે યાત્રાધામ મહાકાળી મંદિર-પાવાગઢ એક મહત્વનું હૉટ ફેવરેટ હેરિટેજ-રિલીજિયન ટુરિઝમ સ્પૉટ છે. રાજ્ય સરકારે પાવાગઢના સર્વાંગી વિકાસ માટે રૂ. ૩૫૯ કરોડ કરોડથી વધુના ખર્ચે મેગા માસ્ટર પ્લાન સાથે અહીં વિકાસ કાર્યો અને માળખાકીય સુવિધાઓની વણઝાર શરૂ કરી છે. ચાર તબક્કાઓ ધરાવતા મેગા માસ્ટર પ્લાન હેઠળ પાવાગઢમાં મોટાપાયે યાત્રાળુ સુવિધાઓ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ કાર્યો હાથ ધરાયા છે, જેમાં પ્રથમ અને બીજો તબક્કાના કાર્યો પૂર્ણ થઈ ગયા છે.

### ત્રીજા અને ચોથા તબક્કાનું કામ પુરજોશમાં



અગાઉ મંદિર પરિસર ૫૪૫ ચોરસ મીટરનું હતું, જે હવે ત્રણ લેવલમાં ૨૯૮૦ ચોરસ મીટર જેટલું વિશાળ થઈ ગયું છે. સાથે જ પરિસરમાં પાથ-વે પર વીજળીકરણ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત માંચી ચોકથી મંદિર પરિસર સુધી સીડીઓના નવીનીકરણ-વિસ્તૃતીકરણ અંતર્ગત ૩.૦૧ કિલો મીટર પહોળા પાથ-વે સાથે કુલ ૨૩૭૪ સીડીઓનું નર્મિાણ કરવામાં આવ્યું છે.

પાવાગઢના મહાકાળી ધામને ત્રીજો અને ચોથા તબક્કામાં રૂ. ૨૩૮ કરોડ ખર્ચવામાં આવશે. તેમાં રૂ. ૧૪૮ કરોડના ખર્ચ સાથે ત્રીજા તબક્કાને 'ફેઝ-૩એ' અને ફેઝ-૩બી'માં વહેંચવામાં આવ્યો છે. રૂ. ૧૩.૬૮ કરોડની જોગવાઈ ધરાવતા ફેઝ૩-એમાં માંચી ચોકમાં મલ્ટી-લેવલ પાર્કિંગનું કામ પૂર્ણ થયું છે. તે જ રીતે ફેઝ-૩બીમાં રૂ. ૧૩૫.૧૯ કરોડના ખર્ચે ચાંપાનેરમાં આંતરિક-બાહ્ય રસ્તાઓ, પાથ-વે, ઇલેક્ટ્રિફિકેશન, પ્લાન્ટેશન, ૬૦૦થી વધુ સ્કૂટર-કાર માટે વિશાળ પાર્કિંગ, બસ સુવિધાના કાર્યો અને આ ઉપરાંત વડા તળાવ પરિક્ષેત્રમાં ઉદ્યાન, ઘાટ, વૉટર જેટ્ટી, ફૂટઓવર બ્રિજ, થીમ પાર્ક, ચિલ્ડ્રન પ્લે એરિયા, એક્ટિવિટી એરિયા, બર્ડ વોચ ટાવર, ક્રાફ્ટ સ્ટોલ અને ૫૦૦ કાર પાર્કિંગની સુવિધાઓ સામેલ હશે.

દરમિયાન ગત ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ પાવાગઢ પુનરુદ્ધારના ચાર વર્ષ પૂર્ણ થયા છે. પાવાગઢ પુનરુત્થાન બાદ એટલે કે વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૫-૨૬ (૧૮ જૂન, ૨૦૨૬ સુધી) એટલે કે ચાર વર્ષમાં ૩ કરોડ ૮૪ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પાવાગઢની યાત્રાએ પહોંચ્યા. આ પહેલાં ૨૦૧૬-૧૭થી ૨૦૨૧-૨૨ સુધીના પાંચ વર્ષમાં ૨.૩૨ કરોડ શ્રદ્ધાળુઓએ પાવાગઢની યાત્રા કરી હતી. કુલ મળીને ૨૦૧૬-૧૭થી ૨૦૨૫-૨૬ સુધી ૬.૧૭ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ મહાકાળી માતાના મંદિરે દર્શન કરવા પહોંચ્યા. ૨૦૧૬-૧૭માં જ્યાં માત્ર ૩૮.૯૭ લાખ શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા, ત્યાં ૨૦૨૫-૨૬માં આ આંકડો છ ગણો વધીને ૬.૧૭ કરોડથી વધુ પર પહોંચી ગયો છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

# સુરતના નાસિરનગર ડિમોલિશન મામલે કોર્ટે રાજ્ય સરકાર અને મનપાને ઝાટક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ સુરતના નાસિરનગર ડિમોલિશન મામલે સોમવારે થયેલી સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સુરત મનપાને ઝાટક્યા હતા. કોર્ટે જણાવ્યું હતું કે શાસન અને તંત્ર કોર્ટની આંખમાં ધૂળ નાખવાની કોશિશ ન કરે. કોર્ટે એવો સવાલ પણ કર્યો કે આ ગેરકાનૂની કામ માટે નાના સ્તરના અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તો પછી મનપાના વડા અટલે કે કમિશનર સામે પગલા લેવામાં કેમ નથી આવ્યા.

નાસિરનગરમાં થયેલા વિવાદાસ્પદ ડિમોલિશન બાદ ઘર ગુમાવી ચૂકેલા ૨૬ જેટલા પીડિતોએ હાઈકોર્ટમાં કેસ કર્યો હતો.

અગાઉ સુનાવણી દરમિયાન સસ્પેન્ડેડ એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુજલ પ્રજાપતિના પક્ષે કોર્ટમાં જણાવ્યું હતું કે તેમણે પોતાના ઉપરી અધિકારી એટલે કે કમિશનરના આદેશને અનુસરી ડિમોલિશન કર્યું હતું. કોર્ટે તેમના એફિડેવિટની નોંધ લઈ જણાવ્યું હતું કે કમિશનરના સત્તાવાર નંબરથી વાતચીત થઈ હતી. આક્ષેપ કરનાર અધિકારી સસ્પેન્ડેડ છે, પરંતુ તેણે કોર્ટમાં આપેલી એફિડેવિટમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે તેમણે કમિશનરના આદેશથી આ કામગીરી હાથ ધરી હતી. કોર્ટે એવો સવાલ પણ કર્યો કે કોર્ટમાં કોઈ અધિકારી કમિશનર વિરુદ્ધ ખોટી એફિડેવિટ કેવી રીતે ફાઈલ કરી શકે.

જોકે એડવોકેટ જનરલે પ્રજાપતિના દાવાઓને નકાર્યા હતા અને સસ્પેન્ડેડ અધિકારી રોડ વિભાગના છે અને તેમને ડિમોલિશન સાથે કોઈ લેવાદેવા નથી, તેમ જણાવ્યું હતું. કોર્ટે રાજ્ય સરકાર દ્વારા નીમવામાં આવેલી તપાસ સમિતિ વિશે પણ ટીપ્પણી કરતા જણાવ્યું હતું કે સમિતિની રચના સામે કોર્ટનો વિરોધ નથી, પરંતુ સમિતિ કઈ દિશામાં તપાસ કરે છે, તે અંગે સ્પષ્ટતા નથી. આ સાથે કોર્ટે સવાલ કર્યો હતો કે નાના અધિકારીઓ પર આક્ષેપ થાય તો સસ્પેન્ડ કરવામાં આવે છે, પરંતુ કમિશનરનો ખુલાસો કેમ લેવામાં આવ્યો નથી. કોર્ટે એમ પણ કહ્યું હતું કે રાજ્ય સરકાર કોર્ટને કડક નિર્ણયો લેવા પર મજબૂર કરી રહી છે. તેમણે એમ પણ કહ્યું કે મુખ્ય આરોપી જો ઉચ્ચ હોદ્દા પર હોય તો તપાસ નિષ્પક્ષ કરવાનું શક્ય નથી.

સુનાવણી દરમિયાન જ્યારે એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે કમિશનરે ક્યારેય નિયમ વિરુદ્ધ કામ કરવાનો આદેશ નથી આપ્યો ત્યારે કોર્ટે સામો સવાલ કર્યો હતો કે તો પછી કમિશનરને એક ખાનગી વ્યક્તિની પ્રોપર્ટી ખાલી કરાવવામાં આટલો બધો અંગત રસ કેમ જાગ્યો હતો. કોર્ટે એમ પણ કહ્યું હતું કે ૧૫૦ જણને બેઘર કરવામાં આવ્યા છે. હવે તેમના પુનર્વસનનો ખર્ચ રાજ્યની તિજોરીમાંથી, જનતાના ટેક્સના પૈસામાંથી નહીં પરંતુ દોષીત અધિકારીઓના પગાર કે મિલકતમાંથી વસૂલવામાં આવે.

# વડોદરાની એમ. એસ. યુનિ.માં સોનમ વાંગચૂકના સમર્થનમાં વિદ્યાર્થીઓના ધરણા, અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હીના જંતર-મંતર ખાતે સોનમ વાંગચુકના સમર્થનમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો દ્વારા ધરણા-પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે. ૨૦ જુલાઈના રોજ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ વિશાળ વિદ્યાર્થી રેલી અને શાંતિપૂર્ણ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ કેન્દ્રિય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી હતી. કાયદો અને વ્યવસ્થાના કારણોથી પોલીસે કેટલાક વિદ્યાર્થીઓની અટકાયત પણ કરી હતી.

વિદ્યાર્થીઓના શાંતિપૂર્ણ ધરણા અંગે વિદ્યાર્થી નેતા નિખિલ સોલંકીએ જણાવ્યું હતું કે, આજે એમ. એસ. યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટીથી લઈને ડી. એન. હોલ પાસે એક વિદ્યાર્થી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા છે. છેલ્લા ૨૦ દિવસથી સોનમ વાંગચુક વિદ્યાર્થીઓના હિત માટે ભૂખ હડતાલ પર બેઠા છે, છતાં પણ સરકારના પેટનું પાણી નથી હલતું. અત્યાર સુધી સરકાર તરફથી તેમની સાથે કોઈ વાતચીત કરવામાં આવી નથી. તમે જુઓ કે આ સરકારના શાસનમાં ૭૦થી પણ વધારે પેપરો લીક થયા છે. આ તો માત્ર એક સત્તાવાર આંકડો છે, બાકી બિન-સત્તાવાર રીતે કેટલાય પેપરો લીક થયા હશે. જ્યારે વિદ્યાર્થીઓના અવાજને દબાવવામાં આવી રહ્યો હોય, ત્યારે એમ. એસ. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ભેગા થઈને પોતાનો અવાજ બુલંદ કરી રહ્યા છે. જ્યાં લોકશાહીનું હનન થતું હોય તેવું લાગી રહ્યું છે, એટલા માટે જ આજે આ એક વિદ્યાર્થી રેલીનું આયોજન કરાયું છે. આ એક બિન-રાજકીય કાર્યક્રમ હતો અને તેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.

વડોદરા સાથે અમદાવાદ, સુરત, ભાવનગર અને જૂનાગઢ સહિત ઘણા શહેરોમાં યુવાનોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. અમદાવાદ એમજે લાયબ્રેરી પાસે વિરોધ કરવા આવેલાની અમુક યુવાનોની પોલીસે અટકાયત કરી હતી. સુરતમાં પણ યુવાનોએ વિરોધ નોંધાવ્યો હતો.